

પેજ-08
જાહ્નવી કપૂરની નવી તમિલ સિરીઝ 'કુરાથી' નેટફ્લિક્સ પર મચાવશે ધમાકો

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
આઈપીએલ 2027 માટે હાર્દિક પંડ્યા પર પાંચ ટીમોની નજર



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 29.00 | 27.00 |
| વડોદરા | 29.00 | 27.00 |
| સુરત | 28.00 | 26.00 |

પેજ 5

અમેરિકામાં ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના લાંચ અને ...

12 AUGUST-2026 WEDNESDAY

ટ્રમ્પે કેટરિંગ ટ્રકમાં છુપાઈને પ્લેન બદલવું પડ્યું

પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 78154.25 ▼ | 388.19 |
| નિફ્ટી | 24471.70 ▼ | 112.10 |
| સોનું | 154350.00 ▲ | 1251.00 |
| ચાંદી | 236688.0 ▼ | 179.00 |

વર્ષ-15 । અંક-269 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## 3 દિવસમાં બીજી ઘટના; હલીસહરમાં કાર પર પથ્થર-કાદવ ફેંક્યા હતા

# મમતા બેનર્જીને જોઈને લોકોએ 'ચોર-ચોર' બૂમો પાડી



કોલકાતા | મંગળવારે કોલકાતામાં પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના કાર્યક્રમમાં કેટલાક લોકોએ "ચોર, ચોર"ના નારા લગાવ્યા. મમતા સાથે 3 દિવસમાં બનેલી આ બીજી ઘટના છે. રવિવારે હલીસહરમાં પણ મમતાને લોકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો.

**મમતા નેતાજીની પ્રતિમા પર શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા :** મમતા નોર્થ કોલકાતાના શ્યામબજાર ફાઈવ-પોઈન્ટ ક્રોસિંગ પર પહોંચ્યા હતા. તેમના હાથમાં સ્વતંત્રતા સેનાની ખુદીરામ બોઝનો ફોટો હતો. આ દરમિયાન તેમણે નેતાજીની પ્રતિમા પર પણ ફૂલ ચઢાવ્યા. આ કાર્યક્રમ ભાજપના રાજ્યસભા સાંસદ નાગેન્દ્ર રોયની ટિપ્પણીના વિરોધમાં આયોજિત કરવામાં આવ્યો હતો. રોયને લોકો અનંત મહારાજ તરીકે પણ ઓળખે છે.મમતાએ કહ્યું કે બંગાળમાં અરાજકતા ફેલાઈ ગઈ છે. પોલીસ ભાજપના કાર્યકરોની જેમ કામ કરી રહી છે.

**ભાજપના સાંસદે નેતાજીને વોર ક્રિમિનલ કહ્યા હતા :** નાગેન્દ્ર રોયે નેતાજીને વોર ક્રિમિનલ ગણાવ્યા હતા. તેમણે નેતાજીના નેતૃત્વ પર સવાલો ઉઠાવ્યા અને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં આઝાદ હિંદ ફોજની ભૂમિકા પર પણ શંકા વ્યક્ત કરી હતી. પશ્ચિમ બંગાળ ભાજપના નેતાઓએ આ નિવેદનોથી પોતાને અલગ કરી લીધા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે રોયની ટિપ્પણી સંપૂર્ણપણે અંગત હતી અને પાર્ટી ન તો તેનું સમર્થન કરે છે, ન તો તેને માને છે. TMCએ આ ટિપ્પણીઓને બંગાળના રાષ્ટ્રવાદી વારસા અને નેતાજીની રાજકીય ઓળખ પર હુમલો ગણાવ્યો. પાર્ટીએ પોતાને નેતાજીના વારસાના રક્ષક તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

**હલીસહરમાં પણ મમતાના કાફલાને ઘેરવામાં આવ્યો હતો** આ પહેલા 9 ઓગસ્ટે પણ મમતા બેનર્જીએ પોતાના પર હુમલાનો દાવો કર્યો હતો. મમતા નોર્થ 24 પરગણા જિલ્લાના હલીસહરમાં TMC કાર્યકર્તાના પરિવારને મળવા ગયા હતા. આ તે જ કાર્યકર્તા હતો, જેના પોલીસ કસ્ટડીમાં મૃત્યુનો આરોપ લગાવવામાં આવી રહ્યો હતો.જ્યારે મમતા, કાર્યકર્તાના ઘરે પહોંચ્યા ત્યારે પ્રદર્શનકારીઓએ તેમની ગાડીને ઘેરી લીધી હતી અને "ચોર-ચોર"ના નારા લગાવ્યા હતા.

**શ્યામબજારમાં લોકોએ સૂત્રોચ્ચાર કર્યા :** શ્યામબજારમાં જ્યારે કાર્યક્રમ ચાલી રહ્યો હતો, ત્યારે કેટલાક લોકો ત્યાં એકઠા થઈ ગયા. તેમણે મમતા બેનર્જીને નિશાન બનાવતા "ચોર-ચોર"ના નારા લગાવવાનું શરૂ કર્યું. TMCનો આરોપ છે કે ભાજપ સમર્થિત લોકોએ જાણી જોઈને શ્યામબજારમાં પ્રદર્શન કરાવ્યું. પાર્ટી મુજબ, તેનો હેતુ કાર્યક્રમને રોકવાનો અને મમતા બેનર્જીનું અપમાન કરવાનો હતો. મમતા બેનર્જીએ પોતાના ભાષણમાં ધ્યાન સ્વતંત્રતા આંદોલન પર કેન્દ્રિત રાખવાનો પ્રયાસ કર્યો. તેમણે નેતાજી, મહાત્મા ગાંધી અને માતંગિની હાજરાનો ઉલ્લેખ કર્યો.

## સોનિયાએ કહ્યું- મનમોહન સિંહને ઈતિહાસ સન્માનથી યાદ કરશે

● કોલસા કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટની ક્લીનચીટ બાદ મોદી સરકાર પર નિશાન સાધ્યું

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટ તરફથી પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને કોલસા બ્લોક ફાળવણી કેસમાં ક્લીનચીટ મળ્યાના થોડા દિવસો પછી, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું.સોનિયાએ મંગળવારે ધ ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત પોતાના લેખમાં લખ્યું કે મનમોહન સિંહની ઈમાનદારી અને જવાબદારીનો રેકોર્ડ મોદી સરકારના કામ કરવાની રીતથી બિલકુલ અલગ છે. ઈતિહાસ તેમને શાંત, સરળ, પરંતુ દેશના સૌથી પ્રભાવશાળી વડાપ્રધાનોમાંથી એક તરીકે સન્માનથી યાદ કરશે.સોનિયાએ આગળ કહ્યું, 'તેમની વિરુદ્ધ લોબી અભિયાન સુનિયોજિત અને સંગઠિત હતું. તેમાં અમલદારશાહીથી લઈને મીડિયા, ન્યાયપાલિકા, સિવિલ સોસાયટી અને નિશ્ચિતપણે RSS અને BJP સુધીના લોકો સામેલ હતા. આજે તેમનું ખોટું અભિયાન તેના નિર્ધારિત અંત એટલે કે શૂન્ય પર પહોંચી ગયું છે. ડો. સિંહ દરેક મામલે નિર્દોષ સાબિત થયા છે.'

**29 જુલાઈનો નિર્ણય રાજકીય ઈતિહાસમાં મહત્વપૂર્ણ ગણાવ્યો :** સોનિયા ગાંધીએ કહ્યું કે 29 જુલાઈ, 2026 ભારતના તાજેતરના રાજકીય ઈતિહાસનો એક મહત્વપૂર્ણ, પરંતુ અવગણના કરાયેલો દિવસ હતો. આ દિવસે સુપ્રીમ કોર્ટે કથિત કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં ડો. મનમોહન સિંહને CBIની ક્લીન ચિટ યથાવત રાખી.

## News Brief

### ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગ પર સરકારે મારી બ્રેક: 'ફ્લેશ પોઈન્ટ' બન્યું મોટું જોખમ!

(એજન્સી) નવી દિલ્હી | તા 11

ડીઝલમાં ઈથેનોલ મિશ્રણનો પ્રસ્તાવ હાલ પૂરતો મુલતવી રખાયો છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી કે, સરકારી ઓઈલ કંપનીઓના સંશોધનમાં ઈથેનોલ ભેળવવાથી ડીઝલનો 'ફ્લેશ પોઈન્ટ' ઘટતો હોવાનું જણાયું, જે સુરક્ષા માટે જોખમી છે. પેટ્રોલિયમ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ રાજ્યસભામાં જણાવ્યું કે, પરીક્ષણ બાદ સુરક્ષાના કારણોસર આ નિર્ણય લેવાયો છે. પેટ્રોલમાં E20 મિશ્રણ ચાલુ રહેશે અને તે સુરક્ષિત છે. જે ઈથેનોલને પેટ્રોલમાં ભેળવીને ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા અને પ્રદૂષણ ઓછું કરવા માટે મોટું કદમ માનવામાં આવતું હતું, તે જ ઈથેનોલ ડીઝલમાં ભળતા જ સુરક્ષા સામે સવાલો ઊભા થઈ ગયા છે. E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે કેન્દ્ર સરકારે ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગને લઈને મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં ડીઝલમાં ઈથેનોલ ભેળવવામાં નહીં આવે. ડીઝલમાં ઈથેનોલના ટેસ્ટિંગ બાદ સુરક્ષાના કારણોસર આ યોજનાને હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે. પેટ્રોલિયમ અને



નૈસર્ગિક ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ રાજ્યસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે સરકારી ઓઈલ કંપનીઓએ પોતાના રિસર્ચ સેન્ટરો, ઓટોમોબાઈલ કંપનીઓ અને સર્ટિફાઈડ લેબ્સ સાથે મળીને ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગનું પરીક્ષણ કર્યું હતું. આ તપાસમાં સામે આવ્યું કે ઈથેનોલ ભેળવવાથી ડીઝલનો 'ફ્લેશ પોઈન્ટ' (Flash Point) નોંધપાત્ર રીતે નીચો જતો રહે છે, જેના કારણે ઈથેનોલ-બ્લેન્ડેડ ડીઝલ નક્કી કરેલા સુરક્ષા ધોરણો પર ખરું ઊતરી શક્યું નથી.ફ્લેશ પોઈન્ટ એ કોઈપણ બળતણની સુરક્ષા સાથે જોડાયેલો એક અત્યંત મહત્ત્વનો પેરામીટર છે. સરળ ભાષામાં કહીએ તો, ફ્લેશ પોઈન્ટ એ લઘુત્તમ તાપમાન છે જેના પર ઈંધણમાંથી નીકળતી વરાળ હવામાં ભળીને બહારના કોઈ તણખા કે આગના સંપર્કમાં આવતા જ સળગી શકે છે. ફ્લેશ પોઈન્ટ જેટલો નીચો હશે, ઈંધણ એટલી જ ઝડપથી આગ પકડી લેશે. ડીઝલના સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને ટેન્કરોમાંથી હેન્ડલિંગ દરમિયાન આનાથી આગ લાગવાનું મોટું જોખમ ઊભું થઈ શકે છે. પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા અંગે સ્પષ્ટતા કરતા સરકારે કહ્યું કે, હાલમાં પેટ્રોલમાં 20%થી વધુ ઈથેનોલ (E20) ભેળવવાનો કોઈ નિર્ણય લેવાયો નથી.

સોનિયા ગાંધીનો કટાક્ષ: 'હવે પીએમ મોદી ખુદને પણ માફ કરી શકે છે'

## કોલસા કૌભાંડ મામલે પૂર્વ PM મનમોહન સિંહને મળી મોટી રાહત અને ક્લિનચીટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને કોલસા બ્લોક ફાળવણી કેસમાં ક્લીન ચિટ આપી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ તેમની પ્રશંસા કરતા કહ્યું કે, ઈતિહાસ તેમને શાંત, સરળ અને અત્યંત પ્રભાવશાળી વડાપ્રધાન તરીકે યાદ રાખશે. સોનિયા ગાંધીએ PM મોદી પર કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગનો આરોપ લગાવ્યો હતો. કોલસા બ્લોક ફાળવણી કેસમાં સુપ્રીમ કોર્ટ તરફથી પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને ક્લીન ચિટ મળ્યા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ તેમના સરાહનીય કાર્યો અને પ્રામાણિકતાની મુક્તમને પ્રશંસા કરી છે. સોનિયા ગાંધીએ મનમોહન સિંહના કાર્યકાળની સિદ્ધિઓને યાદ કરતા પીએમ મોદી અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઈતિહાસ ડૉ. મનમોહન સિંહને એક શાંત, સરળ અને અત્યંત પ્રભાવશાળી વડાપ્રધાન તરીકે હંમેશાં યાદ રાખશે. સોનિયા ગાંધીએ એક લેખમાં જણાવ્યું હતું કે, '29 જુલાઈ, 2026 આપણા તાજેતરના રાજકીય ઈતિહાસનો એક અત્યંત મહત્ત્વપૂર્ણ દિવસ હતો. તે દિવસે સુપ્રીમ કોર્ટે કથિત કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં CBI દ્વારા ડૉ. મનમોહન સિંહને આપવામાં આવેલી ક્લીન ચિટને બહાલ રાખી હતી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે નીચલી અદાલતને પણ ફટકાર લગાવી હતી, જેણે સીબીઆઈની ક્લોઝર રિપોર્ટને ફગાવીને પૂર્વ વડાપ્રધાન સામે આધારવિહીન ટિપ્પણીઓ કરી હતી.

લાઠીચાર્જ અને ગોળીઓ છોડવાના મુદ્દે ભારે હોબાળો

## વિદ્યાર્થી આંદોલન મુદ્દે ગૃહમંત્રી અમિત શાહ સંસદમાં જવાબ આપશે : રિજિજૂ

નવી દિલ્હી : સંસદમાં વિદ્યાર્થીઓ પર જંતર-મંતરના પ્રદર્શનો દરમિયાન થયેલા લાઠીચાર્જ અને ગોળીઓ છોડવાના મુદ્દે ભારે હોબાળો થયો હતો. તેના કારણે સંસદની કાર્યવાહી ખોરવાઈ હતી. લોકસભામાં સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષોને સંસદસત્ર ચાલવા દેવાની અપીલ કરી હતી, પરંતુ વિપક્ષોએ પીએમ મોદી અને અમિત શાહના જવાબની માગણી શરૂ રાખતા કામકાજ થયું ન હતું. વિપક્ષોના હોબાળા વચ્ચે સંસદીય કાર્યમંત્રી કિરન રિજિજૂએ કહ્યું હતું કે અમિત શાહ સંસદમાં



વિદ્યાર્થી આંદોલન મુદ્દે બોલશે, પરંતુ વિપક્ષોએ સાંભળવું પડશે. કિરન રિજિજૂએ જણાવ્યું હતું કે સરકાર વિદ્યાર્થીઓના પ્રદર્શન મુદ્દે સંસદમાં ચર્ચા કરવા તૈયાર છે. અમિત શાહ આ ચર્ચાનો જવાબ આપશે, પરંતુ તે માટે વિપક્ષોએ તેમની વાત સાંભળવી પડશે. આગામી ત્રણ દિવસ સંસદગૃહોમાં શું કાર્યવાહી થશે તેના આયોજન માટે વિવિધ પાર્ટીના સભ્યો સાથે બેઠક કર્યા બાદ રિજિજૂએ આ જાહેરાત કરી હતી. બેઠકમાં વિપક્ષો વતી ગૃહમંત્રી અમિત શાહ વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર બાબતે જવાબ આપે તેવી ડિમાન્ડ થઈ હતી. વિપક્ષોએ મુદ્દો ઉઠાવ્યો હતો કે સંસદભવન કોમ્પ્લેક્ષમાં ગૃહમંત્રી આવતા હોવા છતાં સંસદગૃહમાં હાજર રહેતા નથી. તેમણે જવાબ આપવા હાજર થવું જોઈએ. દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે અમિત શાહ સંસદમાં સાધારણ ટોપિકમાં ભાષણ આપે તે દેશને સાંભળવું નથી. વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને ફાઈરિંગ સહિતના અત્યાચારનો આદેશ કોણે આપ્યો તે જણાવે. રાહુલ ગાંધીએ ઉમેર્યું કે પીએમ મોદી અને અમિત શાહમાં ૧૫ દિવસ થયા છતાં ગૃહમાં આવવાની હિંમત નથી. તેમણે ગૃહમાં હાજર રહીને દેશને જવાબ આપવો જોઈએ. જો વિદ્યાર્થીઓ પર ગૃહમંત્રી અમિત શાહે લાઠીચાર્જનો આદેશ આપ્યો નથી તો કોણે આપ્યો એ જાણવાનો દેશને અધિકાર છે.

### વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અને રામ મંદિર દાન ચોરીના મુદ્દે વિપક્ષ અડગ, મલ્લિકાર્જુન ખડગેનું નિવેદન

નવી દિલ્હી: કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વિપક્ષનું વલણ બિલકુલ બદલાયું નથી અને તે પોતાના ત્રણ મુખ્ય મુદ્દાઓ પર મક્કમ છે. વિપક્ષે સરકાર સમક્ષ ૨૦ જુલાઈએ વિદ્યાર્થીઓ પર કથિત પોલીસ કાર્યવાહી, રામ મંદિર દાન ચોરી (ચંદા ચોર) નો મામલો અને આ મુદ્દે સરકાર દ્વારા માફી માંગવાની માંગ મુખ્યરૂપે ઉઠાવી છે. ખડગેએ આરોપ લગાવ્યો હતો કે આ મામલે સરકાર સંસદમાં સત્તાવાર નિવેદન આપવાથી બચી રહી છે અને જ્યાં સુધી આ પ્રશ્નોના યોગ્ય ઉકેલ નહીં આવે ત્યાં સુધી વિપક્ષ આ મુદ્દાઓને સતત ઉઠાવતો રહેશે.પત્રકારો સાથે વાતચીત કરતા ખડગેએ કહ્યું, "અમે અમારું લક્ષ્ય બદલ્યું નથી. શરૂઆતથી જ અમારી સ્થિતિ એકસમાન રહી છે અને અમારી પાસે ત્રણ ચોક્કસ મુદ્દાઓ છે." વિદ્યાર્થીઓ પર થયેલી લાઠીચાર્જ અને ગોળીબારની ઘટનાનો ઉલ્લેખ કરતા તેમણે સવાલ કર્યો કે આના આદેશો કોણે આપ્યા હતા અને આ ઘટના કેવી રીતે બની? તેના પર ગૃહમાં સ્પષ્ટ નિવેદન આપવામાં આવે.

આંદોલન હવે અન્ય રાજ્યોમાં ફેલાવા લાગ્યું

## ઝારખંડ વિધાનસભામાં જેન-ઝીનો આક્રમક ઘેરાવો

રાંચી : શિક્ષણમાં સુધારા માટે દિલ્હીના જંતર મંતરેથી જે આંદોલન શરૂ થયું હતું તે હવે અન્ય રાજ્યોમાં પણ ફેલાવા લાગ્યું છે. ઝારખંડમાં હજારો યુવાનોએ પરીક્ષા પ્રક્રિયામાં સુધારા સહિતની માગ સાથે વિધાનસભા તરફ રેલી કાઢી હતી. તેમને રોકવા સાત લેયરમાં બેરિકેડ લગાવાયા હતા, સાથે જ વોટર કેનન, આંસુ ગેસ શેલિંગ, લાઠીચાર્જ જેવો બળ પ્રયોગ કરાયો હતો. જોકે તેમ છતા યુવાનો વિધાનસભા સુધી પહોંચી ગયા હતા અને ત્યાં જ ધરણા પર બેસી ગયા હતા. ઝારખંડમાં જેપીએસસી, જેએસએસસી ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિને લઈને યુવાનો એક મહિનાથી વધુ સમયથી આંદોલન ચલાવી રહ્યા છે. રાજધાની રાંચીમાં અનેક યુવાનો દ્વારા ઉપવાસ પણ કરવામાં આવ્યા. જ્યારે દિલ્હીના આંદોલનની સ્ટાઈલમાં બાદમાં આંદોલનકારી યુવાનોએ વિધાનસભાનો ઘેરાવ કરવા માર્ચ કાઢી હતી. સોમવારે આ માર્ચ દરમિયાન ભારે લાઠીચાર્જ, વોટન કેરન, આંસુ ગેસ શેલિંગ થયું જે દરમિયાન અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. યુવાનોને રોકવા માટે કાંટાના તાર સાથે બેરિકેડ ખડકી દેવાયા હતા. ભુખ હડતાળ કરનારા યુવાનો પણ પણ વિધાનસભા ઘેરાવમાં જોડાયા હતા.રાજ્ય સરકારે ખાતરી આપી છે કે યુવાનોની માગણીઓ સ્વીકારવામાં આવશે, જવાબદાર લોકો સામે કાર્યવાહી થશે. જોકે યુવાનો સમગ્ર તપાસ સીબીઆઈને સોંપવાની અને ગેરરીતિ આચરાઈ તે પરીક્ષાઓ રદ કરવાની માગણી કરી રહ્યા છે. તમામ અવરોધોને પાર કરીને આંદોલનકારી યુવાનો ઝારખંડ વિધાનસભાના સંકુલમાં પ્રવેશી ચુક્યા હતા. જેને પગલે વિધાનસભામાં જે કાર્યવાહી ચાલી રહી હતી તેને સ્થગીત કરી દેવામાં આવી હતી. વિદ્યાર્થીઓ બાદમાં વિધાનસભાની પાસે જ રાત્રે ધરણા પર બેસી ગયા હતા. આ દરમિયાન પોલીસ દ્વારા આંદોલનકારીઓને વિધાનસભાના સંકુલમાંથી બહાર કાઢવા પ્રયાસો હાથ ધરાયા હતા.જોકે આ આંદોલનને લઈને રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પોલીસ દ્વારા યુવાનો પર લાઠીચાર્જ કે બળ પ્રયોગનો વિરોધ કર્યો હતો, રાહુલે કહ્યુ હતું કે ઝારખંડમાં આંદોલન કરી રહેલા યુવાનો પર બળ પ્રયોગ કરવો અયોગ્ય છે, વિદ્યાર્થીઓને આંદોલન કરવાનો અધિકાર છે, તેમની સાથે વાતચીતથી જ નિરાકરણ આવશે.

### રિફ્લેક્શન ઓફ ઈન્ડિયા": દિલ્હીમાં ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા CM રેખા ગુપ્તાની જાહેરાત

નવી દિલ્હી: દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ મંગળવારે જાહેરાત કરી હતી કે દિલ્હી સરકાર રાષ્ટ્રીય રાજધાનીને માત્ર પ્રવાસીઓ માટે એક સામાન્ય ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે નહીં, પરંતુ ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવાસન (Spiritual and Religious Tourism) માટેના એક અગ્રણી ગંતવ્ય સ્થાન તરીકે પ્રદર્શિત કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. નવી દિલ્હી ખાતે યોજાયેલી 'સ્પિરિચ્યુઅલ એન્ડ હેરિટેજ ટૂરિઝમ કોન્ક્લેવ ૨૦૨૬' (Spiritual and Heritage Tourism Conclave 2026) ને સંબોધિત કરતા મુખ્યમંત્રીએ દિલ્હીને સમગ્ર દેશનો એક "સૂક્ષ્મબ્રહ્માંડ" (microcosm) ગણાવ્યું હતું, જ્યાં દરેક રાજ્યની પરંપરાઓ અને સંસ્કૃતિઓ એકબીજામાં ભળી જાય છે.મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "વર્તમાન દિલ્હી સરકાર આ શહેરને દેશ અને દુનિયા સમક્ષ પ્રદર્શિત કરવા માંગે છે. અમારો ચોક્કસ ઉદ્દેશ્ય અહીં ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવાસનને વેગ આપવાનો છે. આપણે બધા જાણીએ છીએ કે લોકો અક્ષરસઃ દિલ્હીને માત્ર એક ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે જ માને છે.

ઝારખંડ મુદ્દે એનડીએ સાંસદોનો માર્ચ અને પ્રિયંકા ગાંધીનો કટાક્ષ

## 'રાહુલ ગાંધી શરમ કરો'ના નારા લગાવતા ભાજપ સાંસદને પ્રિયંકા ગાંધીએ સ્મિત સાથે આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 11

સંસદના ચોમાસુ સત્રના છેલ્લા અઠવાડિયે પણ સરકાર અને વિપક્ષ વચ્ચેનો મડાગાંઠ યથાવત છે. મંગળવારે સંસદ પરિસરમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી અને ભાજપ સાંસદ મુકેશ દલાલ વચ્ચે તીખી શાબ્દિક બોલાચાલી થઈ હતી. ભાજપ સાંસદ 'રાહુલ ગાંધી શરમ કરો'ના નારા લગાવતા ઝારખંડ મુદ્દે રાહુલ ગાંધીનો જવાબ માંગતા હતા. પ્રિયંકા ગાંધીએ સ્મિત સાથે જવાબ આપ્યો કે રાહુલ ગાંધીએ ઝારખંડના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી લીધી છે.

સંસદના ચોમાસુ સત્રના છેલ્લા અઠવાડિયામાં પણ સરકાર અને વિપક્ષ વચ્ચેનો મડાગાંઠ કે વિવાદ ઉકેલાયો નથી અને સ્થિતિ જસની તસ બનેલી છે. મંગળવારે સંસદ પરિસરમાં બંને પક્ષના સાંસદો સામસામે આવી જતા વાતાવરણ ગરમ થઈ ગયું હતું અને તેમની વચ્ચે તીખી બહસ થઈ હતી. આ દરમિયાન કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી અને ભાજપ સાંસદ મુકેશ દલાલ પણ આમને-સામને આવી ગયા હતા, જ્યાં તેમની વચ્ચે પણ શાબ્દિક બોલાચાલી જોવા મળી હતી.પ્રિયંકા ગાંધી જ્યારે સંસદ ભવન તરફ જઈ રહ્યા હતા, ત્યારે ભાજપના સાંસદ મુકેશ દલાલે 'રાહુલ ગાંધી શરમ કરો, શરમ કરો'ના નારા લગાવવાનું શરૂ કર્યું હતું. તેમના હાથમાં ઝારખંડના વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર મામલે રાહુલ ગાંધી જવાબ આપે તેવા લખાણવાળા પોસ્ટરો હતા. આ વિરોધ સામે પ્રિયંકા ગાંધીએ સ્મિત સાથે જવાબ આપ્યો કે, રાહુલ ગાંધીએ ઝારખંડના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી લીધી છે અને તેટલું કહીને તેઓ આગળ વધી ગયા હતા.આ ઘટના બાદ ભાજપ સાંસદ મુકેશ દલાલે સવાલ ઉઠાવતા કહ્યું કે, 'રાહુલ ગાંધીએ ઝારખંડનો પ્રવાસ ક્યારે કર્યો? રાહુલ ગાંધી અને કેજરીવાલ ઝારખંડ જવાની હિંમત કેમ નથી કરતા? પ્રિયંકા ગાંધીએ મને કહ્યું કે રાહુલ ગાંધી આ વિષય પર કામ કરી રહ્યા છે, તેથી જ મેં તેમને પૂછ્યું કે રાહુલ ગાંધી પોતે ઝારખંડ કેમ ન ગયા.'વાસ્તવમાં, દિલ્હીમાં Gen Zના આંદોલન દરમિયાન થયેલા લાઠીચાર્જ અને રામ મંદિર દાન ચોરીના મુદ્દે વિપક્ષ ગૃહમંત્રી અમિત શાહ પાસે જવાબની માંગ કરી રહ્યો છે. વિપક્ષના હંગામાના કારણે ગૃહની કામગીરી સતત ખોરવાઈ રહી છે. બીજી તરફ, સરકારે સ્પષ્ટ કર્યું છે કે અમિત શાહ જવાબ આપવા તૈયાર છે, પરંતુ વિપક્ષે તેમને સાંભળવા પડશે અને ચર્ચામાં ભાગ લેવો પડશે. આમ છતાં સંસદમાં અવરોધ ઉકેલાયો નથી.હવે ભાજપના નેતાઓ પણ ઝારખંડમાં વિદ્યાર્થીઓના આંદોલન પર થયેલા લાઠીચાર્જના મુદ્દે વિપક્ષને ઘેરી રહ્યા છે. સત્તાપક્ષનો આરોપ છે કે વિપક્ષી નેતાઓ આ મુદ્દા પર કેમ મૌન છે? NDAના સાંસદોએ આજે આ બાબતે સંસદ પરિસરમાં માર્ચ કાઢી હતી.

હિંગોળીથી થશે અભિયાનનો પ્રારંભ: 80મા સ્વતંત્રતા દિન પર સવાલ

## કોકરોચ જનતા પાર્ટીની નવી જાહેરાત: 15 ઓગસ્ટથી સરકારી શાળાઓ માટે શરૂ થશે રાષ્ટ્રવ્યાપી 'સરપંચ ચેલેન્જ'

(એજન્સી) નવી દિલ્હી | તા 11

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ 15 ઓગસ્ટથી દેશભરની ગ્રામીણ સરકારી શાળાઓ સુધારવા રાષ્ટ્રવ્યાપી અભિયાનની જાહેરાત કરી છે. તેઓ મહારાષ્ટ્રના હિંગોળીથી આ પહેલ શરૂ કરશે. વાલીઓને શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનું 'સોશિયલ ઓડિટ' કરવા અને સરપંચોને 'સરપંચ ચેલેન્જ' હેઠળ વિકાસ માટે આગળ આવવા અપીલ કરાઈ છે. CJP યુવા આંદોલન તરીકે કામ કરશે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ દેશના ગ્રામીણ વિસ્તારોની સરકારી શાળાઓની સ્થિતિ સુધારવા માટે એક મોટા રાષ્ટ્રવ્યાપી અભિયાનની જાહેરાત કરી છે. તેમણે ગ્રામજનો અને વાલીઓને પોતાના બાળકોની શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનું 'સોશિયલ ઓડિટ' કરવાની અપીલ કરી છે, સાથે જ ગામના સરપંચોને શાળાઓના વિકાસ માટે આગળ આવવા આહ્વાન કર્યું છે. CJPનું આ ખાસ અભિયાન સ્વતંત્રતા દિવસના અવસરે 15 ઓગસ્ટથી શરૂ થશે. આ પક્ષે નાગરિકો, વાલીઓ અને સ્થાનિક જનપ્રતિનિધિઓને એકજૂથ થઈને



ગ્રામીણ શિક્ષણ વ્યવસ્થાની ખામીઓને દૂર કરવા માટે અપીલ કરી છે.અભિજીત દીપકેએ એક વીડિયો જાહેર કરીને જણાવ્યું કે તેઓ પોતે મહારાષ્ટ્ર સ્થિત પોતાના ગામ હિંગોળીથી આ પહેલની શરૂઆત કરશે અને ગામના સરપંચને મળીને સરકારી શાળાને વધુ સારી બનાવવાની વિનંતી કરશે. તેમણે ભારપૂર્વક કહ્યું, "આવનારી 15 ઓગસ્ટ આપણો 80મો સ્વતંત્રતા દિવસ છે, પરંતુ છેલ્લા 80 વર્ષોમાં જો કોઈ બાબતની સૌથી વધુ ઉપેક્ષા થઈ હોય તો તે આપણા ગામડાઓની સરકારી શાળાઓ છે. આપણે સંસદનું નવું ભવન બનાવ્યું, નવું પીએમ આવાસ બનાવ્યું, પણ ગામડાઓમાં નવી શાળાઓ કેમ ન બનાવી શક્યા? શું આપણે ખેડૂતો અને મજૂરોના બાળકોને દેશનું ભવિષ્ય નથી માનતા? આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને લાંબી મજલ કાપીને શાળાએ જવું પડે છે, જ્યાં પીવાનું પાણી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ પણ હોતી નથી, જેનાથી સૌથી વધુ હાલાકી વિદ્યાર્થીનીઓને ભોગવવી પડે છે.'

આ અભિયાન અંતર્ગત CJPએ દેશભરના સરપંચોને પોતાના ગામની શાળાઓની સ્થિતિ સુધારવા માટે ખાસ અપીલ કરી છે, જેને 'સરપંચ ચેલેન્જ' નામ આપવામાં આવ્યું છે. આ યોજના હેઠળ જે પણ સરપંચ પોતાના ગામની શાળાની સ્થિતિમાં સુધારો કરશે, તેના કામની 'પહેલા અને પછી' (Before & After)ની તસવીરો CJP પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરીને તે સરપંચને જાહેરમાં ક્રેડિટ આપશે. દીપકેએ આશા વ્યક્ત કરી હતી કે આનાથી પ્રેરિત થઈને અન્ય સરપંચો પણ પોતાના ગામોમાં આવાં સકારાત્મક પગલાં ભરશે. CJPએ વાલીઓને પણ પોતાના બાળકોની શાળાની રૂબરૂ મુલાકાત લઈને વીજળી, સ્વચ્છ પાણી, ચાલુ હાલતમાં શૌચાલય અને મિડ-ડે મીલ જેવી સુવિધાઓની તપાસ કરવા કહ્યું છે.

# ચાર દીવાલોની બહાર નવું ભવિષ્ય

## સરકારી મહિલા ITI ગોરવામાં એડવાન્સ IT, ફેશન અને ડિજિટલ ટ્રેડ્સથી વડોદરાની દીકરીઓ બનશે ગ્લોબલ લીડર!

### 300થી વધુ મહિલા તાલીમાર્થીઓ દર વર્ષે કૌશલ્યમાં નિપુણ બની સ્વતંત્ર ભવિષ્ય કંડારે છે



અમદાવાદ | દિન-પ્રતિદિન બદલાતી ટેક્નોલોજી અને સ્માર્ટ વર્કફોર્સની માંગ વચ્ચે વડોદરાની દીકરીઓ હવે કોઈ પણ ક્ષેત્રમાં પાછળ નથી. 'ITI એટલે માત્ર પુરુષોનું ક્ષેત્ર કે મહિલાઓ માટે સાદો સીવણ વર્ગ' તે જૂની માનસિકતાને રિફાઈનરી રોડ સ્થિત સરકારી મહિલા ITI ગોરવાએ આધુનિક અભિગમથી બદલી નાખી છે. રાજ્યમાં કૌશલ્ય અને વ્યવસાયિક શિક્ષણ ક્ષેત્રે વડોદરાનું નામ રોશન કરતા, રિફાઈનરી રોડ સ્થિત સરકારી મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), ગોરવાએ સમગ્ર ગુજરાતમાં ૩જો રેન્ક (3rd Best ITI) પ્રાપ્ત કર્યો છે. સંસ્થા દ્વારા શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તાલીમાર્થી બહેનોને મળેલા રેકોર્ડબ્રેક ઈન્ડસ્ટ્રી પ્લેસમેન્ટના આધારે આ રાજ્યકક્ષાનું સન્માન હાંસલ કરાયું છે.

### તાલીમાર્થીઓ માટે ઉપલબ્ધ મુખ્ય સરકારી યોજનાઓ અને સ્કોલરશિપ

**નમો કૌશલ્ય લક્ષ્મી યોજના**

શરતોને આધીન મહિલા તાલીમાર્થીઓને વાર્ષિક રૂ. 15,000 થી ૨૪૦૦૦ સુધીની માતબર સહાય.

**દિવ્યાંગ મુસાફરી સહાય**

દિવ્યાંગ બહેનો માટે શિક્ષણ સુલભ બનાવવા વાર્ષિક રૂ. 3,000 સુધીની માસિક ટ્રાન્સપોર્ટ સહાય.

**ગણવેશ તથા બસ પાસ સુવિધા**

નિયમાનુસાર ગણવેશ સહાય (રૂ. 2,000 સુધી) અને એસ.ટી. તથા ફ્રી/કન્સેશનલ Railway, ST અને સિટી બસ પાસની સુવિધા.

પ્લેસમેન્ટ અને ગાઈડન્સ: સંસ્થા દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ અને બિઝનેસ સ્ટાર્ટઅપ માટે ખાસ માર્ગદર્શન.

"અમારું લક્ષ્ય માત્ર સર્ટિફિકેટ આપવાનું નથી, પરંતુ દરેક દીકરીના હાથમાં એવું હુન્નર આપવાનું છે જેથી તે આત્મવિશ્વાસથી સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે. ગોરવા મહિલા ITI માંથી તાલીમ મેળવીને નીકળેલી દીકરીઓ આજે ઈન્ડસ્ટ્રીમાં અને પોતાના બિઝનેસમાં સફળતાનો ડંકો વગાડી રહી છે."

— જી.એન. રાઠવા , આચાર્ય, સરકારી ITI ગોરવા(મહિલા),વડોદરા

### વિવિધ કોર્સિસ અને શૈક્ષણિક લાયકાતનું માળખું

» સંસ્થા દ્વારા નિયત કરાયેલા ધોરણો મુજબ તાલીમાર્થીઓ નીચે મુજબના કુલ 10 મુખ્ય કોર્સિસમાં પ્રવેશ મેળવી શકે છે:

1.) COPA (કમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ)
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: કમ્પ્યુટર ફંડામેન્ટલ્સ, સૉફ્ટવેર મેનેજમેન્ટ, ડેટાબેઝ હેન્ડલિંગ, સાયબર સિક્યોરિટી અને કોડિંગ શીખીને આઈટી સેક્ટરમાં રોજગારી માટેનો અગ્રણી ટ્રેડ.

2.) ICTSM (ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ)
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 2 વર્ષ
» વિગત: કમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કિંગ, સિસ્ટમ મેન્ટેનન્સ અને સોફ્ટવેર ટ્રબલશૂટિંગનું ટેકનિકલ જ્ઞાન પૂરું પાડતો અભ્યાસક્રમ.

3.) ફેશન ડિઝાઈન એન્ડ ટેકનોલોજી
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: મોર્ડન ગાર્મેન્ટ ડિઝાઈનિંગ, કમ્પ્યુટર એડિડ ડિઝાઈનિંગ (CAD), પેટર્ન મેકિંગ અને ગાર્મેન્ટ ઈન્ડસ્ટ્રી ક્ષેત્રે ઉપયોગી તાલીમ.

4.) બેઝિક કોસ્મેટોલોજી
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: બ્યુટી, સ્કીન કેર, હેર સ્ટાઈલિંગ અને સ્પા થેરાપી જેવા ક્ષેત્રોમાં પ્રોફેશનલ તાલીમ આપીને બ્યુટી ઈન્ડસ્ટ્રી માટે તાલીમાર્થીઓને સજ્જ કરાય છે.

5.) હેલ્થ એન્ડ સેનિટરી ઈન્સ્પેક્ટર
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: પબ્લિક હેલ્થ, કમ્યુનિટી સેનિટેશન, વેસ્ટ મેનેજમેન્ટ અને હોસ્પિટલ હાઈજીન ક્ષેત્રે સરકારી અને ખાનગી ક્ષેત્રે તકો આપતો ટ્રેડ.

6.) ઈન્ટેરિયર ડેકોરેશન એન્ડ ડિઝાઈનિંગ
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: સ્પેસ પ્લાનિંગ, કલર સ્કીમ્સ, કમ્પ્યુટર એડિડ 2D-3D લેઆઉટ ડિઝાઈનિંગ અને આર્કિટેક્ચરલ ડેકોરેશનનું કૌશલ્ય.

7.) એડિટિવ મશીનિંગ ટેકનિશિયન (3D પ્રિન્ટિંગ)
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: આધુનિક મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે 3D મોડેલિંગ, CAD ડિઝાઈનિંગ અને એડવાન્સ 3D પ્રિન્ટિંગ ટેકનોલોજીની તાલીમ.

8.) સિવિલ ડ્રાફ્ટસ્મેન (Draftsman Civil)
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 2 વર્ષ
» વિગત: સિવિલ એન્જિનિયરિંગ પ્લાનિંગ, AutoCAD બિલ્ડિંગ ડ્રોઈંગ્સ, સર્વેઈંગ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રની તાલીમ.

9.) સરફેસ ઓર્નામેન્ટેશન ટેકનિક્સ (SOT)
» લાયકાત: ધોરણ 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: ફેબ્રિક પર ટ્રેડિશનલ અને મોર્ડન એમ્બ્રોઈડરી, ટેક્સટાઈલ પ્રિન્ટિંગ, સિક્વિન વર્ક અને ટેક્સટાઈલ આર્ટ સ્કિલ્સ.

10.) ડ્રેસ મેકિંગ / સીવિંગ ટેકનોલોજી
» લાયકાત: ધોરણ 8 પાસ / 10 પાસ | અવધિ: 1 વર્ષ
» વિગત: ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ, બેઝિક અને એડવાન્સ ટેલરિંગ તથા સ્મોલ સ્કેલ ગાર્મેન્ટ એન્ટરપ્રાઈઝ માટેનો ઉપયોગી કોર્સ.

# વધતી બળાત્કારની ઘટનાઓ મુદ્દે AAP પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.કાયનાત અંસારી આથાએ ભાજપ સરકારને ઘેરી



અમદાવાદ | AAP ના પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.કાયનાત અંસારી આથાએ વિડિઓના માધ્યમથી ગંભીર મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં કાનૂન વ્યવસ્થા એકદમ કથળી ગઈ છે. છેલ્લા ૨-૩ દિવસમાં ૩ દીકરીઓ સાથે બળાત્કાર અને હત્યાની ઘટનાઓ બની એ ખૂબ જ શર્મનાક અને ચિંતાજનક છે. ભાજપ સરકાર તો દાવા કરે છે કે ગુજરાતમાં તો મહિલાઓ રાત્રે ૨ વાગે પણ સુરક્ષિત છે. પરંતુ જમીની હકીકત આ દાવાઓની પોલ ખોલે છે. આખરે આપણી દીકરીઓની અને મહિલાઓની સુરક્ષાની જવાબદારી કોની છે?વધુમાં AAP નેતા ડૉ.કાયનાત અંસારી આથાએ જણાવ્યું હતું કે, સરકારે ખાલી પ્રચાર અને સોશિયલ મીડિયાના તાયફાઓથી હટીને મહિલાઓને સુરક્ષા આપવી પડશે. જે અપરાધી છે એ લોકોના મનમાં કાનૂનનો ડર હોવો જરૂરી છે. દીકરીઓને એટલી સુરક્ષા તો મળવી જોઈએ કે તેઓ બહાર ભણવા જાય કે નોકરી કરવા જાય તો એમના માં-બાપ ભયમુક્ત થઈને એમને મોકલે. હવે મને લાગે છે કે ગુજરાતની જનતા ફક્ત આશ્વાસન નહીં પરંતુ જવાબદેહી અને જવાબદારી ઈચ્છે છે.

# કલોલમાં દુષ્કર્મનો ભોગ બનેલી દીકરીના પરિવાર સાથે AAP મહિલા મોરચા પ્રદેશ પ્રમુખ પાયલ સાકરીયાએ કરી મુલાકાત



અમદાવાદ | કલોલમાં જે દીકરી સાથે દુષ્કર્મની ઘટના ઘટી અને ત્યારબાદ તે મોતને ભેટી, તે મૃતક પીડિતાના પરિવારની મુલાકાતે આજે આમ આદમી પાર્ટીના મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરીયા પોતાની ટીમ સાથે પહોંચ્યા હતા. પાયલ સાકરીયાએ મૃતક દીકરીના માતા-પિતા અને પરિજનો સાથે મુલાકાત કરી અને તેમને સાંત્વના આપી હતી. સાથે સાથે એ દીકરીને ન્યાય અપાવવા માટે હંમેશા આમ આદમી પાર્ટી તેમની સાથે રહેશે એવું આશ્વાસન પણ આપ્યું. ત્યારબાદ આમ આદમી પાર્ટીના મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરીયાએ વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, કલોલમાં જે દીકરી સાથે દુષ્કર્મ થયું અને તેણે પોતાના છેલ્લા શ્વાસ હોસ્પિટલમાં લીધા તેના પરિવારની મુલાકાતે હું ગાંધીનગરની ટીમ સાથે આવી હતી. ગુજરાતમાં સલામતીના દાવાઓ તો થતા હોય છે પરંતુ ગુજરાતની આપણી બહેન દીકરીઓ અને મહિલાઓ દિવસેને દિવસે પીંખાઈ રહી છે. જે દીકરી સાથે દુષ્કર્મ થયું અને એણે પોતાનો જીવ ગુમાવ્યો, અમે આજે એના પરિવારને મળ્યા. એમના મમ્મી પપ્પા અને બાને મળ્યા અને અમે જણાવી પણ ન શકીએ એટલું દુઃખ છે. આજે આપણા ગુજરાતમાં દીકરીઓ સુરક્ષિત નથી. આ દીકરીનું 7 તારીખે મૃત્યુ થયું હતું અને આજે 11 તારીખ થાય છે પરંતુ હજુ પણ એ દીકરીના પિતાજી પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈ રહ્યા છે. તેમની દીકરી સાથે શું થયું છે એનો હજુ સુધી પણ એમને ખ્યાલ નથી આવી રહ્યો.વધુમાં આમ આદમી પાર્ટીના મહિલા નેતા પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, આ દીકરીને છેલ્લી વખત તેના માઁ બાપે હોસ્પિટલમાં જોઈ, ત્યારે તે બેભાના અવસ્થામાં હતી, અને શરીરમાં તમામ જગ્યાએ નળીઓ લગાવી હતી અને તેને ખૂબ જ બ્લિડિંગ થઈ રહ્યું હતું. મતલબ કે તેઓ પોતાની દીકરી સાથે છેલ્લી વખત વાત પણ નથી કરી શક્યા. ખૂબ જ મોટુ પ્રશાસન છે પરંતુ હજુ સુધી સીસીટીવી કેમેરા ચેક થયા નથી. આજે એ દીકરીના પિતાને બોલાવવામાં આવ્યા છે સીસીટીવી જોવા માટે પરંતુ અમારો સવાલ છે કે સીસીટીવી ચેક કરવામાં આટલો બધો સમય કેમ લાગ્યો? દીકરીના મા-બાપને શંકા છે કે આમાં ફક્ત એક વ્યક્તિ સંડોવાયેલો નથી, આમાં બીજા લોકો પણ સંડોવાયેલા હોઈ શકે છે. તો અમારી માંગ છે કે આ ઘટના મુદ્દે દાખલા રૂપ કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ પણ હેવાન સપનામાં પણ કોઈ દીકરી સાથે આવું કરવાનું ન વિચારી શકે એવો ડર આ હેવાનોની અંદર આવે અને ભવિષ્યમાં ફરીથી આવી કોઈ ઘટના ન બને. સરકાર સમક્ષ અમારી માંગ છે કે કોઈપણ વ્યક્તિને છોડવામાં ન આવે અને કોઈપણ પ્રકારના પ્રેશર વગર કાર્યવાહી કરવામાં આવે.

# દૂધના અન્યાયી ભાવ ફેર સામે સુરેન્દ્રનગરના પશુપાલકો અને માલધારીઓ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ

અમદાવાદ | સુરેન્દ્રનગર જિલ્લાના પશુપાલકો અને માલધારીઓ દ્વારા સુરસાગર ડેરી અને સહકારી દૂધ મંડળીઓ સામે વિરોધ નોંધાવતા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આવેદનપત્ર આપવા માટે આમ આદમી પાર્ટી નેતા રમેશભાઈ મેર, દેવકણભાઈ જોગરાણા, સુરેશભાઈ જોગરાણા, બીજલભાઈ જોગરાણા, મયુરભાઈ ભરવાડ, ભરતભાઈ ભરવાડ તથા વેપારી આગેવાન કમલેશભાઈ કોટેચા ઉપસ્થિત રહ્યા હતા. પશુપાલકોની મુખ્ય રજૂઆત છે કે ચાલુ વર્ષ ૨૦૨૫/૨૬માં એક જ રાજ્ય અને સમાન ભૌગોલિક પરિસ્થિતિ હોવા છતાં, આણંદ જેવા અન્ય જિલ્લાઓમાં કિલો ફેટ દીઠ ૨૫ (૨૪ થી ૨૫%) ભાવ ફેર ચૂકવવામાં આવે છે, જ્યારે સુરેન્દ્રનગરમાં માત્ર ૫ (૫%) જ ચૂકવાય છે. આ ઉપરાંત, મંડળીઓ દ્વારા ગ્રાહક દીઠ સવાર-સાંજ ૧૦૦-૧૦૦ ગ્રામ દૂધ સેમ્પલ ફરજિયાત લેવામાં આવે છે. પશુપાલકોએ માંગ કરી છે કે વહીવટી ખર્ચ કે અન્ય ગેરરીતિઓની તપાસ કરવામાં આવે અને અન્ય જિલ્લાઓની સરખામણીએ સુરેન્દ્રનગરના દૂધ ઉત્પાદકોને પણ ન્યાયી વળતર અને વધારાનો ભાવ ફેર ચૂકવવામાં આવે.આમ આદમી પાર્ટીના નેતા અને પશુપાલક રમેશ મેરે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પાણીની બોટલ ૨૦માં મળે છે ત્યારે શુદ્ધ દૂધ ઉત્પાદકોને યોગ્ય ભાવ મળતા નથી, જે પશુપાલકોને ધંધો છોડવા મજબૂર કરી રહ્યું છે. મોંઘા પશુ આહાર તેમજ લીલા-સુકા ઘાસચારાના ખર્ચ સામે આ ઓછો ભાવ મળવાથી પશુપાલન વ્યવસાય ભારે ખોટમાં જઈ રહ્યો છે, જેનાથી પશુપાલકો અને સમાજ ભેગા થઈને બનાવટી ફેક્ટરીના દૂધના બદલે શુદ્ધ ઉત્પાદનને પ્રોત્સાહન મળે તે માટે લડી રહ્યા છે. દૂધ મંડળીઓના વહીવટ અને દૂધ સંઘના આયોજન સામે વિરોધ નોંધાવતા તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આવનારા સમયમાં યોગ્ય ભાવ આપવામાં નહીં આવે, તો દરેક સમાજના પશુપાલકો એકઠા થઈને સરકાર અને મંડળીઓ સામે ઉગ્ર મોરચો માંડશે.



## આમ આદમી પાર્ટી હોસ્પિટલ કેર કમિટીના પ્રદેશ પ્રમુખ વિનોદ પરમારે કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવા સરકાર સામે સવાલો ઉઠાવ્યા

અમદાવાદ | આમ આદમી પાર્ટી હોસ્પિટલ કેર કમિટીના પ્રદેશ પ્રમુખ વિનોદ પરમારે ભાજપ સરકાર સામે કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરવા અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે લોકશાહી દેશમાં કોઈ સરમુખત્યારશાહી ન ચાલે, પરંતુ ભાજપ સરકાર પોતાના ઘર ભરવા અને મળતિયા કોન્ટ્રાક્ટરોને ફાયદો કરાવવા નીતિમત્તાના નામે ગરીબ કર્મચારીઓનું લોહી ચૂસી રહી છે. કર્મચારીઓને રોજના માત્ર .૪૯૫ થી .૪૯૭ આપવામાં આવે છે, જેમાં કોઈનું ઘર ચાલી શકતું નથી. ટેન્ડરની શરતોમાં .૩ કરોડ જેવું ઊંચું ટર્નઓવર રાખીને નાના કોન્ટ્રાક્ટરોને બાદ કરી દેવાય છે. હોસ્પિટલોમાં જ .૪૨૫ થી .૪૪૭ કરોડનું અને સમગ્ર રીતે .૧૦૦૦ કરોડથી વધુનું કોન્ટ્રાક્ટ નેટવર્ક ચાલી રહ્યું છે, જેમાંથી સરકારી ફંડ અને ભાજપના નેતાઓ સુધી ટકાવારી જાય છે. દિલ્હીના જંતર-મંતર પર યુવાનોની જિદ સામે જેમ સરકારને ઝૂકવું પડ્યું હતું, તેમ જ જો કોન્ટ્રાક્ટ સિસ્ટમ બંધ નહીં કરાય તો હોસ્પિટલના કર્મચારીઓ વિરોધ અને હડતાલ પર ઉતરશે.વિનોદ પરમારે વધુમાં ઉમેર્યું કે છેલ્લા ૫ વર્ષથી હોસ્પિટલોમાં એક જ માનીતા કોન્ટ્રાક્ટરને કન્ટિન્યુ રાખીને મલાઈ ખાવામાં આવી રહી છે. ઉપર બેઠેલા અધિકારીઓ સાથે આ કોન્ટ્રાક્ટરની કેટલી સાઠગાંઠ છે અને કેટલા રૂપિયાની લેવડદેવડ થઈ છે, તેની તેઓ ટૂંક સમયમાં જ RTI કરીને માહિતી બહાર લાવશે અને કાયદેસરની કડક કાર્યવાહી કરાવશે. જે ગરીબ કર્મચારીઓ દિવસ-રાત કચરો-મેલો ઉપાડીને હેરાન થાય છે, તેમને માત્ર .૪૯૭ મળે છે જ્યારે ઉપર બેઠેલા લોકો મલાઈ ખાય છે. જો સરકાર આ કોન્ટ્રાક્ટ સિસ્ટમ ખતમ નહીં કરે તો હોસ્પિટલનું સમગ્ર તંત્ર ખોરવાઈ જશે, આરોગ્ય મંત્રી અને સત્તાધીશોએ રાજીનામા આપવા પડશે અને સરકારની ઉલ્ટી ગણતરી શરૂ થઈ જશે.



# કચ્છની કથળેલી શિક્ષણ વ્યવસ્થાના કારણે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે બહાર જવાની ફરજ પડે છે : ડો. કાયનાત અંસારી આથા

ગાંધીધામ, કચ્છ : આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ ડો. કાયનાત અંસારી આથાએ કચ્છની શિક્ષણ વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર દેશના સૌથી મોટા જિલ્લાઓમાં સ્થાન ધરાવતા કચ્છમાં શિક્ષણ ક્ષેત્રે હજુ પણ અનેક મહત્વપૂર્ણ અભ્યાસક્રમોની પૂરતી સુવિધા ઉપલબ્ધ નથી, જેના કારણે દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને પ્રોફેશનલ કોર્સ માટે કચ્છની બહાર જવું પડે છે.ડો. કાયનાત અંસારી આથાએ જણાવ્યું હતું કે સીએ, સીએસ, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, કસ્ટમ કલીયરન્સ, ફેશન ડીઝાઈન, એન્જિનિયરીંગ, ડેન્ટલ સહિતના અનેક પ્રોફેશનલ કોર્સ કચ્છ યુનિવર્સિટી દ્વારા અથવા કચ્છમાં ઉપલબ્ધ કરાવવામાં આવતા નથી. જેના પરિણામે વિદ્યાર્થીઓને આવા અભ્યાસક્રમો માટે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિતના અન્ય શહેરોમાં જવું પડે છે.તેમણે વધુમાં જણાવ્યું કે દર વર્ષે કચ્છમાંથી ધોરણ 12માં અંદાજે 13થી 14 હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. જેમાંથી 3થી 4 હજાર તેજસ્વી વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે કચ્છ છોડીને અન્ય શહેરોમાં જતા રહે છે. આ સ્થિતિ કચ્છના શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે ચિંતાજનક છે.ખાસ કરીને દીકરીઓને અભ્યાસ માટે કચ્છની બહાર મોકલવાનો પ્રશ્ન



વાલીઓ માટે વધુ મુશ્કેલ બની રહ્યો છે. હાલમાં કચ્છની દીકરી સાથે અમદાવાદમાં બનેલો બનાવ તેમજ છેલ્લા ત્રણ - ચાર દિવસમાં બનેલા અન્ય દુષ્કર્મના કેસોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, જ્યારે દીકરીને બહાર ભણવા મોકલવાની વાત આવે ત્યારે વાલીઓ સામે તેની સુરક્ષા અને શિક્ષણ બંને મહત્વપૂર્ણ પ્રશ્ન બની જાય છે. ડો. કાયનાત અંસારી આથાએ સવાલ ઉઠાવ્યો કે, "વાલીઓને પોતાના બાળકોને સુરક્ષિત રાખવા અને શિક્ષિત બનાવવા વચ્ચે પસંદગી કરવાની સ્થિતિમાં શા માટે મૂકવામાં આવે છે? શું સરકારની જવાબદારી નથી કે બાળકોને પોતાના જ જિલ્લામાં ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે સુરક્ષિત વાતાવરણ પણ મળે?"તેમણે જણાવ્યું કે કચ્છના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે બહાર જવું પડે અને ખાસ કરીને દીકરીઓને બહાર મોકલતી વખતે વાલીઓને સુરક્ષાની ચિંતા સતાવતી હોય તે અત્યંત ગંભીર બાબત છે. સરકાર દ્વારા કચ્છની શિક્ષણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા, પ્રોફેશનલ કોર્સ શરૂ કરવા તથા વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે જ ઉચ્ચ શિક્ષણની પૂરતી તકો ઉપલબ્ધ કરાવવાની જરૂર છે.અંતમાં તેમણે વાલીઓને પણ અપીલ કરી કે શિક્ષણ જેવા મહત્વના મુદ્દાને હળવાશથી ન લેવો જોઈએ અને સરકારને શિક્ષણ, સુરક્ષા તથા કચ્છના વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે સરકારને પ્રશ્ન પુછવો જરૂરી બન્યો છે.

# પશ્ચિમ રેલ્વેએ નવસારી સ્ટેશન પર કર્ણાવતી એક્સપ્રેસમાં વધારાનો સ્ટોપેજ ઉમેર્યો

અમદાવાદ | યાત્રીઓની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નં. ૧૨૯૩૩/૧૨૯૩૪ બાંદ્રા ટર્મિનસ-વટવા/અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસને ટ્રાયલ ધોરણે નવસારી સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપ્યો છે.પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, વિગતો નીચે મુજબ છે: ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ થી તેની મુસાફરી શરૂ કરતી ટ્રેન નં. ૧૨૯૩૩ બાંદ્રા ટર્મિનસ-વટવા કર્ણાવતી એક્સપ્રેસ નવસારી સ્ટેશન પર સ્ટોપેજ રાખશે. તેવી જ રીતે, ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ થી તેની મુસાફરી શરૂ કરતી ટ્રેન નં. ૧૨૯૩૪ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ નવસારી સ્ટેશન પર સ્ટોપેજ રાખશે. આ નવા સ્ટોપેજને કારણે, વલસાડ અને સુરત સ્ટેશનો પર આગમન/પ્રસ્થાનના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:અન્ય સ્ટેશનો પર આ ટ્રેનના સ્ટોપેજ સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઉપરોક્ત ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કોચ રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# "સાબરમતી ઈલેક્ટ્રિક લોકો શેડ ખાતે રૂ. ૧૧૩.૬૩ કરોડના WAG-12 જાળવણી માળખાનું જીએમ અને ડીઆરએમ દ્વારા સ્થળ નિરીક્ષણ"









અમદાવાદ | 11 ઓગસ્ટ, 2026 ના રોજ, પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર, શ્રી રામશ્રેય પાંડે, અમદાવાદના ડિવિઝનલ રેલ્વે મેનેજર, શ્રી વેદ પ્રકાશ અને સાબરમતી લોકો શેડના વરિષ્ઠ અધિકારીઓએ સાબરમતી લોકો શેડ પરિસરમાં WAG-12 ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સના જાળવણી માટે પ્રસ્તાવિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તારનું સ્થળ નિરીક્ષણ કર્યું.

નિરીક્ષણ દરમિયાન, મેસર્સ અલ્સ્ટોમ દ્વારા ઉત્પાદિત 300 WAG-12 ઉચ્ચ-ક્ષમતાવાળા ફ્રેઈટ ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સના જાળવણી માટે સાબરમતી લોકો શેડમાં વિકસાવવામાં આવી રહેલા માળખાગત સુવિધાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી. પ્રસ્તાવિત પ્રોજેક્ટમાં શેડ વિસ્તરણ, અત્યાધુનિક રિપેર સુવિધાઓ, બોગી ડ્રોપ પીટ્સ, વ્હીલ મેન્ટેનન્સ સુવિધાઓ, ઓટોમેટેડ લોકો વોશિંગ પ્લાન્ટ, ઓવરહેડ સાધનો (OHE), ઈલેક્ટ્રિકલ અને ટેલિકોમ્યુનિકેશનનો સમાવેશ થશે. નિરીક્ષણ દરમિયાન, પ્રસ્તાવિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલ લાઈન લેઆઉટ અને જાળવણી યોજનાની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી, અને અધિકારીઓ સાથે તકનીકી ચર્ચાઓ કરવામાં આવી હતી. જનરલ મેનેજર અને ડિવિઝનલ રેલ્વે મેનેજરે ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આધુનિક, સલામત અને વિશ્વ કક્ષાની જાળવણી સુવિધા વિકસાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.આ પ્રસંગે, સાબરમતી લોકોમોટિવ શેડના ઉત્તમ પ્રદર્શનની પણ પ્રશંસા કરવામાં આવી હતી. શેડનું પ્રદર્શન નિર્ધારિત ધોરણો અને લક્ષ્યો કરતાં વધુ રહ્યું, જાળવણી કામગીરીમાં ઉચ્ચ સ્તરની ગુણવત્તા, વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા જાળવી રાખ્યું, અને શેડની ઓપરેશનલ અને ઓપરેશનલ સિદ્ધિઓની અધિકારીઓ દ્વારા ખાસ પ્રશંસા કરવામાં આવી હતી. સાબરમતી લોકોમોટિવ શેડમાં કરવામાં આવી રહેલા ટેકનિકલ ફેરફારોની પણ પ્રશંસા કરવામાં આવી હતી. ખાસ કરીને, WDG-5 લોકોમોટિવની શરૂઆતની સિસ્ટમમાં થયેલા ફેરફારો, સિસ્ટમને ન્યુમેટિકથી ઈલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરવા, એક નોંધપાત્ર સિદ્ધિ માનવામાં આવી હતી.WDG-4 લોકોમોટિવ્સના ટર્બો-સુપરચાર્જર્સમાં કરવામાં આવેલા ફેરફારો, ત્યારબાદ WDG-5 લોકોમોટિવ્સમાં આ સુધારેલા ટર્બો-સુપરચાર્જર્સનો સફળ ઉપયોગ, શેડની તકનીકી ક્ષમતાઓ અને નવીન ભાવના પણ દર્શાવે છે. આ નવીન કાર્યની ખાસ કરીને વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પ્રશંસા અને પ્રશંસા કરવામાં આવી હતી.નિરીક્ષણ દરમિયાન શ્રી સુમંત પ્રસાદ ગુપ્તા, સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, લોકોમોટિવ શેડ, સાબરમતી અને અન્ય અધિકારીઓ સહિત વરિષ્ઠ વિભાગીય અધિકારીઓ હાજર હતા. શેડના અધિકારીઓએ પ્રોજેક્ટની પ્રગતિ, જાળવણી કાર્ય, સિદ્ધિઓ અને પ્રસ્તાવિત વિકાસ અંગે જનરલ મેનેજર અને ડિવિઝનલ રેલ્વે મેનેજરને વિગતવાર માહિતી પૂરી પાડી હતી.


Skill India
કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય ભારત સરકાર

**ભારત સરકાર**
**કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય**

લાયકાત માટેના અનુરોધ (RFQ) માટેનું નોટિસ આમંત્રિત પત્ર
ટેન્ડર સંદર્ભ નં: MSDE/PM-SETU/RFQ/01/2026-27

પ્રધાન મંત્રી સ્કિલિંગ એન્ડ એમ્પ્લોયબિલિટી ટ્રાન્સફોર્મેશન થ્રુ અપગ્રેડેડ આઈટીઆઈઝ (PM-SETU) યોજના હેઠળ આઈટીઆઈઝના અપગ્રેડેશન માટે સંસ્થાગત ભાગીદારોની પૅનલ માટેની નોંધણી.

પ્રશિક્ષણ મહાનિર્દેશાલય (DGT) ચિહ્નિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ક્લસ્ટર્સ પર પ્રધાન મંત્રી સ્કિલિંગ એન્ડ એમ્પ્લોયબિલિટી ટ્રાન્સફોર્મેશન થ્રુ અપગ્રેડેડ આઈટીઆઈઝ (PM-SETU) યોજનાના અમલીકરણ માટે સંસ્થાગત ભાગીદારો તરીકે પૅનલ કરવા માટે પાત્ર સંસ્થાઓ પાસેથી https://eprocure.gov.in પર ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરે છે. RFQ દસ્તાવેજ https://pm-setu.skillindiadigital.gov.in પર પણ ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજીઓ આપવાની છેલ્લી તારીખ અને સમય 31.08.2026 ના રોજ 05:00 PM સુધીનો છે.

નાયબ નિયામક
પ્રશિક્ષણ મહાનિર્દેશાલય (DGT)
કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય
720, કૌશલ ભવન, ન્યુ મોતી બાગ, નવી દિલ્હી 110023

CBC 63101/11/0008/2627


## જૂનાગઢ જિલ્લામાં સીમકાર્ડ વેચનારે ખરીદનાર વ્યક્તિના આધાર-પુરાવાનું રજિસ્ટર નિભાવવાનું રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧૧ ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ઈસમો પોતાના આર્થિક ફાયદા માટે સીમકાર્ડનો દૂરઉપયોગ કરીને લોકોની સાથે છેતરપિંડી, મોબાઈલ ફોન ચોરી તેમજ મિલક્ત સંબંધી તથા શરીર સંબંધી ગુનાઓમાં મોબાઈલ સીમકાર્ડમાં દુરુપયોગ કરીને ધાકધમકી આપતા હોવાના ઘણા ગુનાઓ જિલ્લામાં દાખલ થયેલ હોવાનું તથા મોબાઈલ ફોન તથા ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા ઈ-કોમર્સનું ચલણ વધી રહ્યું હોય.

## પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા વડોદરા ખાતે રનિંગ સ્ટાફ માટે અત્યાધુનિક ડાઈનિંગ હોલનું લોકાર્પણ

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા તા. ૯ ઓગસ્ટના રોજ વડોદરા સ્ટેશન ખાતે પેસેન્જર રનિંગ સ્ટાફ માટે અત્યાધુનિક ડાઈનિંગ હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાપ્રબંધકશ્રી દ્વારા કોન્ફરન્સ રૂમમાં મંડળ રેલ પ્રબંધક તથા મંડળના વિવિધ વિભાગોના વડાઓ સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. બેઠક દરમિયાન વડોદરા રેલવે સ્ટેશન પર ઈમરજન્સી મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ઈમરજન્સી મેડિકલ રૂમની સુવિધા અંગે વડોદરા મંડળ અને મેસર્સ કે. પી. એજ્યુકેશન, વડોદરા વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા હતા. મહાપ્રબંધકશ્રી દ્વારા વડોદરા સ્ટેશનની મુલાકાત પહેલાં વડોદરા ખાતેના મેમુ કારશેડનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું.મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે જણાવ્યું હતું કે રનિંગ સ્ટાફ રેલવે સંચાલનની કરોડરજ્જુ સમાન છે અને તેમની સતર્કતા, કાર્યદક્ષતા તથા કાર્યક્ષમતા સુરક્ષિત અને સમયબદ્ધ ટ્રેન સંચાલન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. નવો ડાઈનિંગ હોલ રનિંગ સ્ટાફના કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તેમને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ સુરક્ષિત રેલવે સંચાલનને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સ્થાનિકોની સાહસિક કામગીરી અને ફાયર બ્રિગેડની જહેમતથી ટળ મોટી દુર્ઘટના

# સુરતમાં સિંગણપોરમાં એપાર્ટમેન્ટના પહેલા માળે મકાનમાં ભીષણ આગ, 3 લોકોનું રેસ્ક્યુ

(એજન્સી) સુરત । તા. 11

સુરતના સિંગણપોર વિસ્તારમાં નવા મહોલ્લા ખાતે આવેલા એક એપાર્ટમેન્ટમાં મંગળવારે (૧૧મી ઓગસ્ટ) અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. એપાર્ટમેન્ટના પહેલા માળે લાગેલી આ આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરીને ઉપરના માળ સુધી પ્રસરી ગઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

#### સ્થાનિકોએ સાહસ બતાવી ટેમ્પો અને દોરડા વડે જીવ બચાવ્યા

મળતી માહિતી અનુસાર, મકાનમાં અચાનક આગ લાગતાં જ પહેલા અને બીજા માળે એક મહિલા સહિત ત્રણથી વધુ લોકો ફસાઈ ગયા હતા. આ ગંભીર પરિસ્થિતિમાં સ્થાનિક રહીશોએ ભારે સાહસ અને





સૂચનાસૂચકતા દાખવતા તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. લોકોએ નીચે એક ટેમ્પો ઊભો રાખી દીધો હતો અને ઉપરથી દોરડાની મદદથી ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે નીચે ઉતારીને તેમનું સફળ રેસ્ક્યુ કરી લીધું હતું.

#### ફાયર બ્રિગેડની સક્રિયતા અને ટેરેસ ગોડાઉનમાં આગ

ઘટનાની જાણ થતાં જ અલગ-અલગ ફાયર સ્ટેશનની ૧૦થી વધુ ગાડીઓ સ્થળ પર પહોંચી ગઈ હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર પ્રાથમિક કાબૂ મેળવ્યો હતો. જોકે, ટેરેસ પર બનાવેલા પતરાના શેડ (ગોડાઉન)માં બેગ અને સામાનનો મોટો જથ્થો સંગ્રહિત હોવાના કારણે થોડી જ વારમાં આગ ફરીથી વિકરાળ સ્વરૂપે ભભૂકી ઉઠી હતી. પહેલા માળથી શરૂ થયેલી આગ ત્રીજા માળે આવેલા શેડ સુધી પહોંચી જતાં આસપાસના રહીશોમાં ભારે દહેશત વ્યાપી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પુનઃ ભારે જહેમત ઉઠાવીને આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે.

## રાજકોટમાં આંગડિયા પેઢીની રૂ.19 લાખની લૂંટનો પર્દાફાશ, ક્રાઈમ બ્રાન્ચે 2 શખસોને દબોચ્યા



રાજકોટ | રાજકોટ શહેરમાં પ્રાઈમ આંગડિયા પેઢીમાંથી રૂ. ૧૯ લાખની સનસનાટીભરી લૂંટ ચલાવીને ફરાર થઈ ગયેલી ગેંગ સામે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. પોલીસે ગુનાહિત ષડયંત્રમાં સામેલ બે સાગરીતોને દબોચી લીધા છે. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ લૂંટ માટે ખાસ ચોરીના બાઈકનો ઉપયોગ કરાયો હતો અને તેના પર બોગસ નંબર પ્લેટ લગાવવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે કાર્યવાહી કરીને રમઝાન અલી અને પ્રવીણ ઉર્ફે ખાજિયો નામના બે આરોપીઓને દબોચી લીધા છે. પકડાયેલા આ બંને શખસોએ લૂંટ ચલાવનારા મુખ્ય આરોપીઓને રોકાવવા માટે રહેવાની સગવડ તેમજ ગુનામાં વપરાયેલું ચોરીનું બાઈક પૂરું પાડ્યું હતું. પોલીસે લૂંટની કુલ રૂ. ૧૯ લાખની રકમમાંથી રૂ. ૨ લાખની રોકડ રિકવર કરી લીધી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આંગડિયા પેઢીમાં પ્રત્યક્ષ રીતે ધાડ પાડનારા મુખ્ય આરોપીઓ આસુ અને ઈલુ નામના શખસો છે, જેઓ હાલ પોલીસ પકડથી દૂર છે.

## પતિના ત્રાસથી પીડિત મહિલાને મળ્યો 181 અભયમ્ ટીમનો સહારો, અસરકારક કાઉન્સેલિંગથી દાંપત્ય વિવાદનું સમાધાન

(એજન્સી) રાજપીપળા । તા. 11

નર્મદા જિલ્લાના રાજપીપળા તાલુકામાં પતિના અન્ય મહિલા સાથેના સંબંધોને લઈને થતા વારંવારના ઝઘડા, મારપીટ, માનસિક ત્રાસ તેમજ ઘરમાંથી કાઢી મૂકવાની ધમકીથી પરેશાન એક મહિલાએ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન પર કોલ કરીને મદદ માંગી હતી. મહિલાની આ ફરિયાદને અત્યંત ગંભીરતાથી લઈને ૧૮૧ અભયમ્ ટીમ નર્મદા દ્વારા તાત્કાલિક પ્રતિસાદ આપીને સ્થળ પર પહોંચવામાં આવ્યું હતું અને મહિલાની સુરક્ષા સુનિશ્ચિત કરીને પરિસ્થિતિ અંગે જરૂરી માહિતી મેળવી હસ્તક્ષેપ કરવામાં આવ્યો હતો.

મહિલાએ ટીમને જણાવ્યું હતું કે તેમના લગ્નને આશરે બે વર્ષ થયા છે અને પતિ-પત્ની બંને ખેત મજૂરી કરીને પોતાનું જીવનનિર્વાહ ચલાવે છે. મહિલાના જણાવ્યા મુજબ, પતિ અન્ય મહિલા સાથે વાતચીત અને સંપર્કમાં રહેતા હોવાથી તેમની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. આ ઉપરાંત, પતિ દ્વારા મારપીટ કરવા, માનસિક ત્રાસ આપવા અને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપવાની રજૂઆત પણ મહિલાએ કરી હતી. અગાઉથી તબિયત સારી ન રહેતી હોવા છતાં પતિ દ્વારા સારવાર માટે હોસ્પિટલ લઈ જવા અંગે યોગ્ય સહકાર ન મળતો હોવાનું અને આર્થિક સહયોગ માટે પોતે મજૂરી કરતી હોવા છતાં સતત માનસિક ત્રાસનો સામનો કરવો પડતો હોવાનું પણ તેણે જણાવ્યું હતું.

૧૮૧ અભયમ્ ટીમ નર્મદા દ્વારા સ્થળ પર પહોંચીને મહિલાની વાત સંવેદનશીલતાથી સાંભળવામાં આવી હતી. ત્યારબાદ પતિ અને પત્ની બંને સાથે અલગ-અલગ તેમજ સંયુક્ત રીતે વાતચીત કરીને સમગ્ર પરિસ્થિતિની ગંભીરતા સમજવામાં આવી હતી. ટીમ દ્વારા વિવાદનું મૂળ કારણ સમજાવીને બંને પક્ષોને શાંતિપૂર્ણ સંવાદ, પરસ્પર સન્માન, દાંપત્ય જવાબદારી તથા હિંસામુક્ત સંબંધનું મહત્વ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું હતું. પતિને પત્ની સાથે કોઈપણ પ્રકારની મારપીટ, ધમકી, અપમાનજનક વર્તન કે માનસિક હેરાનગતિ ન કરવા અંગે અસરકારક કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવ્યું હતું.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું મહત્વપૂર્ણ જાહેરનામું

(એજન્સી) રાજપીપળા । તા. 11

નર્મદા જિલ્લામાં ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે આવેલા વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારની સુરક્ષા અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તેને વધુ સઘન બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિસ્તારના કેટલાંક સંવેદનશીલ અને મહત્વપૂર્ણ સ્થળોને 'NO DRONE ZONE' (નો ડ્રોન ઝોન) જાહેર કરવામાં આવ્યા છે, અને તે વિસ્તારોમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન (Drone) ચલાવવા કે ઓપરેટ કરવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

#### આવરી લેવાયેલા વિસ્તારો અને સુરક્ષા વ્યવસ્થા

પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા મુજબ, આ પ્રતિબંધિત ક્ષેત્રોમાં નર્મદા માતાજીની મૂર્તિ, ન્યુ ગોરા બ્રીજ, મોખડી ડેમ સાઈટ, CHPH/RBPH તેમજ ડાઈક નં. ૧ એરોડ્રામથી ડાઈક નં. ૪ સુધીનો વિસ્તાર સામેલ છે. આ ઉપરાંત, ટેન્ટ સિટીથી ભુમલીયા ઝીરો પોઈન્ટ થઈને નર્મદા માતાજીની મૂર્તિ સુધીનો સમગ્ર વિસ્તાર, ગુરુકુલ હેલીપેડ વિસ્તાર તેમજ નર્મદા ઘાટ વિસ્તારનો પણ આ 'નો ડ્રોન ઝોન'માં સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ સ્થળોએ સુરક્ષાના કારણોસર હવાઈ ગતિવિધિઓ પર કડક નજર રાખવામાં આવશે.

આ જાહેરનામાની અમલવારી તેની બહાર પાડવાની તારીખથી લઈને તારીખ ૦૯/૧૦/૨૦૨૬ સુધી અવિરતપણે કરવાની રહેશે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ આ જાહેરનામાની અવગણના કરશે અથવા પ્રતિબંધિત વિસ્તારમાં ડ્રોન ઉડાડશે, તો તે વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS) ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ મુજબ કાયદેસરની શિક્ષાને પાત્ર બનશે. સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે તંત્ર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે.

## સુરક્ષા અને સલામતીના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ

(એજન્સી) રાજપીપળા । તા. 11

નર્મદા જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેર જનહિત અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા અનુસાર, એસઓયુએડીટીજી ઓથોરીટી, એકતાનગર વિસ્તાર તેમજ સમગ્ર નર્મદા જિલ્લામાં આવેલા વીજ કંપનીઓના ટાવર, નેટવર્ક સપ્લાયના ટાવર તેમજ અન્ય તમામ પ્રકારના ટાવરોની સુરક્ષાને વધુ મજબૂત કરવાના આદેશો આપવામાં આવ્યા છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર, સંબંધિત કંપનીઓ અને એજન્સીઓએ તેમના ટાવરોની આસપાસ ફરજિયાતપણે ફેન્સીંગ (દિવાલ કે જાળી) કરીને લોક રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે. આ ઉપરાંત, આ તમામ ટાવરો પર સંબંધિત કંપની કે એજન્સીઓ દ્વારા પૂરતી પ્રાઈવેટ સિક્યુરીટીની વ્યવસ્થા પણ ગોઠવવાની રહેશે, જેથી કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના કે અનધિકૃત પ્રવેશને રોકી શકાય.

#### પ્રવેશ પર પ્રતિબંધ અને સૂચનાત્મક બોર્ડ

જિલ્લામાં આવેલા વીજ કંપનીના ટાવર, નેટવર્ક સપ્લાયના ટાવર તેમજ અન્ય ટાવરો પર માત્ર સંબંધિત કંપની કે એજન્સીઓના અધિકૃત વ્યક્તિઓ જ પ્રવેશ કરી શકશે; તેમના સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિના ટાવર પર ચડવા કે નજીક જવાની સખત મનાઈ ફરમાવવામાં આવી છે. તમામ સંબંધિત કંપનીઓ અને એજન્સીઓએ આ અંગેની સ્પષ્ટ સૂચના દર્શાવતા બોર્ડ્સ તમામ ટાવરો પર દ્રશ્યમાન થાય તે રીતે લગાડવાના રહેશે.

આ જાહેરનામું નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ત્વરિત અસરથી લાગુ કરવામાં આવ્યું છે. જેની અમલવારી તારીખ ૦૯/૧૦/૨૦૨૬ સુધી કરવાની રહેશે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ કે સંસ્થા આ જાહેરનામાનો ભંગ કરશે, તો તે કાયદેસરની શિક્ષાને પાત્ર બનશે. સુરક્ષાના આ કડક પગલાંથી ટાવરોની સુરક્ષા સુનિશ્ચિત થશે અને સંભવિત જોખમો નિવારી શકાશે.

## સુરતમાં મુસાફરો ભરેલી BRTS બસનું પેનલનું પતરું ચાલુ બસે લટકી પડ્યું



સુરત | સુરતમાં મુસાફરોને લઈને દોડતી બીઆરટીએસ બસના પેનલનું પતરું ચાલુ બસે લટકી પડ્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પાલિકાની બીઆરટીએસ બસોના મેન્ટેનન્સની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. બસ દોડી રહી હતી ત્યારે પેનલનું પતરું છૂટીને લટકી પડતાં મુસાફરોની સુરક્ષા સામે જોખમ ઊભું થયું હતું. ટિકિટના પૈસા ચૂકવી મુસાફરી કરતા મુસાફરોની સુરક્ષા પ્રથમ જવાબદારી હોવા છતાં આવી ઘટના સામે આવતા પાલિકા તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં બીઆરટીએસ બસ રસ્તા પર દોડી રહી છે અને બસની સાઈડમાં આવેલા પેનલનું પતરું છૂટીને લટકતું જોવા મળે છે. ચાલુ બસમાં જ પેનલનું પતરું આ રીતે બહાર આવી જતાં બસની નજીકથી પસાર થતા વાહનચાલકો તેમજ બસમાં બેઠેલા મુસાફરો માટે પણ જોખમ ઊભું થઈ શકે તેવી સ્થિતિ જોવા મળી હતી. આ અંગે પાલિકા તંત્રના જણાવ્યા મુજબ, વાયરલ થયેલો આ વીડિયો ત્રણ દિવસ જૂનો છે. બસના પેનલમાંથી એક સ્ક્રુ નીકળી જવાના કારણે પતરું લટકી પડ્યું હતું.

### નાંદોદ તાલુકાના વડિયા ગામે

## પ્રાકૃતિક ખેતી પેદાશોના વેચાણ કેન્દ્રનો પ્રારંભ

(એજન્સી) રાજપીપળા । તા. 11

'સ્વસ્થ જીવનની શરૂઆત સ્વસ્થ ખોરાકથી'ના સંદેશાને સાર્થક કરતી દિશામાં નર્મદા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપતી વધુ એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે.

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા અંતર્ગત આવતા વડિયા ગ્રામ પંચાયત ખાતે પ્રાકૃતિક ખેતી પેદાશોના નૂતન વેચાણ કેન્દ્રનો આજે શુભારંભ કરવામાં આવ્યો છે.

આ કેન્દ્રના માધ્યમથી એક તરફ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર અને સ્થાનિક બજાર મળશે, તો બીજી તરફ ગ્રામજનો અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત તથા પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત ખાદ્ય પેદાશો સરળતાથી ઉપલબ્ધ થશે.

#### ઉદ્ઘાટન સમારોહ અને મહાનુભાવોની ઉપસ્થિતિ

આ વિશેષ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન વડિયા ગામના સરપંચ શ્રીમતી બિંદિયાબેન વસાવાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી વિનોદભાઈ પટેલ, મદદનીશ ખેતી નિયામક (ખેડૂત તાલીમ કેન્દ્ર) શ્રી ચંદ્રેશભાઈ ચૌધરી તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના શ્રી સંદીપભાઈ રાઠવા સહિત કૃષિ વિભાગના અધિકારીશ્રીઓ, ઉત્સાહી ખેડૂતો, ગ્રાહકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોની ઉપસ્થિતિએ આ કાર્યક્રમની ઉત્સાહ અને પ્રેરણામાં વધારો કર્યો હતો.

#### ખેતરથી ગ્રાહક સુધીની સીધી કડી અને સુવિધાઓ

વડિયા ખાતે શરૂ કરાયેલું આ નૂતન વેચાણ કેન્દ્ર 'ખેતરથી ગ્રાહક સુધી'ની સીધી કડીને વધુ મજબૂત બનાવશે. અહીં પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત તાજી શાકભાજી, મરી-મસાલા તેમજ અન્ય ખેતી પેદાશો ગ્રાહકોને ઉપલબ્ધ થશે.





જેના કારણે સ્થાનિક લોકોને પોતાના વિસ્તારના ખેડૂતો પાસેથી સીધી રીતે ગુણવત્તાયુક્ત પેદાશો મેળવવાની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગ્રાહકોને શુદ્ધ અને રાસાયણિક મુક્ત ખોરાક મળી રહેશે.

#### ખેડૂતોને પ્રોત્સાહન અને આરોગ્યપ્રદ જીવનશૈલી

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સામે ઘણીવાર પોતાની પેદાશો માટે યોગ્ય બજાર શોધવાનો મોટો પડકાર રહે છે. આ વેચાણ કેન્દ્ર ખેડૂતોને સ્થાનિક સ્તરે સીધું બજાર પૂરું પાડશે, જેનાથી ખેડૂતોને તેમની પેદાશનું યોગ્ય વળતર મેળવવામાં મદદ મળશે અને અન્ય ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ આકર્ષિત થશે. સ્થાનિક સ્તરે પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત ખાદ્ય પેદાશોની ઉપલબ્ધતા લોકોમાં સ્વસ્થ આહાર અને પૌષ્ટિક જીવનશૈલી અંગે જાગૃતિ વધારવામાં અત્યંત મદદરૂપ બની રહેશે.

### કાર્યસ્થળે જ સારવાર મળવાથી શ્રમિકોનો સમય અને ખર્ચ બંને બચે અને તેઓ ઝડપથી ફરી પોતાના કાર્યમાં જોડાઈ શકે

# નર્મદા જિલ્લામાં ધન્વંતરિ આરોગ્ય રથ શ્રમિકોને કામના સ્થળે પહોંચાડી રહ્યો છે આરોગ્ય સેવાઓ

(દિલીપ વસાવા) રાજપીપલા । તા. 11

"સ્વસ્થ શ્રમિક એટલે સમૃદ્ધ પરિવાર અને વિકાસશીલ ગુજરાત" આ વિચારને સાર્થક કરતી ગુજરાત સરકાર દ્વારા બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિકોના આરોગ્યની સુરક્ષા માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા અમલમાં મૂકવામાં આવેલી "ધન્વંતરિ આરોગ્ય રથ યોજના" આજે નર્મદા જિલ્લાના હજારો બાંધકામ શ્રમિકો માટે આશીર્વાદરૂપ બની છે. GVK દ્વારા તેમાં સ્ટાફ અને દવાઓનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.

બાંધકામ શ્રમિકો રોજિંદા જીવનમાં ભારે શારીરિક શ્રમ કરે છે. તડકો, વરસાદ અને ધૂળ





વચ્ચે કામ કરતી વખતે સામાન્ય ઈજાઓથી લઈને વિવિધ વ્યવસાયિક રોગોનું જોખમ પણ વધારે રહે છે. આવા સમયે સમયસર સારવાર ન મળવાથી તેમની આવક અને પરિવારના જીવન પર સીધી અસર પડે છે. આ જ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આરોગ્ય સેવાઓને શ્રમિકોના કાર્યસ્થળ સુધી પહોંચાડવાનો અભિગમ અપનાવ્યો છે. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારી અને નોકરીની શરતો) અધિનિયમ-૧૯૯૬ હેઠળ રચાયેલ બોર્ડ દ્વારા શિક્ષણ સહાય, પ્રસૂતિ સહાય અને શ્રમિક અન્નપૂર્ણા જેવી અનેક યોજનાઓ અમલમાં છે, જેમાં ધન્વંતરિ આરોગ્ય રથ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે.

રાજપીપળામાં કડિયાનાકા ખાતે આ રથમાં દવા લેવા આવેલા શ્રમિક શ્રી રામચંદ્ર લાલુભાઈ ચૌહાણે જણાવ્યું કે, અમે રોજિંદુ કામ કરીને કમાઈએ છીએ, ત્યારે નાની-મોટી બિમારી થાય ત્યારે આ રથમાંથી જ નિયમિત દવાઓ લઈએ છીએ, જેથી દવાખાના સુધી જવાની જરૂર પડતી નથી. દેડિયાપાડાના કણજી ગામેથી આવેલા શ્રીમતી ભામટીબેન વસાવાએ જણાવ્યું કે, દવાખાનામાં જવાથી આખો દિવસ બગડે અને રિક્ષા ભાડું પણ થાય, પરંતુ સવારમાં કડિયાનાકા પર આ રથ આવવાથી વિનામૂલ્યે સરળતાથી દવા મળી રહે છે.

### દેશભક્તિના રંગે રંગાશે એકતાનગર

## નર્મદા જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વસંધ્યાએ 'કસુંબીનો રંગ' કાર્યક્રમ

(એજન્સી)રાજપીપળા। તા. 11

ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં રાષ્ટ્રભક્તિ અને દેશપ્રેમનો માહોલ સર્જાઈ રહ્યો છે. ત્યારે નર્મદા જિલ્લામાં પણ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વસંધ્યાએ નાગરિકોમાં રાષ્ટ્રભાવના વધુ પ્રબળ બને અને દેશભક્તિના રંગ સાથે સાંસ્કૃતિક ઉત્સવની અનુભૂતિ થાય તેવા હેતુથી 'કસુંબીનો રંગ'નામે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું એકતાનગર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર, નર્મદા દ્વારા આ કાર્યક્રમનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંગીત અને સાંસ્કૃતિક રજૂઆતોના માધ્યમથી દેશપ્રેમ, રાષ્ટ્રભાવના અને ગુજરાતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો સુંદર સંગમ જોવા મળશે. સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા નાગરિકોમાં દેશની સંસ્કૃતિ અને ઈતિહાસ પ્રત્યેનો આદરભાવ વધુ દ્રઢ બનશે.




આ વિશેષ કાર્યક્રમમાં જાણીતા કલાકારો શ્રી અભેસિંહ તથા સુશ્રી રાધાબેન વ્યાસ દ્વારા ભાવસભર સંગીતમય રજૂઆતો કરવામાં આવશે. કલાકારોની મનમોહક રજૂઆતો સાથે ઉપસ્થિત નાગરિકો દેશભક્તિના રંગે રંગાઈ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ઉત્સાહમાં ઉત્સાહભેર સહભાગી બનશે. 'કસુંબીનો રંગ' કાર્યક્રમનું આયોજન તારીખ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન એકતા ઓડિટોરિયમ, એકતા નગર (સ્ટેચ્યુ ઓફ યુનિટી) ખાતે કરવામાં આવ્યું છે.

### નર્મદા જિલ્લામાં 'હર ઘર તિરંગા અભિયાન-2026'

## 12મી ઓગસ્ટે રાજપીપળામાં જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા યોજાશે

(એજન્સી)રાજપીપળા। તા. 11

દેશભક્તિની ભાવનાને જન-જન સુધી પહોંચાડવા અને રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની લાગણી વધુ પ્રબળ બનાવવા માટે સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા અભિયાન-૨૦૨૬'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ વિવિધ રાષ્ટ્રભક્તિપૂર્ણ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તારીખ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાજપીપળા ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય 'તિરંગા યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જે દ્વારા નાગરિકોમાં દેશપ્રેમનો અદ્ભુત માહોલ સર્જાશે.

નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાજપીપળાના ધાબા ગ્રાઉન્ડ (સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ) થી પ્રસ્થાન કરશે અને ત્યાંથી થઈને શ્રી વિનાયક રાવ ગાર્ડન, રાજપીપળા ખાતે પહોંચશે. આ ભવ્ય તિરંગા યાત્રામાં વિવિધ વિભાગોના અધિકારીઓ




અને કર્મચારીઓ, શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, યુવાનો તેમજ મોટી સંખ્યામાં ઉત્સાહી નાગરિકો જોડાઈને રાષ્ટ્રભક્તિના રંગે રંગાશે. તિરંગા યાત્રા દરમિયાન રાષ્ટ્રધ્વજ સાથે જોડાયેલા ગૌરવ અને રાષ્ટ્રભાવનાનો પવિત્ર સંદેશો જનમાનસને આપવામાં આવશે. 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત દરેક નાગરિક પોતાના ઘર પર રાષ્ટ્રધ્વજ ફરકાવી દેશ પ્રત્યેની પોતાની અનન્ય લાગણી અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વ્યક્ત કરે તે માટે પણ વિશેષ પ્રેરણા પૂરી પાડવામાં આવશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમારે અનેક ટેન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે.

**કર્ક : ડ. હ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

**કન્યા : પ. ઠ. ણ.**

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો.

**તુલા : ર. ત.**

ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો.

**વૃશ્ચિક : ન. ય.**

થોડુંક ટૅન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો.

**મકર : ખ. જ.**

તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો.

### કુલદીપભાઈએ ભાષા અનુવાદક તરીકે અદ્ભુત ભૂમિકા ભજવી હતી

# “કચ્છનું ગૌરવ વિશ્વમાં: ભુજના કોટાય ગામની હાથશાળ જોઈ ઈટાલીની મહેમાન અભિભૂત”

| મહેશ એલ.સોની | નખત્રાણા

સોશિયલ મીડિયાના યુગમાં કચ્છની હસ્તકલા આજે સાત સમુદ્ર પાર પોતાનો ડંકો વગાડી રહી છે. કચ્છની રોગાન, ભરતકામ અને હાથવણાટ હવે માત્ર દેશમાં જ નહીં, દુનિયાભરમાં લોકપ્રિયતાના શિખરે છે. આનું જીવંત ઉદાહરણ ભુજ તાલુકાના કોટાય ગામે જોવા મળ્યું હતું..કચ્છ થી હજારો માઈલ દૂર *ઈટાલી*થી એક ગોરી મેમ ખાસ કચ્છની હાથશાળ કલાને નિહાળવા અહીં આવી પહોંચી હતી. એનું મુખ્ય કારણ હતું કચ્છના પ્રસિદ્ધ કારીગર પ્રવિણભાઈ સંજોટનું અદ્ભુત વણાટકામ.પ્રવિણભાઈ સંજોટનો આ વારસાગત ધંધો છે. તેમના પિતા પણ નામાંકિત વણકર રહી ચૂક્યા છે. તેમના હાથે વણાયેલી ગરમ શાલ, મફલર, સાડી અને સ્ટોલની ઝીણવટભરી કારીગરીથી પ્રભાવિત થઈને જ ઈટાલીની મહેમાને કોટાયની મુલાકાત લીધી હતી. મહેમાનનું સ્વાગત પણ એકદમ કચ્છી અંદાજમાં થયું. પ્રવિણભાઈની બહેન ડોલીબેને ગોરી મેમને કચ્છી સ્કાર્ફ



પહેરાવી ઉષ્માભર્યું આવકાર આપ્યો. ત્યારબાદ ડોલીબેને સાડીમાં પફ-ઝરી બાંધવાની બારીકી, મિતલબેને સ્ટોલમાં પફ બાંધવાની કળા અને પ્રવિણભાઈએ હાથશાળનો લાઈવ ડેમો આપીને મહેમાનને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કચ્છની આ જીવંત કલા અને મહેમાનગતિથી અભિભૂત થયેલી ઈટાલીની ગોરી મેમે હસ્તકલાની અનેક આઈટમનો ઓર્ડર આપ્યો. હવે કચ્છની આ વણાટકલા ઈટાલીની ધરતી પર પણ શોભશે.



## ગુજરાતીનો અધ્યાપક સંઘ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંયુક્ત ઉપક્રમે યોજાઇ વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.11,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ..નાં ગુજરાતી ભવન અને ગુજરાતિનો અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજીનાં અધ્યક્ષ સ્થાને જૂનાગઢ સી.એલ. કોલેજ કેમ્પસ ખાતે યોજાઇ હતી. કાર્યક્રમને દિપ પ્રાગટ્યથી ખુલ્લો મુકતા કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ગ્રામીણ કે પ્રાદેશિક વિસ્તારો માંથી શહેરો તરફ સ્થળાંતર વધતા પરંપરાગત સામુદાયિક જીવન અને સંયુક્ત પરિવારો તૂટવાનાં બનાવો વધતા ચાલ્યા છે. ત્યારે આજની વ્યાખ્યાનમાળામાં તથ્યો અને વિદ્વત્ત ચર્ચા મંથન નવિ દિશા પ્રદાન કરશે. પ્રાદેશિક લોક સંસ્કૃતિ અને વિદ્યા વિસ્તાર વચ્ચે ખૂબ જ ઊંડો અને પૂરક સંબંધ છે. કોઈ ચોક્કસ પ્રદેશની પરંપરાગત સંસ્કૃતિ સાથે આધુનિક શિક્ષણ અને જ્ઞાન નો વિસ્તાર ભળે છે, ત્યારે સમાજમાં સકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારની અસરો જોવા મળે છે. શિક્ષણ વધવાને કારણે લોકજીવનમાં વણાયેલા અંધવિશ્વાસ, જાતિવાદ, અને બાળલગ્ન જેવા અનિષ્ટ કુરિવાજો ધીમે-ધીમે દૂર થાય છે અને વૈજ્ઞાનિક અભિગમ કેળવાય છે. વિદ્યા વિસ્તારથી પ્રાદેશિક હસ્તકલા સાથે જોડાયેલા લોકોને બજારની સમજ મળે છે. તેઓ આધુનિક બિઝનેસ તકનીકો શીખીને પોતાના પરંપરાગત વ્યવસાયને મોટા પાયે વિકસાવી શકે છે. કાર્યક્રમનાં અંતે કોમલ મકવાણાએ આભાર દર્શનક યું હતુ.

## જનતાની અવર-જવર રહેતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજિયાત

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.11

અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબંધ બૉમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. આવા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તેમજ તપાસકામે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, તેવા સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરૂરી પગલાં લેવા સૂચનાઓ બહાર પાડતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.એસ.બારડને ફોજદારી BNSS,2023 ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં તમામ હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટની દુકાન, ધાબા, ગેસ્ટ હાઉસ, લોજિંગ- બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિ ગૃહો, વિશ્રામ ગૃહો, રિસોર્ટ, ફાર્મ હાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, જીઆઈડીસી, પેટ્રોલ પંપ, સીએનજી પમ્પ, ગેસ એજન્સી, બેંકો, એટીએમ સેન્ટર, સિનેમા ઘર, શોપિંગ મોલ, ટોલ પ્લાઝા, આંગડિયા પેઢી, સાઈબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગ બગીચા, ટ્યુશન ક્લાસીસ, યુનિવર્સિટિ, શાળા- કોલેજો, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેસા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી- એક્ઝિટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ 30 માટે સાચવવાનો રહેશે.

## MY Bharat દ્વારા જૂનાગઢમાં ત્રણ દિવસીય Future Youth Leaders Bootcamp નું આયોજન

| નરેન્દ્ર દવે જૂનાગઢ , તા 11|

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત મેરા યુવા ભારત (MY Bharat), જૂનાગઢ દ્વારા યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, વ્યક્તિત્વ વિકાસ, ડિજિટલ-નાણાકીય સાક્ષરતા તથા રાષ્ટ્ર નિર્માણની ભાવના વિકસાવવાના હેતુ થી તા. ૧૦ થી ૧૨ ઓગસ્ટ દરમિયાન સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે ત્રણ દિવસીય MY Bharat Future Youth Leaders Bootcamp નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે જૂનાગઢના નિવાસી અધિક કલેક્ટરશ્રી બી.એસ.બારડ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનોને સકારાત્મક વિચારસરણી, જવાબદારી અને નેતૃત્વ ક્ષમતા સાથે વિકસિત ભારત @2047ના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારીશ્રી મયંક ભદૌરિયા દ્વારા MY Bharatની વિવિધ યુવા-કેન્દ્રિત પહેલો અને બૂટકેમ્પની રૂપરેખા અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન “નશા મુક્ત ભારત”ની શપથ લેવડાવવામાં આવી તેમજ સ્વચ્છતા પખવાડિયા અને “હર ઘર તિરંગા” અભિયાન નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.બૂટકેમ્પના પ્રથમ દિવસે નેતૃત્વ અને Emotional Intelligence, Governance અને District Transformation, Financial Literacy, Computer & Internet તથા Artificial Intelligence જેવા વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રભક્તિના રંગે રંગાશે

## દયાપરમાં 12 ઓગસ્ટ આજે ભવ્ય તિરંગા યાત્રા

જગદીશ પી દવે| દેશલપર (ગુંતલી)

ભારત માતાકી જય અને વંદે માતરમના જયઘોષ સાથે લખપત તાલુકાના દયાપર ગામે તા. 12 ઓગસ્ટ, આજે બુધવારના રોજ સવારે 8:30 કલાકે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાનો પ્રારંભ મામલતદાર કચેરી, દયાપર ખાતેથી કરવામાં આવશે.આ તિરંગા યાત્રામાં દયાપર તેમજ લખપત તાલુકાના દેશપ્રેમી નાગરિકો, યુવાનો, ભાજપના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાય તેવી અપીલ કરવામાં આવી છે. તિરંગા યાત્રા દરમિયાન દેશભક્તિના નારા સાથે સમગ્ર દયાપર રાષ્ટ્રભક્તિના રંગે રંગાશે.આ અંગે કચ્છ ભાજપ સંગઠનના મંત્રી રાજેશભાઈ પલણે જણાવ્યું હતું કે, “તિરંગો દેશની આન, બાન અને શાનનું પ્રતિક છે. રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે યોજાનારી આ તિરંગા યાત્રામાં સૌ નાગરિકો ઉત્સાહભેર જોડાઈ યાત્રાને ભવ્ય બનાવે.”આ તિરંગા યાત્રાને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.



(ઇન્સેટ તસવીર નંદની વાસાણી, દેશલપર-ભુજ ની છે)

## “ધીણોધરે” ઓઢી લીલી ચાદર, પ્રકૃતિના ખોળે ખીલ્યું “કચ્છનું ગિરનાર”

| મહેશ એલ.સોની | નખત્રાણા

વરસાદ બાદ કચ્છના વેરાન ડુંગરો હવે લીલા થયા છે. જિલ્લાનું પ્રખ્યાત યાત્રાધામ ધીણોધર ડુંગર હાલ સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. જાણે આખા ડુંગરે લીલી ચાદર ઓઢી હોય તેવા નયનરમ્ય દ્રશ્યો પ્રવાસીઓને આકર્ષી રહ્યા છે. નખત્રાણા તાલુકાના અરલ ગામ પાસે આવેલો આ ઐતિહાસિક ડુંગર ચોમાસામાં પ્રવાસનનું હોટસ્પોટ બન્યો છે. વરસાદ બાદ આજુબાજુ ગીચ વનરાજી અને વાદળોથી ઘેરાયેલા પહાડો જોઈને મન પ્રસન્ન થઈ જાય છે. દેશલપર, ભુજની જાણીતી યુવા લેખિકા તેમજ ફોટોગ્રાફર નંદની વાસાણીએ પોતાના કેમેરામાં કેદ કરેલા દ્રશ્યોમાં પણ ધીણોધરનું સ્વર્ગીય સૌંદર્ય જોઈ શકાય છે.આ ડુંગર માત્ર સુંદરતા માટે જ નહિ. 1000 પગથિયાં ચડવાનો રોમાંચ, ટોચ પરથી એક તરફ સૂકું રણ અને બીજી તરફ લીલી હરિયાળી જોવાનો અનુભવ અહીં મળે છે. ધીણોધર નાથ સંપ્રદાયના સિદ્ધ યોગી ધોરમનાથજીની તપોભૂમિ છે. દંતકથા મુજબ ધોરમનાથજીની દ્રષ્ટિથી જ દરિયો સુકાઈને કચ્છનું રણ બન્યું હતું. તળેટી “થાન” માં આજે પણ તેમની અખંડ ધૂણી અને 3 ફૂટની માર્બલ મૂર્તિ છે. ટોચ પર પગલાં, દેરી અને અખંડ જ્યોત આવેલા છે.દર ફાગણ સુદ ચોથ-પાંચમ ના મેળા અને નવરાત્રિમાં અહીં હજારો ભક્તો ઉમટે છે.કવિ નિરંજને તો ધીણોધરને હિમાલયની ઉપમા આપી છે તેમના શબ્દોમાં કહીએ તો - _”હેમાળે વટ પૂગો નિરંજન, ધીણોધર સંભરન”_મુંજી માતૃ ભૂમિ કે નમન...

## રવેચી માતાજી ઉપર અતૂટ શ્રદ્ધા : નથરકુઈથી 150 કિમીની પગપાળા યાત્રા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

રવેચી માતાજી ઉપરની અતૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ભુજ તાલુકાના નાથરકુઈ ગામેથી આશરે 150 કિમીની પગપાળા યાત્રાએ નીકળેલા ભક્તો ધાર્મિક સ્થળોએ દર્શનાર્થે આગળ વધી રહ્યા છે. સંઘ તા. 11ના રોજ રવેચી ખાતે અને તા. 12ના રોજ મોરાગઢ ખાતે પહોંચશે.આ પગપાળા સંઘમાં કાનાભાઈ દાના, સામજીભાઈ હમીર, ગાગાભાઈ નથુ, રમેશભાઈ ગોવિંદ, વિષ્ણુભાઈ હીરા, રાજેશભાઈ ભીમા, હીરાભાઈ લખા, રણછોડભાઈ તથા સાજનભાઈ રબારી સહિતના ભક્તો જોડાયા છે.રવેચી માતાજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધા સાથે ભક્તો પગપાળા યાત્રા કરી રહ્યા છે. યાત્રાળુઓની આ ધાર્મિક ભાવનાને ગ્રામજનો દ્વારા વધાવી લેવામાં આવી હતી અને સંઘની યાત્રા સુખદ તથા નિર્વિઘ્ન પૂર્ણ થાય તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



## રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ નિમિતે જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીનામાં ૧ થી ૧૯ વર્ષના બાળકોને કૃમિનાશક ગોળીઓનું વિતરણ

| નરેન્દ્ર દવે જૂનાગઢ ,તા.11.

જૂનાગઢ જિલ્લામાં માળીયા હાટીના તાલુકામાં આજે તા.૧૦ ઓગસ્ટ ના રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અભિયાન તાલુકા હેલ્થ ઓફિસ માળીયાના ડૉ.ડાભી અને તમામ પીએચસી ના મેડિકલ ઓફિસર્સના સચોટ માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત તાલુકાના ૧ થી ૧૯ વર્ષ સુધીના શાળાએ જતા તેમજ ન જતા તમામ બાળકોને કૃમિમુક્ત કરવા માટે FHW , MPHW, CHO અને આશા બહેનો દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી હતી. આ અભિયાનમાં બાળકો તેમજ શિક્ષકોને આ અંગે વિશેષ સમજૂતી આપવામાં આવી હતી, જેમાં ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને આલબેન્ડાઝોલ (Albendazole) ની ગોળી ચાવીને ખાવાની અને ત્યારબાદ સ્વચ્છ પાણી પીવાની સમજ આપી ગોળીનું વિતરણ કરાયું હતું.

## વીજ ફરિયાદોના ઝડપી નિરાકરણ માટે જૂનાગઢ PGVCL દ્વારા ફોલ્ટ સેન્ટરોના નંબર જાહેર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ,તા 11

‘સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ’ ના ઉમદા ધ્યેય સાથે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) વર્તુળ કચેરી,જૂનાગઢ દ્વારા તેના માનવંતા વીજ ગ્રાહકોના વીજ વિક્ષેપ સંબંધિત પ્રશ્નોનું સરળતાથી અને ઝડપી નિરાકરણ આવે તે માટે તમામ પેટા વિભાગીય કચેરીઓના ફોલ્ટ સેન્ટરોના સંપર્ક નંબરો જાહેર હિતમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. વીજ ગ્રાહકો પોતાની ફરિયાદ માટે ૨૪x૭ કાર્યરત ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૩ પર તેમજ વ્હોટ્સએપ નંબર ૯૫૧૨૦૧૯૧૨૨ પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત સવારે ૧૦:૩૦ થી સાંજના ૬:૧૦ સુધી જનસેવા કેન્દ્રના નંબર ૦૨૮૫-૨૬૫૦૧૮ પર પણ સંપર્ક કરી શકાશે. જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળ આવતી વિવિધ વિભાગીય અને પેટા વિભાગીય કચેરીઓના ફોલ્ટ સેન્ટરો માટે લેન્ડલાઈન અને મોબાઈલ નંબર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. શહેર વિભાગીય કચેરી, જૂનાગઢ હેઠળ સેન્ટ્રલ પેટા વિભાગ માટે ૦૨૮૫-૨૬૨૨૪૮૦, ૦૨૮૫-૨૬૫૦૦૯૩ અને મોબાઈલ ૯૬૮૭૬૩૩૭૪૧ છે. ગાંધીગ્રામ માટે ૦૨૮૫-૨૬૩૫૮૭૮, ૦૨૮૫-૨૬૩૫૦૯૫ અને મોબાઈલ ૯૬૮૭૬૩૩૭૪૩ પર સંપર્ક કરવો. જીઆઈડીસી વિસ્તાર માટે ૦૨૮૫-૨૬૫૧૧૩૧, ૦૨૮૫-૨૬૫૧૧૩૨ અને મોબાઈલ ૯૬૮૭૬૩૩૭૪૨, જ્યારે સેટેલાઈટ વિસ્તાર માટે ૦૨૮૫-૨૬૩૨૯૩૦ અને મોબાઈલ ૯૬૮૭૬૩૩૭૪૫ ફાળવવામાં આવ્યા છે. ગ્રામ્ય વિભાગીય કચેરી-૧, જૂનાગઢ હેઠળ જુનાગઢ ગ્રામ્ય માટે ૦૨૮૫-૨૬૬૧૮૮૪ (મો. ૯૬૮૭૬૩૩૭૫૦), બિલખા માટે ૦૨૮૫-૨૬૮૩૧૬૦, ૦૨૮૫-૨૬૮૩૩૯૬ (મો. ૯૬૮૭૬૩૩૭૫૧), ભેસાણ માટે ૦૨૮૭૩-૨૫૩૩૨૯ (મોબાઈલ: ૯૬૮૭૬૩૩૭૫૨), વિસાવદર-૧ માટે ૦૨૮૭૩-૨૨૨૧૦૮ (મો.૯૬૮૭૬૩૩૭૫૪) વિસાવદર-૨ માટે ૦૨૮૭૩-૨૨૧૧૦૮ (મોબાઈલ: ૯૬૮૭૬૩૩૭૫૭) અને શાપુર માટે ૦૨૮૭૨-૨૫૭૪૪૦ (મોબાઈલ: ૮૮૭૮૨૦૨૧૪૦) પર સંપર્ક કરી શકાશે.

### ઉજવણી

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. નાં વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉત્સાહભેર થઇ ઉજવણી



| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.11,

ગુજરાત અને વિશ્વભરમાં એશિયાટિક સિંહોના સંરક્ષણ અને જાગૃતિ માટે વિશ્વ સિંહ દિવસની થઇ રહેલ ઉજવણીનાં ભાગરૂપ આજે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલયનાં વિદ્યાર્થીઓ દ્વારા સિંહ સંવર્ધન, જંગલની સુરક્ષા અને જાગૃતિલક્ષી કાર્યક્રમો, ક્વીઝ કોર્નર અને એક્સ્પર્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સક્કરબાગ પ્રાણી સંગ્રાહાલય માં બાયોલોજીસ્ટ તરીકે સેવા આપતા રવિ પટેલ અને અગ્નિ વ્યાસે યુનિ.નાં વિદ્યાર્થીઓ ને વિશ્વ સિંહ દિવસની ઉજવણીનો હેતુ સમજાવી પ્રકૃતિની જૈવિક સાંકળ અને પર્યાવરણિય શ્રૃંખલાની જાણકારી આપી હતી. યુનિ.નાં રજીસ્ટાર ડો. આર.જી. પરમારે વિદ્યાર્થીઓને પ્રકૃતિ સંવર્ધન અને સિંહ સંભાળની વાત કરી જણાવ્યુ હતુ કે આજનો દિવસ સિંહોનું સંરક્ષણ અને તેમની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે જનચેતના જાગૃત કરવા માટે ખાસ છે. સિંહ સંરક્ષણ વગર પર્યાવરણ અસંતુલિત થઈ શકે છે, જે માનવ જીવન પર પ્રતિકૂળ અસર કરી શકે છે. તેથી, વિશ્વ સિંહ દિવસ માનવજાતિ માટે એક સંકેત છે કે આપણે પ્રકૃતિનું સંરક્ષણ કરવું આવશ્યક છે. પ્રાણીશાસ્ત્ર વિભાગીય વડા ડો.જતીન રાવલે વિશ્વ સિંહ દિવસની ઉજવણીનો હેતુ સમજાવતા કહ્યુ હતુ કે માત્ર એક દિવસ માટે નહીં,પરંતુ એક સમર્પિત ભાવ સાથેનો સહિયારો પ્રયાસ આપણને સૌને સિંહ સંરક્ષણ અને સિ;હ સંવર્ધન માટે પ્રેરીત કરે છે. આજનાં દિવસે યુનિ. સંલગ્ન કોલેજો દ્વારા પણ સિંહ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.

## હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી ‘પથિક’સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.11,

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી, સુરક્ષાના કારણોસર અને કાયદો, વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લાની તમામ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથિગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડી, બોર્ડિંગ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુઓ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસ, ફાર્મ હાઉસ, રિસોર્ટ ખાતે આવતા પ્રાંત, રાજ્ય, દેશ- વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો ઑનલાઈન ‘પથિક’ સોફ્ટવેરમાં નોંધણી કરવી ફરજિયાત રહેશે. ઉપરોક્ત તમામ સ્થળોએ રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી ‘પથિક’ સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારશ્રીના માર્ગદર્શન અનુસાર આઇ.વી. એફ.આર.ટી. એટલે કે ઈમિગ્રેશન, વિઝા, ફોરેનર્સ રજીસ્ટ્રેશન એન્ડ ટ્રેકિંગ નામની ઓનલાઈન સર્વિસ શરૂ કરવામાં આવી છે. જેમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ હોટલના માલિક અને સંચાલકોએ યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મેળવી લેવાના રહેશે. તેનો રેકર્ડ પણ નિભાવવાનો રહેશે અને આ તમામ જાણકારી એસ.ઓ.જી. ઓફિસ,જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. તેમજ www.indianfrro.gov.in/frro/Form C આ લિંક પર જઈને ફોર્મ સી માં દરરોજ આવતા મુસાફરોની માહિતી અપલોડ કરીને સેવ કરવાની રહેશે. આ માહિતીની પ્રિન્ટ આઉટ જે તે સંસ્થા કે હોટલના માલિક કે સંચાલકે સહી સિક્કા કરીને એક નકલ પોતાના રેકર્ડમાં રાખવી. બીજી આવી જ નકલ એસ.ઓ.જી. કચેરી, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. દરેક મુસાફર, યાત્રાળુ કે વિદેશી નાગરિકોના નકકર પુરાવા મેળવવાના રહેશે. લોકલ રેફરન્સ સિવાયના વિદેશી મુસાફરો કે અજાણ્યા લોકોના પ્રવાસ માટેનો શું ઉદ્દેશ્ય છે તે માહિતી ખાસ રીતે મેળવવાની રહેશે. આ ઉપરાંત આ તમામ માહિતી https://pathik.guru/ આમાં પણ નોંધણી કરાવવી જરૂરી રહેશે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લાની તમામ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથી ગૃહ, વિશ્રામગૃહ, સમાજ વાડી, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફર ખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસ, ફાર્મ હાઉસ, રિસોર્ટ ખાતે આવતા પ્રાંત, રાજ્ય, દેશ-વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો પથિક સોફ્ટવેર માં હોટેલના માલિક અથવા સંચાલકે અવશ્ય કરવાની રહેશે. આ અંગેના નિયમો અનુસરવાના રહેશે. હોટેલમાં રોકાણ કરવા આવનાર કોઈપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાય તો તેની તાત્કાલિક જાણ એસ.ઓ.જી. શાખા, સ્થાનિક પોલીસ અથવા પોલીસ કંટ્રોલ રૂમ, જૂનાગઢને કરવાની રહેશે.

તેમજ CCTV રેકોર્ડિંગનો ઓછામાં ઓછા ત્રણ માસનો બેકઅપ સુરક્ષિત રીતે જાળવવાનો રહેશે. મુસાફરો જે વાહનમાં આવ્યા હોય તે વાહનની જરૂરી વિગતો મેન્યુઅલ ગેટ રજીસ્ટર ઉપરાંત ઓનલાઈન ‘પથિક’ વેબ પોર્ટલ પર પણ નોંધવાની રહેશે. આકસ્મિક આગની ઘટનામાં તાત્કાલિક આગ ઓલવવા માટે જરૂરી સંખ્યામાં તથા યોગ્ય ક્ષમતાના Fire Extinguisher ઉપલબ્ધ રાખવાના રહેશે. “પથિક” વેબ પોર્ટલ સંબંધિત રજીસ્ટરો તથા રેકોર્ડ, પોલીસ ઓફિસર વિઝીટ બુક, ઈમરજન્સી કોલ બુક વગેરે રિસેપ્શન કાઉન્ટર પર રાખવાના રહેશે. પોલીસ અધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે સંબંધિત રેકોર્ડ તાત્કાલિક રજૂ કરવાનો રહેશે.

## જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બગડુ ખાતે રોજગાર કાર્ડ એનાયત કાર્યક્રમ” તથા “કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમીનાર યોજાયો.

| નરેન્દ્ર દવે જૂનાગઢ જૂનાગઢ,તા.11

જૂનાગઢ જિલ્લાનાં યુવાઓને રોજગાર અને કારકિર્દી માટે માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા રોજગાર કચેરી કાર્યરત છે. જિલ્લાનાં યુવાઓ પોતાની નોંધણી થકી રોજગાર કચેરીની જુદી-જુદી સેવાઓ મેળવી શકે છે. જિલ્લા રોજગાર કચેરી-જુનાગઢ દ્વારા જિલ્લાનાં યુવાઓ કચેરીના લાભોનો મહતમ લાભ લઈ શકે તેમજ યુવાઓના શ્રમ-શક્તિ નાણાંનો વ્યય અટકાવાનાં આશયથી જિલ્લાની શાળા-કોલેજો-ઔધોગીક સંસ્થાઓમા નામ નોંધણી કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવે છે. જે અન્વયે દાસારામ શૈક્ષણિક સંકુલ,બગડુ ખાતે જિલ્લા રોજગાર કચેરી જૂનાગઢ દ્વારા સ્કુલનાં વિધાર્થીઓ માટે “રોજગાર કાર્ડ એનાયત કાર્યક્રમ” અને કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. જેમા શૈક્ષણિક અને તાલીમી સંસ્થાઓમા વિધાર્થીઓ/તાલીમાર્થીઓ પાસેથી દસ્તાવેજો મેળવી રોજગાર કચેરી ખાતે નામ નોંધણી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. રોજગાર કાર્ડ તૈયાર થતા જે તે સંસ્થાઓમા રોજગાર કાર્ડ વિતરણ કરવામાં આવ્યુ હતું. તે દરમ્યાન વિધાર્થીઓના નામ નોંધણી રીન્યુઅલ અને અપડેશન વિષે માહિતી આપવામાં આવી હતી. રોજગાર કચેરી જૂનાગઢ દ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓ જેવી કે ઔધોગીક ભરતી મેળા, કારકિર્દી માર્ગદર્શન, આર્મી નિવાસી તાલીમ, સ્વરોજગાર શીબીર, સેમિનાર,કાઉસેલીંગ તેમજ પ્રધાન મંત્રી ઈન્ટર્નશીપ યોજના, પ્રધાન મંત્રી વિકસીત ભારત રોજગાર યોજના વગેરે વિશે વિધાર્થીઓને માહીતગાર કરાયા હતા. આ નામ-નોંધણી કેમ્પ માટે કચેરીના કાઉન્સેલર વી .ટી.પાંચાલીયા અને કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમીનાર શ્રી એસ.ડી. યાદવ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી.

## રોકાણના દાવાઓનું ખંડન અને સત્યની જીત

# અમેરિકામાં ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના લાંચ અને છેતરપિંડીના તમામ કેસ રદ

(એજન્સી) નવી દિલ્હી | તા 11

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના ગુનાહિત આરોપો યુએસ કોર્ટે ફગાવ્યા છે. ન્યૂયોર્કના ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતા કેસ બંધ કર્યો. DoJએ સ્વીકાર્યું કે કેસ કાયદાકીય રીતે નબળો અને અમેરિકાના અધિકારક્ષેત્ર બહારનો હતો. આ નિર્ણયથી અદાણી ગ્રુપને વૈશ્વિક સ્તરે મોટી રાહત મળી છે.અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને સાગર અદાણી સામે અમેરિકન કોર્ટમાં ચાલતા ગુનાહિત આરોપોને કોર્ટે ફગાવી દીધા છે. ન્યૂયોર્કના ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતા આ કેસ બંધ કરવાનો ચુકાદો આપ્યો છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય બાદ ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'x' પર પોતાની પ્રતિક્રિયા આપતા ન્યાયપ્રણાલી પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ પડકારજનક સમયમાં સત્ય,



નિષ્પક્ષતા અને કાયદાના શાસનમાં તેમનો વિશ્વાસ હંમેશાં અડીખમ રહ્યો છે. કોર્ટના નિર્ણય પહેલાં, જજે કાયદાકીય બાબતો અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને સરકારી વકીલો (પ્રોસિક્યુટર્સ) પાસે કેસ પાછો ખેંચવાનું કારણ માંગ્યું હતું. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DoJ)ના ખુલાસાથી સંતોષ માનીને જજે સ્પષ્ટ કર્યું કે આરોપો રદ કરવાનો આ નિર્ણય સંપૂર્ણપણે કાયદાના દાયરામાં અને ન્યાયના સિદ્ધાંતો મુજબ જ લેવાયો છે. DoJએ પણ કોર્ટમાં સ્વીકાર્યું હતું કે અદાણી ગ્રુપ સામેનો આ કેસ કાયદાકીય રીતે નબળો હતો અને અમેરિકાના અધિકારક્ષેત્રની બહારનો હોવાથી, તે ક્યારેય દાખલ જ નહોતો થવો જોઈતો. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે (DoJ) કોર્ટમાં જણાવ્યું હતું કે, 'આ કેસ પૂરેપૂરો ભારત સાથે જ સંકળાયેલો હતો. તેમાં ભારતીય અધિકારીઓ, ભારતીય કંપનીઓ અને ભારતમાં વીજળી પૂરી પાડવાના કરારો જ મુખ્ય બાબત હતા. અમેરિકાએ 'વિશ્વના પોલીસ' બનીને અન્ય દેશોના મામલામાં પડવું ન જોઈએ, કારણ કે તેનાથી રાજદ્વારી સંબંધો વણસે છે અને સમય તથા સંસાધનોનો ખોટો બગાડ થાય છે. ભારત પોતાની આંતરિક બાબતો અને કાયદાકીય વ્યવસ્થાને અમેરિકન પ્રોસિક્યુટર્સ કરતાં વધુ સારી રીતે સંભાળી શકે છે. આથી જ અદાણી ગ્રુપ સામે લગાવવામાં આવેલા સિક્યોરિટીઝ ફ્રોડના આરોપોનો કોઈ નક્કર કાયદાકીય આધાર નહોતો.'

કોર્ટની કાર્યવાહી દરમિયાન મીડિયાના એ અહેવાલોને પણ સંપૂર્ણપણે ફગાવી દેવામાં આવ્યા હતા, જેમાં દાવો કરાયો હતો કે આ કેસ અદાણી ગ્રુપના અમેરિકામાં પ્રસ્તાવિત રોકાણને કારણે રદ કરવામાં આવ્યો છે. પ્રિન્સિપલ એસોસિએટ ડેપ્યુટી એટર્ની જનરલ આર ટ્રેન્ટ મેકકોટેરે સ્પષ્ટતા કરી હતી કે કોઈ પણ સંભવિત રોકાણની આ નિર્ણયમાં કોઈ ભૂમિકા નહોતી અને કાયદાકીય ખામીઓને કારણે જ આ આરોપો પાછા ખેંચવામાં આવ્યા છે. આ નિર્ણયથી અદાણી ગ્રુપ માટે વૈશ્વિક સ્તરે મોટી રાહત ઊભી થઈ છે અને સત્યનો વિજય થયો છે.

## મેટા ઓપન્સ મ્યુઝ ગ્લિમર વેટ્સ; ઝુકરબર્ગે મ્યુઝ સ્પાર્ક 1.2 ટૂંક સમયમાં રિલીઝ થવાની કરી જાહેરાત

નવી દિલ્હી: સોશિયલ મીડિયા દિગ્ગજ મેટા દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે વધુ એક મોટું કદમ ઉઠાવવામાં આવ્યું છે. કંપનીએ પોતાના 30 અબજ પેરામીટર ધરાવતા શક્તિશાળી 'મ્યુઝ ગ્લિમર' એઆઈ મોડેલના વેટ્સ પબ્લિક માટે ઓપન કરી દીધા છે. આ સાથે જ મેટાના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) માર્ક ઝુકરબર્ગે જાહેરાત કરી છે કે કંપની ટૂંક સમયમાં જ તેનું લેટેસ્ટ ફાઉન્ડેશન મોડેલ 'મ્યુઝ સ્પાર્ક 1.2' પણ રિલીઝ કરવા જઈ રહી છે. ઝુકરબર્ગે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે મેટા ઓપન સોર્સ ટેક્નોલોજીનું મજબૂત સમર્થન કરે છે અને આ રિલીઝને લઈને કંપનીમાં ભારે ઉત્સાહ છે.મેટા સુપરઈન્ટેલિજન્સ લેબ્સ દ્વારા વિકસાવવામાં આવેલું 'મ્યુઝ ગ્લિમર' એક ડેન્સ મોડેલ છે, જેને ખાસ કરીને ગ્રાહકોના પર્સનલ કમ્પ્યુટર પર લોકલી (સ્થાનિક સ્તરે) રન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. મેટાના જણાવ્યા અનુસાર આ મોડેલ "હંમેશાં ચાલુ રહેતા લોકલ એજન્ટ વર્કફ્લો" માટે તૈયાર કરવામાં આવ્યું છે, જે સિંગલ કન્ઝ્યુમર ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ (GPU)થી સજ્જ મેક (Mac) અથવા પીસી (PC) પર સરળતાથી કામ કરી શકે છે.

# News Brief

## ભારતમાં ક્રિપ્ટો ઈન્વેસ્ટર્સ મોટા થઈ રહ્યા છે: 30-45 વર્ષની ઉંમર જૂથ તરફનો ફેરફાર શું દર્શાવે છે

મુંબઈ: છેલ્લા થોડા વર્ષોમાં ભારતનું ક્રિપ્ટો ઈકોસિસ્ટમ ઘણું આગળ વધી ગયું છે. જે એક સમયે મુખ્યત્વે યુવા, ટેક-સેવી લોકો માટેનું ઈન્વેસ્ટમેન્ટ ઓપ્શન માનવામાં આવતું હતું, તે હવે વધુ વ્યાપક ઓડિયન્સને આકર્ષી રહ્યું છે. આજકાલ અમે જોઈ રહ્યા છીએ તેમાંથી સૌથી રસપ્રદ ટ્રેન્ડ એ છે કે 30-45 વર્ષની ઉંમરના ઈન્વેસ્ટર્સની ભાગીદારી સતત વધી રહી છે. સુમિત ગુપ્તા, CoinDCX, કો-ફાઉન્ડર દ્વારા, CoinDCXના H1 2026 ઈન્વેસ્ટર રિપોર્ટ મુજબ, આ ઉંમર જૂથના ઈન્વેસ્ટર્સનો શેર વર્ષના પ્રથમ અર્ધભાગ દરમિયાન 36% થી વધીને 38% થયો છે. અમારા પ્લેટફોર્મ પર ઈન્વેસ્ટર્સની સરેરાશ ઉંમર પણ 30-31 વર્ષ સુધી વધી ગઈ છે. આ આંકડા નાના લાગે, પરંતુ તેઓ ભારતના ક્રિપ્ટો માર્કેટમાં થઈ રહેલા મોટા ફેરફાર તરફ ઈશારો કરે છે. 30-45 વર્ષની ઉંમરના લોકો સામાન્ય રીતે એવા સ્ટેજ પર હોય છે જ્યાં તેમની પર વધુ ફાઈનાન્સિયલ જવાબદારીઓ હોય છે અને તેમના ઈન્વેસ્ટમેન્ટ ગોલ્સ વધુ સ્પષ્ટ હોય છે. તેઓ પોતાના પરિવારના ભવિષ્ય માટે પ્લાનિંગ કરે છે, લાંબા ગાળાનું વેલ્થ બનાવે છે અને પોર્ટફોલિયો ડાયવર્સિફાય કરવાની તક શોધે છે. પરિણામે, તેમના ઈન્વેસ્ટમેન્ટના નિર્ણયો ઘણી વખત શોર્ટ-ટર્મ એક્સાઈટમેન્ટ કરતાં વધુ રિસર્ચ અને કન્વિક્શન પર આધારિત હોય છે. આ એ કારણોમાંથી એક છે કે અમે મોટા કેપ ડિજિટલ એસેટ્સ જેમ કે બિટકોઈન, ઈથેરિયમ, સોલાના અને XRP માટે વધતી પસંદગી જોઈ રહ્યા છીએ. ઈન્વેસ્ટર્સ વધુને વધુ એવા પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જેઓ પાસે મજબૂત ફંડામેન્ટલ્સ, રિયલ-વર્લ્ડ યુઝ કેસિસ અને લાંબા ગાળાની ગ્રોથ પોટેન્શિયલ હોય. બિટકોઈન હજુ પણ ભારતના મોટા શહેરો અને ઉંમર જૂથોમાં સૌથી વધુ હોલ્ડ કરાયેલ એસેટ છે, જે દર્શાવે છે કે ઈન્વેસ્ટર્સને પ્રૂવન ડિજિટલ એસેટ્સ પર વિશ્વાસ છે. આ ફેરફાર એ પણ દર્શાવે છે કે ભારતમાં ક્રિપ્ટો ઈન્ડસ્ટ્રી મૅચ્યોર થઈ રહી છે. કોઈપણ નવા એસેટ ક્લાસના શરૂઆતના સ્ટેજમાં ઘણી સ્પેક્યુલેશન જોવા મળે છે. પરંતુ જેમ જેમ અવેરનેસ વધે છે, ઈન્વેસ્ટર્સ વધુ બેલેન્સ્ડ અને ઈન્ફોર્મ્ડ ઍપ્રોચ અપનાવવા લાગે છે. હવે અમે ક્રિપ્ટોમાં એ જ થતું જોઈ રહ્યા છીએ. બીજો ઉત્સાહજનક ટ્રેન્ડ એ છે કે ઘણા ઈન્વેસ્ટર્સ માર્કેટ કરેકશન દરમિયાન પણ ઈન્વેસ્ટ કરતા રહે છે, શોર્ટ-ટર્મ વોલેટિલિટી પર રિએક્ટ કર્યા વગર. આ દર્શાવે છે કે તેઓ માર્કેટ સાઈકલ્સને વધુ સારી રીતે સમજે છે અને લાંબા ગાળાની વેલ્યુ ક્રિએશન પર વધુ મજબૂત ફોકસ રાખે છે. ગ્લોબલી, ડિજિટલ એસેટ્સ ધીમે ધીમે મેઈનસ્ટ્રીમ ફાઈનાન્સિયલ કન્વર્સેશન્સનો ભાગ બની રહ્યા છે. બિટકોઈન ETFsનો ઉછાળો, ઈન્સ્ટિટ્યુશનલ પાર્ટિસિપેશનમાં વધારો અને બ્લોકચેઈગ્લોબલી, ડિજિટલ એસેટ્સ ધીમે ધીમે મેઈનસ્ટ્રીમ ફાઈનાન્સિયલ કન્વર્સેશન્સનો ભાગ બની રહ્યા છે. બિટકોઈન ETFsનો ઉછાળો, ઈન્સ્ટિટ્યુશનલ પાર્ટિસિપેશનમાં વધારો અને બ્લોકચેઈન ટેકનોલોજીમાં સતત ઈનોવેશનએ સેક્ટરમાં વિશ્વાસ મજબૂત કર્યો છે. ભારતીય ઈન્વેસ્ટર્સ પણ આ ડેવલપમેન્ટ્સ વિશે વધુ અવેર થઈ રહ્યા છે અને ક્રિપ્ટોને લાંબા ગાળાની દ્રષ્ટિ સાથે અપનાવી રહ્યા છે.30-45 વર્ષની ઉંમરના લોકોની વધતી ભાગીદારી માત્ર એક ડેમોગ્રાફિક ફેરફાર નથી. તે એસેટ ક્લાસમાં વધતો વિશ્વાસ અને વધુ મૅચ્યોર ઈન્વેસ્ટિંગ ઍપ્રોચ દર્શાવે છે. જેમ જેમ વધુ અનુભવી ઈન્વેસ્ટર્સ ઈકોસિસ્ટમમાં પ્રવેશ કરશે, ભારતનો ક્રિપ્ટો માર્કેટ વધુ મજબૂત, વધુ સ્ટેબલ અને લાંબા ગાળાની ગ્રોથ માટે વધુ સારી રીતે પોઝિશન્ડ બનશે.

## મિરે એસેટે CDSL ડિમેટ ખાતાધારકો માટે ડિજિટલ લોન અગેન્સ્ટ શેર્સની સુવિધા શરૂ કરી

અમદાવાદ : મિરે એસેટ ફાઈનાન્શિયલ સર્વિસિસ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડે CDSL ડિમેટ ખાતાધારકો માટે ડિજિટલ પ્લેજિંગની સુવિધા શરૂ કરી છે. મિરે એસેટ ફાઈનાન્શિયલ ગ્રુપની NBFC શાખા મિરે એસેટ ફાઈનાન્શિયલ સર્વિસિસની આ સુવિધા હેઠળ હવે CDSL ડિમેટ ખાતું ધરાવતા ગ્રાહકો કંપનીની વેબસાઈટ અથવા મોબાઈલ એપ મારફતે લોન અગેન્સ્ટ શેર્સ (LAS) માટે સંપૂર્ણપણે ઓનલાઈન અરજી કરી શકશે.મિરે એસેટ ફાઈનાન્શિયલ સર્વિસિસે 2022માં ડિજિટલ લોન અગેન્સ્ટ શેર્સની શરૂઆત કરી હતી. તેના દ્વારા NSDL ડિમેટ ખાતું ધરાવતા રોકાણકારોને ઓનલાઈન લોન મેળવવાની સુવિધા ઉપલબ્ધ થઈ હતી.અત્યાર સુધી CDSL ડિમેટ ખાતાધારકોને શેર સામે લોન મેળવવા માટે મેન્યુઅલ અને કાગળ આધારિત પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું. પ્લેજ રિક્વેસ્ટ માટે કાગળની કાર્યવાહી, ફિઝિકલ વેરિફિકેશન તેમજ લોનદાતા, ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (DP) અને ડિપોઝિટરી વચ્ચે સંકલનની જરૂર પડતી હતી. આ પ્રક્રિયાને કારણે ઘણા કિસ્સાઓમાં પ્લેજ પૂર્ણ થવામાં અને લોન એકાઉન્ટ શરૂ થવામાં 7થી 10 દિવસ સુધીનો સમય લાગતો હતો.હવે ગ્રાહકો ઓનલાઈન અરજી કરી શકશે, પ્લેજ કરવા માટેના શેર પસંદ કરી શકશે અને ડિજિટલ રીતે પ્લેજ રિક્વેસ્ટને ઓથોરાઈઝ કરી શકશે. આ માટે બ્રાન્ચની મુલાકાત લેવાની કે ફિઝિકલ પેપરવર્ક કરવાની જરૂર રહેશે નહીં. DP દ્વારા પ્લેજ રિક્વેસ્ટને મંજૂરી મળ્યા બાદ ગ્રાહક તે જ દિવસે લોન એકાઉન્ટ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારી શકશે.ડિમેટ ખાતાઓની સંખ્યાની દૃષ્ટિએ CDSL ભારતની સૌથી મોટી ડિપોઝિટરી છે. CDSL પાસે હાલમાં 18.5 કરોડથી વધુ ડિમેટ ખાતા છે, જે ભારતના કુલ ડિમેટ માર્કેટના 80 ટકાથી વધુ છે.લોન મેળવવાની પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ ' લોન માટે અરજી કરતી વખતે ગ્રાહકે તેનો 16 અંકનો BOID (Beneficiary Owner Identification Number) દાખલ કરવાનો રહેશે. તેના દ્વારા CDSL ડિમેટ ખાતામાં ઉપલબ્ધ શેરની માહિતી સુરક્ષિત રીતે મેળવી શકાશે. ત્યારબાદ ગ્રાહક પ્લેજ કરવા માટેના શેર અને તેમની સંખ્યા પસંદ કરી શકશે. OTP દ્વારા રિક્વેસ્ટની ચકાસણી કર્યા બાદ પ્લેજ રિક્વેસ્ટ સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (DP) પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે.DPની મંજૂરી મળ્યા બાદ શેર ડિજિટલ રીતે પ્લેજ થશે અને ગ્રાહક લોન એકાઉન્ટ બનાવવાની પ્રક્રિયા આગળ વધારી શકશે. અરજીથી લઈને લોન એકાઉન્ટ શરૂ કરવા સુધીની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન રહેશે અને તેમાં કોઈ ફિઝિકલ પેપરવર્કની જરૂર રહેશે નહીં.શેર સામે 1 કરોડ સુધીની લોન : ગ્રાહકો મંજૂર શેર સામે 25,000થી 1 કરોડ સુધીની લોન મેળવી શકશે. લોનની રકમ પ્લેજ કરવામાં આવતા શેરની કેટેગરી પર આધારિત રહેશે.મંજૂર શેરને માર્કેટ કેપિટલાઈઝેશન અને શેરના ભાવમાં થતી અસ્થિરતા જેવા પરિબળોના આધારે ચાર કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

### ભારતનું મજબૂત પબ્લિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

## ભારત તેની AI યાત્રા જાતે ઘડશે, ટેક્નોલોજી પર નિર્ભર નહીં રહે: RBI ગવર્નર સંજય મલ્હોત્રા

નવી દિલ્હી: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારતે પોતાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) યાત્રાને જાતે આકાર આપવો પડશે, નહીં કે આ ટેક્નોલોજીને નાણાકીય ક્ષેત્રને ડિફોલ્ટ રૂપે નિયંત્રિત કરવા દેવી પડશે. મંગળવારે યોજાયેલી FIBAC 2026 કોન્ફરન્સને સંબોધિત કરતા સેન્ટ્રલ બેંકના વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે નાણાકીય સંસ્થાઓમાં એઆઈને અપનાવવા માટે જોખમનું મૂલ્યાંકન કરવાની, ગ્રાહકોને સેવા આપવાની, મૂડીની કિંમત નક્કી કરવાની અને કામગીરીનું આયોજન કરવાની પદ્ધતિમાં સંપૂર્ણ પરિવર્તન લાવવાની જરૂર છે.ગવર્નર મલ્હોત્રાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "વ્યવસાય કરવો, બેંકિંગ કરવી વગેરે માટે માનસિકતામાં સંપૂર્ણ બદલાવની જરૂર છે. આ આપણે કેવી રીતે જોખમનું મૂલ્યાંકન કરીએ છીએ, ગ્રાહકોની સેવા કરીએ છીએ, મૂડીની કિંમત નક્કી કરીએ છીએ અને સંસ્થાઓનું આયોજન કરીએ છીએ તેમાં મોટો બદલાવ છે. મને એ જાણીને ખુશી થઈ રહી છે કે ઘણી બેંકો પહેલેથી જ આ દિશામાં કામ કરી રહી છે અને કેટલાક અન્ય લોકો પણ તેનો સ્વીકાર કરવા વિચારી રહ્યા છે." તેમણે ઉમેર્યું હતું કે હવે આપણી સામે માત્ર એક જ પ્રશ્ન છે કે શું તમે તમારી એઆઈ યાત્રાને જાતે આકાર આપશો કે પછી ટેક્નોલોજીને તમને ડિફોલ્ટ રૂપે આકાર આપવા દેશો?ભારતની વ્યૂહાત્મક સ્થિતિ પર પ્રકાશ પાડતા ગવર્નર મલ્હોત્રએ નોંધ્યું હતું કે દેશ પાસે મજબૂત પબ્લિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોવાને કારણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો લાભ લેવા માટે ભારત એક અનોખી અનુકૂળ સ્થિતિમાં છે. તેમણે જણાવ્યું કે ભારત પાસે અત્યંત અદ્યતન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જેમાં [Aadhaar Redacted], યુપીઆઈ (UPI), ડિજિલૉકર અને ઓએનડીસી (ONDC) જેવી ઉત્તમ વ્યવસ્થાઓ સામેલ છે. સેન્ટ્રલ બેંક યુનિફાઈડ લેન્ડિંગ ઈન્ટરફેસ (યુએલઆઈ) અને એકાઉન્ટ એગ્રીગેટરને સુધારવા તથા વિસ્તૃત કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે. આ તમામ સાર્વજનિક સુવિધાઓ (પબ્લિક ગુડ્સ) છે જેના પર ખાનગી ક્ષેત્ર એઆઈ આધારિત સેવાઓ વિકસાવી શકે છે,

## ઉદ્યોગસાહસિક જય અગ્રવાલે પોર્ટુગીઝ ક્લબ ગાર્ડા એફસીમાં બહુમતી હિસ્સો હસ્તગત કર્યો

(એજન્સી) અમદાવાદ | તા 11

યુવા ઉદ્યોગસાહસિક અને ફૂટબોલપ્રેમી જય અગ્રવાલે પોર્ટુગલની ચોથા ડિવિઝનની ફૂટબોલ ક્લબ 'ગાર્ડા એફસી'માં બહુમતી હિસ્સો હસ્તગત કર્યો છે. આ સાથે, ફૂટબોલ ક્ષેત્રમાં માત્ર વાતો કરવાને બદલે વાસ્તવિક સ્તરે પગલાં લેનારા ભારતના ખૂબ જ મર્યાદિત અને વિશિષ્ટ ઉદ્યોગસાહસિકોના જૂથમાં તેમનો સમાવેશ થયો છે.ક્લબની નવી માલિકી માળખાના ભાગરૂપે, 'ગાર્ડા ફુટેબોલ ક્લબ - ફુટેબોલ, SAD' (Guarda Futebol Clube - Futebol, SAD)ના CEO તરીકે જય અગ્રવાલની નિમણૂક કરવામાં આવી છે. તેઓ પોર્ટુગલમાં ક્લબના રમતગમત અને વ્યાવસાયિક વિકાસને વેગ આપવા તેમજ તેના આંતરરાષ્ટ્રીય વિસ્તરણના લક્ષ્યોને સાકાર કરવા માટે વ્યૂહાત્મક ભાગીદાર તરીકે ક્લબ સાથે જોડાયા છે. આ અધિગ્રહણ અંગે વાત કરતા, 'ગાર્ડા ફુટેબોલ ક્લબ - ફુટેબોલ, SAD' (Guarda Futebol Clube - Futebol, SAD)ના CEO જય અગ્રવાલે કહ્યું, 'ફૂટબોલ ક્લબની માલિકી મેળવવી એ મારું લાંબા સમયથી સેવાયેલું સ્વપ્ન હતું. હું કોઈ સૌથી મોટી ક્લબ કે અત્યંત આકર્ષક તકની શોધમાં નહોતો - હું એવા પ્રોજેક્ટની શોધમાં હતો, જેમાં હું ખરેખર સકારાત્મક પરિવર્તન લાવી શકું, અને મને તે તક 'ગાર્ડા એફસી' (Guarda FC)માં મળી.'ગાર્ડા (Guarda)માં સ્થિત આ ક્લબનો પાયો અત્યંત જુસ્સાદાર લોકો દ્વારા મજબૂત રીતે રચાયો છે અને તે સતત પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે. મારી મહત્વાકાંક્ષા ક્લબના ટકાઉ વિકાસમાં યોગદાન આપવાની સાથે સાથે, એશિયાના પ્રતિભાશાળી યુવા ફૂટબોલરો માટે યુરોપિયન ફૂટબોલનો અનુભવ મેળવવાની તકો ઊભી કરવાની પણ છે. જો આપણે એવો માર્ગ તૈયાર કરી શકીએ, જેના દ્વારા મુઠ્ઠીભર ખેલાડીઓ પણ તેમનું આ સ્વપ્ન સાકાર કરી શકે, તો તે ભારતીય અને યુરોપિયન ફૂટબોલ વચ્ચેના




સંબંધોને મજબૂત કરવાની દિશામાં એક અર્થપૂર્ણ પગલું સાબિત થશે.' ગાર્ડા એફસી એસએડી (Guarda FC SAD)ના પ્રમુખ ગેબ્રિયલ કેલ્ડીરા આલ્વેસે કહ્યું, 'અમે ગાર્ડા એફસી પરિવાર સાથે જયનું સ્વાગત કરતાં ખૂબ જ આનંદ અનુભવીએ છીએ. અમારી શરૂઆતની વાતચીતથી જ એ સ્પષ્ટ થઈ ગયું હતું કે તેઓ એવી ક્લબ બનાવવાની અમારી મહત્વાકાંક્ષા સાથે સહમત છે, જે પોતાની ઓળખ અને જે સમુદાયનું તે પ્રતિનિધિત્વ કરે છે, તેના પ્રત્યે નિષ્ઠાવાન રહીને યુવા પ્રતિભાઓનો વિકાસ કરે. તેમનો આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણ, ઉદ્યોગસાહસિક અભિગમ અને દીર્ઘકાલીન વિઝન ક્લબ માટે એક નવો અભિગમ લઈને આવે છે, અને ગાર્ડા એફસી માટેના આ નવા અધ્યાયની શરૂઆત કરતી વખતે તેમની સાથે મળીને કામ કરવા માટે અમે ખૂબ જ ઉત્સાહિત છીએ.' પોર્ટુગલના સુંદર શહેર 'ગાર્ડા'માં સ્થપાયેલી 'ગાર્ડા એફસી'એ ટકાઉ કામગીરી, યુવા વિકાસ અને સ્થાનિક સમુદાય સાથેના ગાઢ સંબંધો દ્વારા મજબૂત પાયો ઊભો કર્યો છે. તાજેતરમાં જ 'કેમ્પેઓનાટો ડી પોર્ટુગલ' (Campeonato de Portugal)માં સ્થાન મેળવ્યા બાદ, આ ક્લબ વિશ્વના વિવિધ ખૂણાઓમાંથી આવેલા પોર્ટુગીઝ અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે નવી સીઝનની શરૂઆત કરશે; સાથે જ પોતાની વિરાસત અને ગાર્ડા શહેર સાથેના ગાઢ જોડાણને પણ જાળવી રાખશે. હાલમાં 'લા લીગા બિઝનેસ સ્કૂલ' ખાતે 'ગ્લોબલ સ્પોર્ટ્સ માર્કેટિંગ'માં માસ્ટર્સનો અભ્યાસ કરી રહેલા અને છેલ્લા કેટલાક વર્ષોથી યુરોપિયન ફૂટબોલના માળખા, ખેલાડીઓના વિકાસ તથા ક્લબના સંચાલનનો નજીકથી અભ્યાસ કરનાર જય આ તમામ જ્ઞાનનો ઉપયોગ કરીને યુરોપમાં એક એવું મોડેલ વિકસાવવાની આશા રાખે છે, જે સ્વાભાવિક રીતે વિકસે અને સાથે સાથે વિશ્વભરના ખેલાડીઓને પોર્ટુગલના આ સુંદર વિસ્તારમાં આવીને તાલીમ લેવા, રમવા અને પોતાની કુશળતાને વધુ નિખારવા માટે પ્રોત્સાહિત કરે.

## શંકેશ જ્વેલર્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 18 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

મુંબઈ |શંકેશ જ્વેલર્સ લિમિટેડે મંગળવાર, 18 ઓગસ્ટ, 2026ના રોજ તેનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરી છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ સોમવાર, 17 ઓગસ્ટ, 2026 રહેશે, જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ ગુરુવાર, 20 ઓગસ્ટ, 2026 રહેશે. આ ઓફર માટે રૂ. 5ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરની પ્રાઈઝ રેન્જ રૂ. 88થી રૂ. 93 નક્કી કરવામાં આવી છે. રોકાણકારો રૂ. 5ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 160 ઈક્વિટી શેર માટે બિડ કરી શકશે અને ત્યારબાદ 160 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. આ ઓફરમાં રૂ. 2,742 મિલિયન સુધીની કુલ રકમના 2,94,82,000 સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. 930 મિલિયન સુધીની કુલ રકમના 1,00,00,000 સુધીના ઈક્વિટીની ઓફર ફોર સેલ (ઓએફએસ) નો સમાવેશ થાય છે. આ ઓએફએસમાં શેર વેચનાર શેરધારકોમાં શ્રી કાંતિલાલ ખીમરાજ જૈન દ્વારા 48,00,000 સુધીના ઈક્વિટી શેર અને શ્રી મનોજ કાંતિલાલ જૈન (collectively, the "Promoter Selling Shareholders") દ્વારા 52,00,000 સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે.

## લેન્ક્સેસે 2026ના બીજા ત્રિમાસિકમાં વેચાણ અને કમાણીમાં વધારો કર્યો

(એજન્સી) મુંબઈ | તા 11

સ્પેશિયાલિટી કેમિકલ્સ કંપની લેન્ક્સેસે સતત નબળા આર્થિક વાતાવરણ અને ચાલુ ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ છતાં 2026ના બીજા ત્રિમાસિકમાં પાછલા વર્ષની સરખામણીમાં વેચાણ અને કમાણીમાં સુધારો કર્યો. ગ્રુપે 1.561 અબજ EURનું વેચાણ કર્યું, જે અગાઉના વર્ષના EUR 1.466 અબજના આંકડા કરતાં 6.5 ટકાનો વધારો દર્શાવે છે. અપવાદો પૂર્વે EBITDA 152 મિલિયન EUR પર આવી છે, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિકમાં નોંધાયેલા EUR 150 મિલિયન કરતાં 1.3 ટકા વધુ છે. બીજા ત્રિમાસિક માટે અપવાદો પૂર્વે EBITDA માર્જિન 9.7 ટકા હતી, જે પાછલા વર્ષના સમાન ત્રિમાસિકમાં 10.2 ટકા હતી.માગણીમાં સુધારો અને અનુરૂપ રીતે ઊંચા વેચાણ વોલ્યુમને કારણે કમાણીમાં વધારો થયો છે. ભાવવધારા દ્વારા લેન્ક્સેસ મોટે ભાગે ઊંચા કાચા માલ અને ઊર્જા ખર્ચની અસરને સરભર કરવામાં સક્ષમ રહી.2026ના પ્રથમ ત્રિમાસિક સાથેની સરખામણી બીજા ત્રિમાસિકમાં પ્રગતિને વધુ સ્પષ્ટ રીતે દર્શાવે છે. વેચાણમાં 13.3 ટકાનો વધારો થયો છે અને અપવાદો પૂર્વે EBITDA 61.7 ટકાનો વધારો થયો છે.અગાઉના ત્રિમાસિકની તુલનામાં મુક્ત રોકડ પ્રવાહમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે: 2026ના પ્રથમ ત્રિમાસિકમાં નકારાત્મક EUR 29 મિલિયન પછી તે બીજા ત્રિમાસિકમાં EUR 56 મિલિયન રહ્યો છે. 'બીજા ત્રિમાસિકમાં અપેક્ષિત પ્રગતિની પુષ્ટિ થઈ હતી અને અમે મધ્ય- પૂર્વમાં સંઘર્ષના પરિણામે કામચલાઉ અસરો સહિત વધેલી માગણીનો લાભ મેળવી શક્યા હતા. એક વર્ષમાં પહેલી વાર અમે ફરી એક વાર વોલ્યુમ અને કિંમતોમાં એકસાથે વધારો પ્રાપ્ત કરવામાં સક્ષમ હતા,' એમ લેન્ક્સેસના CEO મેથિયાસ ઝાચેર્ટે જણાવ્યું હતું. 'જોકે અમારી મુખ્ય બજારોમાં માગણીમાં સતત વધારાનો કોઈ સંકેત નથી અને બજારની સ્થિતિ પડકારજનક રહી છે. અમે વર્ષના અંત સુધીમાં કોઈ વધુ આર્થિક ગતિની અપેક્ષા રાખતા નથી. બદલામાં અમે અપેક્ષા રાખીએ છીએ કે અમારા ખર્ચ-ઘટાડા કાર્યક્રમો વર્ષના પ્રથમ છ મહિના કરતાં વધુ યોગદાન આપશે.' પૂર્ણ વર્ષ 2026 માટે જૂથ માર્ચથી તેના માર્ગદર્શનની પુષ્ટિ કરે છે અને EUR 450 અને 550 મિલિયન વચ્ચેના અપવાદો પૂર્વે EBITDAની અપેક્ષા રાખે છે.

## ભારતીય મહિલાઓની નાણાકીય સફરના દરેક મહત્વપૂર્ણ તબક્કામાં મદદ કરવા ICICI પ્રુ iપ્રોટેક્ટ સ્માર્ટ હર પ્લાન પ્રસ્તુત થયો

મુંબઈ : ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સે મહિલાઓ માટે ખાસ ડિઝાઈન કરેલો સંપૂર્ણ ટર્મ પ્લાન ICICI Pru iપ્રોટેક્ટ સ્માર્ટ હર પ્રસ્તુત કર્યો છે. આ પ્લાન મહિલાઓની સલામતી અને વેલનેસ જરૂરિયાતોને પૂર્ણ કરવા બનાવવામાં આવ્યો છે, જેમાં જીવન વીમાની સાથે હેલ્થ અને વેલનેસના ફાયદા શામેલ છે. ICICI Pru iપ્રોટેક્ટ સ્માર્ટ હરમાં સમજીવિચારીને ફાયદા શામેલ કરવામાં આવ્યા છે, જે મહિલાઓને તેમના જીવનને આકાર આપતી મહત્વપૂર્ણ ક્ષણોમાં સક્ષમ બનાવવા અને સપોર્ટ કરવા ડિઝાઈન કરેલો છે. તેમાં આજીવન પ્રીમિયમ પર 15 ટકાની છૂટ, મહિલાઓ માટે ખાસ હેલ્થ મેનેજમેન્ટ અને વેલનેસ સર્વિસ તથા પ્રેગનેન્સી બ્રેકની સુવિધા મળે છે, જેથી તેઓ જીવનનાં મહત્વપૂર્ણ તબક્કામાં પોતાના પ્રીમિયમની ચુકવણીનું વધુ સારી રીતે મેનેજમેન્ટ કરી શકે છે. ઉપરાંત, આ પ્લાન 10 વર્ષ સુધી વધતી ઈન્કમ પેઆઉટ સુવિધા મારફતે બાળકોના શિક્ષણ અને સારસંભાળમાં મદદરૂપ થાય છે. આ સુવિધા અંતર્ગત, નૉમિનીને ડેથ બેનિફિટ ઈન્કમ તરીકે આપવામાં આવે છે, જે 10 વર્ષ સુધી દર વર્ષે 10 ટકાના દરે વધે છે.

## વર્ક. ક્રીએટ. મૂવ. રીપીટ. ફાસ્ટ્રેક બેગ્સે પોતાનું નવું લેપ્ટૉપ કલેક્શન પ્રસ્તુત કર્યું

(એજન્સી) મુંબઈ | તા 11

ડાયનેમિક જીવનશૈલી ધરાવતા સ્ટુડેન્ટ (વિદ્યાર્થીઓ), ક્રીએટર અને યુવાન પ્રોફેશનલ માટે ડિઝાઈન કરેલું નવું ફાસ્ટ્રેક બેગ્સ લેપ્ટોપ કલેક્શન યુટિલિટી, સ્ટાઈલ અને પોતાની ઓળખ ઊભી કરવાના અંદાજની એક શાનદર રેન્જ પ્રસ્તુત કરે છે. 'Carry More, Weigh Less' એટલે કે 'વધારે ચીજવસ્તુઓ, ઓછું વજન' ટેગલાઈન ધરાવતું આ કલેક્શન સમજીવિચારીને હળવી શૈલીમાં બનાવવામાં આવ્યું છે, જે એને વર્ક, ટ્રાવેલ અને રોજિંદા જીવન માટે આદર્શ સાથીદાર બનાવે છે. બેકપેક અને ટોટ બેગમાં 12 નવી ડિઝાઈનો સાથે આ રેન્જમાં 10 નાયલોન સ્ટાઈલ અને 2 ફૉક્સ લેધર ડિઝાઈન શામેલ છે. આ કલેક્શન 15-ઈંચ અને 14-ઈંચ એમ બંને પ્રકારના લેપ્ટોપ માટે ઉપયોગી છે. મોટા ભાગે 15-ઈંચના લેપ્ટોપ આવે છે અને બે ડિઝાઈન ખાસ કરીને 14-ઈંચના લેપ્ટોપ માટે બનાવવામાં આવી છે. સફેદ, ચૉકલેટ બ્રાઉન, મેલાકાઈટ ગ્રીન, ચેરી રેડ અને ડસ્ટી પિંક સહિત વિવિધ કલરમાં ઉપલબ્ધ આ કલેક્શન લેપ્ટોપ બેગને રોજિંદા જીવનની સ્ટાઈલિશ અને જરૂરી ચીજ



તરીકે રજૂ કરે છે. આ કલેક્શન સુંદર હોવાની સાથે વ્યવહારિક રીતે સરળ ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે, જેમાં અલગ કાર્ડ હોલ્ડર, ટ્રાવેલની સુવિધા માટે ટ્રોલી લૂપ, ચાવીને સરળતાથી કાઢવા કી-લીશ અને રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓને વ્યવસ્થિત રાખવા વધારાની સ્ટોરેજ સ્પેસ જેવી સુવિધાઓ આપવામાં આવી છે. આ લૉંચ પર ટાઈટન કંપની લિમિટેડના એક્સેસરીઝ અને ફ્રેગ્રન્સ ડિવિઝનના CEO મનિષ ગુપ્તાએ કહ્યું હતું, 'હાલની પેઢી એમનાં વ્યક્તિત્વને રજૂ કરવા અને કામ કરવામાં ઉપયોગી ઉત્પાદનો ઈચ્છે છે. અમારું નવું લેપ્ટોપ કલેક્શન કાર્ય, રચનાત્મકતા અને રોજિંદા જીવન વચ્ચે સતત વ્યસ્ત લોકો માટે ડિઝાઈન કરેલું છે, જે વ્યક્તિગત સ્ટાઈલ સાથે સમાધાન કર્યા વિના શ્રેષ્ઠ ઉપયોગિતા પ્રદાન કરે છે. આધુનિક ડિઝાઈન અને શાનદાર ફિનિશિંગ સાથે આ કલેક્શન યુવાન ઉપભોક્તાઓની બદલાતી જરૂરિયાતો અને આકાંક્ષાઓને દર્શાવે છે.'4,995ની કિંમત ધરાવતું ફાસ્ટ્રેક લેપ્ટોપ કલેક્શન હવે પસંદગીના ફાસ્ટ્રેક, શૉપર્સ સ્ટોપ અને લાઈફસ્ટાઈલ સ્ટોર્સ તેમજ મૈન્ત્રા, એમેઝોન અને ફ્લિપકાર્ટ સહિત અગ્રણી ઈ-કૉમર્સ પ્લેટફૉર્મ પર ઉપલબ્ધ છે.

## કોર્પોરેટ ઈન્ડિયા માટે નોકરીની સુરક્ષા અને ઈએમઆઈને પાછળ છોડી વધતા હેલ્થકેરનો ખર્ચ સૌથી મોટી નાણાંકીય ચિંતા બન્યો: ટાટા એઆઈજીના 'ધ કોર્પોરેટ હેલ્થ પ્રોટેક્શન પલ્સ 2026'નો રિપોર્ટ

(એજન્સી) મુંબઈ | તા 11

ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સ કંપનીએ આજે કોર્પોરેટ કર્મચારીઓની બદલાતી હેલ્થકેર સંબંધિત ચિંતાઓ અંગે હાથ ધરેલા પોતાના તાજેતરના અભ્યાસ 'ધ કોર્પોરેટ હેલ્થ પ્રોટેક્શન પલ્સ 2026'ના તારણો જાહેર કર્યા હતા. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધતો હેલ્થકેર ખર્ચ કોર્પોરેટ કર્મચારીઓ માટે સૌથી મોટી ચિંતાઓમાંની એક બની ગયો છે અને તેણે નોકરીની સુરક્ષા, ઈએમઆઈની જવાબદારી, વૈશ્વિક અસ્થિરતા સહિતની અન્ય ચિંતાઓને પાછળ છોડી દીધી છે.આ અભ્યાસમાં ભારતના કર્મચારીઓ પર હેલ્થકેરના વધતા નાણાંકીય બોજ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. લગભગ 94 ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે અણધાર્યા તબીબી ખર્ચને કારણે તેમને નાણાંકીય તણાવનો સામનો કરવો પડે છે. આમ, નોકરી ગુમાવવી અથવા કારકિર્દીમાં સ્થિરતા આવી જવા કરતાં તબીબી ખર્ચ તેમના માટે મોટી ચિંતા બની રહ્યો છે. તે જ સમયે, નાણાંકીય રીતે મુશ્કેલ સમયનો સામનો કરવાની ક્ષમતા મર્યાદિત હોવાનું પણ જોવા મળ્યું હતું. માત્ર 12 ટકા ઉત્તરદાતાઓનું માનવું હતું કે નોકરી વિના તેઓ એક વર્ષથી વધુ સમય સુધી નાણાંકીય રીતે પોતાનું ગુજરાન ચલાવી શકે તેમ છે. આ તારણો દર્શાવે છે કે ઘણા કોર્પોરેટ કર્મચારીઓ લાંબા સમય સુધી આવક બંધ




થઈ જાય તેવી સ્થિતિનો સામનો કરવા માટે પૂરતી તૈયારી ધરાવતા નથી. લગભગ દસમાંથી સાત ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે નોકરી ગુમાવવાના સંજોગોમાં તેઓ માત્ર છ મહિના કે તેથી ઓછા સમય સુધી પોતાનો નાણાંકીય ખર્ચ ચલાવી શકે તેમ છે. હોસ્પિટલમાં દાખલ થવાનો ખર્ચ, જીવનશૈલીને લગતા રોગો, પરિવાર માટે હેલ્થ કવર, માનસિક સ્વાસ્થ્ય અને કટોકટીના સમયે ઉપયોગી થાય તેવી બચતનો અભાવ કોર્પોરેટ ઈન્ડિયા માટે હેલ્થકેર સંબંધિત ટોચની પાંચ ચિંતાઓ તરીકે સામે આવ્યા છે. આ બાબતો વધુ મજબૂત નાણાંકીય તૈયારી અને હેલ્થ પ્રોટેક્શનની વધતી જરૂરિયાત દર્શાવે છે. અભ્યાસમાં વધુમાં જાણવા મળ્યું છે કે નોકરી બદલતી વખતે હેલ્થકેર ખર્ચ સૌથી મોટી નાણાંકીય ચિંતા બની રહે છે અને તે આવક ગુમાવવાની ચિંતા તથા ઈએમઆઈની ચિંતાથી પણ આગળ છે. ઉત્તરદાતાઓમાં હેલ્થ ઈન્શ્યોરન્સ અંગેની જાગૃતિમાં રહેલી મોટી ખાઈ આ ચિંતાને વધુ ગંભીર બનાવે છે. 88 ટકા લોકો નોકરી બદલતી વખતે હેલ્થ ઈન્શ્યોરન્સનું કવરેજ કોઈ વિક્ષેપ વિના ચાલુ રહે તેને મહત્વપૂર્ણ માને છે, પરંતુ માત્ર 40 ટકા લોકો જ મેડિકલ કવરેજ ચાલુ રાખવાની સુવિધા આપતા સોલ્યુશન્સ અંગે જાણે છે. આ દર્શાવે છે કે નોકરી બદલવાના મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન ઈન્શ્યોરન્સ અંગે જાગૃતિ વધારવાની તાતી જરૂરિયાત છે.આ અભ્યાસ અંગે ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સના રિટેલ - હેલ્થ અન્ડરરાઈટિંગ વિભાગના વડા ડૉ. સંતોષ પુરીએ જણાવ્યું હતું કે, "આ અભ્યાસ દ્વારા અમારો હેતુ કોર્પોરેટ કર્મચારીઓ તેમની નોકરીદાતા કંપની દ્વારા આપવામાં આવતા હેલ્થ ઈન્શ્યોરન્સને કેવી રીતે જુએ છે તે વધુ સારી રીતે સમજવાનો અને જાગૃતિ તથા તૈયારીના ક્ષેત્રમાં હજુ પણ રહેલી ખામીઓને ઓળખવાનો હતો. ગ્રુપ મેડિકલ કવર કર્મચારીઓના કલ્યાણ માટે મહત્વપૂર્ણ આધારસ્તંભ છે, પરંતુ તારણો દર્શાવે છે કે ઘણા લોકો હજુ પણ પોતાના કવરેજની મર્યાદા અંગે ચોક્કસ નથી અને મેડિકલ કટોકટી અથવા નોકરી બદલવાના સમયે આ કવર પૂરતું રહેશે કે નહીં તે અંગે પણ તેમને વિશ્વાસ નથી. હેલ્થકેરના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી અમારું માનવું છે કે જાગૃતિ અને નાણાંકીય તૈયારીનું મહત્વ આગામી સમયમાં વધુ વધશે. અમને આશા છે કે આ તારણો કર્મચારીઓને તેમની હેલ્થ પ્રોટેક્શનની જરૂરિયાત અંગે સમજદારીપૂર્વક નિર્ણય લેવા માટે પ્રોત્સાહિત કરશે અને વધુ નાણાંકીય રીતે સક્ષમ કર્મબળ ઊભું કરવા માટે એમ્પ્લોયર, ઈન્શ્યોરન્સ કંપનીઓ અને નીતિ ઘડનારાઓ વચ્ચે વધુ સહયોગને પ્રોત્સાહન આપશે."એમ્પ્લોયર દ્વારા આપવામાં આવતા ગ્રુપ મેડિકલ કવર (જીએમસી) પર વધુ ઊંડાણપૂર્વક નજર નાખતાં હેલ્થ પ્રોટેક્શનમાં નોંધપાત્ર ખાઈ જોવા મળે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 14

# અમેરિકા-ઈરાન જંગ વચ્ચે ચીને હેરાત સુધી રેલ કોરિડોર બનાવી દીધો!

ચીને અમેરિકાને પછાડી, બુદ્ધિથી મધ્ય એશિયામાં બાજી પલટી છે. તાજેતરમાં, ચીનથી માલગાડી કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઈરાન થઈને અફઘાનિસ્તાનના હેરાત પહોંચી. આ '5 નેશન્સ રેલવે કોરિડોર' દ્વારા ચીને 5 દેશો સાથે નવો વેપાર માર્ગ શરૂ કર્યો. આથી દરિયાઈ માર્ગની ૭૦ દિવસની મુસાફરી હવે 30 દિવસમાં પૂર્ણ થશે.આ માલગાડી ચીનથી નીકળીને કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઈરાન થઈને અફઘાનિસ્તાન સુધી પહોંચી હતી. આમ ચીને પાંચ દેશોને સાધીને પોતાનો નવો ટ્રેડ રેલવે કોરિડોર શરૂ કરવાના મજબૂત સંકેત આપી દીધા છે. જાણકારોના મતે આ રૂટ ચીનના બહુપ્રતિક્ષિત '૫ નેશન્સ રેલવે કોરિડોર'નો ભાગ છે, જેને મધ્ય એશિયાના દેશો માટે એક માઈલસ્ટોન માનવામાં આવી રહ્યો છે : જાણકારો માને છે કે, હાલમાં ચીન ગ્વાદરને છોડી રહ્યું નથી, તે માત્ર એક નવો રસ્તો બનાવી રહ્યું છે. આ એટલા માટે પણ ફાયદાકારક છે કારણ કે ગ્વાદર એક પોર્ટ છે, જ્યારે હેરાત કોરિડોર એક રેલ ટ્રાન્ઝિટ હબ છે. તેનાથી જમીની કનેક્ટિવિટી મળશે અને જહાજો ઉપરના હુમલાના ભયથી રાહત મળશે : અમેરિકી પ્રતિબંધોથી ઘેરાયેલા ઈરાનને આર્થિક ઓક્સિજનની જરૂર છે, જ્યારે ચીનને સુરક્ષિત ઊર્જા અને વેપાર માર્ગોની જરૂર છે. ચીને ઈરાન સાથે ૪૦૦ અબજ ડોલરની ૨૫ વર્ષની દીર્ઘકાલીન વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. ખાસ કરીને ચીને ઈરાનને આંતરરાષ્ટ્રીય સ્તરે એકલવાયું થતાં બચાવી લીધું અને તેને વેપારી માર્ગ પૂરો પાડયો. બીજી તરફ અફઘાનિસ્તાનમાં તાલીબાન શાસન સાથે પોતાના આર્થિક સંબંધો મજબૂત કર્યાચીને ફરી એક વાર અમેરિકાને વૈચારિક અને વ્યાપારિક યુદ્ધમાં મ્હાત આપી છે. ચીને બુદ્ધિના જોરે મધ્ય એશિયામાં બાજી પલટી નાખી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને ક્રૂડ તથા યુરેનિયમ માટે સંઘર્ષ ચાલે છે ત્યાં ડ્રેગને પોતાના મનસુબા પાર પાડી દીધા છે. ડ્રેગને પોતાનું પૂરું ધ્યાન એક નવા રેલવે રૂટ પર કેન્દ્રીય કર્યું હતું, જે આવનારા સમયમાં સૌથી મોટો ટ્રેડ કોરિડોર બની શકે છે. હાલમાં જ ચીને ઈરાનના રસ્તે અફઘાનિસ્તાનના હેરાત સુધી પોતાની પહેલી માલગાડી પહોંચાડી દીધી. જાણકારોના મતે ચીનના બેઈજિંગથી અફઘાનિસ્તાનના હેરાત સુધી ગયેલા આ માલગાડીમાં અંદાજે ૫૦૦ ટન માલ-સામાન હતો. જોકે, આ માત્ર એક ટ્રેનની વાત નથી, પરંતુ ચીન, ઈરાન અને અફઘાનિસ્તાન વચ્ચે બની રહેલા એક મોટા રેલ નેટવર્કની વાત છે, જે ચીનને સીધું પશ્ચિમ એશિયા અને મિડલ ઈસ્ટ સાથે જોડે છે. અફઘાનિસ્તાનના 'ઓમિડ રેડિયો'ના એક અહેવાલ અનુસાર, ચીનથી ફાઈબરબોર્ડ અને અન્ય કન્સ્ટ્રક્શન મટિરિયલ્સ જેવી પ્રોડક્ટ્સ લઈને પહોંચેલી ટ્રેન પહેલા ઈરાન પહોંચી અને ત્યાંથી 'ખાફ' થઈને સીધી અફઘાનિસ્તાનના હેરાત પ્રાંત સુધી પહોંચી. રિપોર્ટમાં ઈરાન-અફઘાનિસ્તાન રેલવે કોરિડોરના પ્રમુખ મુસ્તફા રેઝાઈના હવાલાથી લખવામાં આવ્યું છે કે માલગાડીમાં સામાન બેઈજિંગથી ભરવામાં આવ્યો હતો, જેને રસ્તામાં ક્યાંય પણ ઉતારવાની કે ફરીથી ચડાવવાની જરૂર ન પડી. તે સીધી ચીનથી હેરાત સુધી પહોંચી ગયો. આ માલગાડી ચીનથી નીકળીને કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઈરાન થઈને અફઘાનિસ્તાન સુધી પહોંચી હતી. આમ ચીને પાંચ દેશોને સાધીને પોતાનો નવો ટ્રેડ રેલવે કોરિડોર શરૂ કરવાના મજબૂત સંકેત આપી દીધા છે.જાણકારોના મતે ચીને જે નવા રૂટનો ઉપયોગ કર્યો છે તે ચીનના બહુપ્રતિક્ષિત '૫ નેશન્સ રેલવે કોરિડોર'નો ભાગ છે, જેને મધ્ય એશિયાના દેશો માટે એક માઈલસ્ટોન માનવામાં આવી રહ્યો છે. આ માટે બેઈજિંગથી રવાના થતી ટ્રેન પહેલા કઝાકિસ્તાન પહોંચે છે અને ત્યાંથી તુર્કમેનિસ્તાનમાં એન્ટ્રી કરે છે. અહીંથી ટ્રેન ઈરાનના રેલવે નેટવર્કનો ઉપયોગ કરે છે અને ખાફ થઈને નવનિર્મિત 'ખાફ-હેરાત રેલવે લાઈન' દ્વારા અફઘાનિસ્તાનના હેરાત પ્રાંતમાં દાખલ થાય છે. ચીન અને ઈરાન વચ્ચે પહેલાં પણ ટ્રેન ચાલતી હતી, પરંતુ નવી વાત એ છે કે હવે તે ખાફના રસ્તે સીધી અફઘાનિસ્તાનના હેરાત સુધી પહોંચી રહી છે. ચીનનો આ એફએનઆરસી એટલે કે ફાઈવ નેશનલ રેલવે કોરિડોર એક નવી ભૌગોલિક અને વ્યૂહાત્મક ક્રાંતિનો શંખનાદ હતો. અમેરિકા જ્યાં બળ પ્રયોગ કરી રહ્યું છે ત્યાં ચીને સસ્તા સામાન અને ઝડપી સુવિધાના નામે કળપૂર્વક પાંચ દેશોનો સાધી લીધા છે. ઉલ્લેખનીય છે કે, હેરાત અફઘાનિસ્તાનમાં છે જે ઈરાનની સરહદની ખૂબ નજીક છે. એટલા માટે આ શહેર અફઘાનિસ્તાનને ઈરાનના રેલ નેટવર્ક સાથે જોડવા માટે મહત્વપૂર્ણ બની જાય છે. ખાફ-હેરાત રેલવે લાઈન આની મુખ્ય કડી છે.

# ભારતી આશ્રમ-ભવનાથ ખાતે જૂનાગઢ જિલ્લા ભાજપનો ત્રિ-દિવસીય પ્રશિક્ષણ વર્ગ ઉત્સાહભેર યોજાઈ રહ્યો છે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા. ૧૦: ભારતીય જનતા પાર્ટી, જૂનાગઢ જિલ્લા દ્વારા સંગઠનને વધુ મજબૂત, સક્રિય અને કાર્યક્ષમ બનાવવાના ઉદેશ સાથે તા. ૯ થી ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ભારતી આશ્રમ, ભવનાથ- જૂનાગઢ ખાતે ત્રિ-દિવસીય જિલ્લા પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. ગિરનારની પાવન ગોદમાંઆધ્યાત્મિકતા, સંસ્કાર, વિચારધારા અને સંગઠનશક્તિના સુંદર સમન્વય સાથે ચાલી રહેલા આ પ્રશિક્ષણ વર્ગમાં જિલ્લાના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ કરતા પૂર્વે કાર્યકર્તાઓ દ્વારા ભવનાથ મહાદેવના દર્શન કરી પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ભગવાન ભવનાથ મહાદેવના આશીર્વાદ અને ગિરનારની પવિત્ર ભૂમિમાં સંગઠનને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે કાર્યકર્તાઓએ પ્રશિક્ષણ વર્ગમાં ભાગ લીધો હતો.વિચારધારા સાથે કાર્યપદ્ધતિનું પ્રશિક્ષણ, ત્રિ-દિવસીય પ્રશિક્ષણ વર્ગ દરમિયાન ભાજપની વિચારધારા, સંગઠનનું માળખું, કાર્યપદ્ધતિ, કાર્યકર્તાની ભૂમિકા અને રાષ્ટ્ર નિર્માણમાં સંગઠનની જવાબદારી સહિત વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર સત્રો યોજાઈ રહ્યા છે. પ્રથમ દિવસે અભિવાદન, રજિસ્ટ્રેશન તથા ઉદ્ઘાટન સત્ર બાદ ભાજપની વિચારધારા અને 'રાષ્ટ્ર પ્રથમ'ના સંકલ્પ સાથે જોડાયેલા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કામગીરી અંગે પણ કાર્યકર્તાઓને માહિતગાર કરવામાં આવ્યા હતા., બીજા દિવસે વહેલી સવારે યોગ-પ્રાણાયામ દ્વારા દિવસની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ બુથ વ્યવસ્થાપન, સ્થાયી કાર્યક્રમો, 'મન કી બાત', મીડિયા વ્યવસ્થાપન, કાર્યપદ્ધતિ, વૈચારિક અધિષ્ઠાન, ભાજપનો ઈતિહાસ અને વિકાસ સહિતના વિષયો પર વિવિધ સત્રો યોજાયા હતા., આ ઉપરાંત દેશની સમસ્યાઓને સમજવા, તેના પડકારો અને નિદાન માટે કાર્યકર્તાઓની ભૂમિકા તેમજ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં સંગઠનના યોગદાન અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાના યુગમાં કાર્યકર્તાઓને સજ્જ કરવાનો પ્રયાસ, પ્રશિક્ષણ વર્ગના ત્રીજા દિવસે વર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સોશિયલ મીડિયા, AI, નમો એપ, સરળ એપ, ઓનલાઈન પરીક્ષા, કાર્યકર્તા વિકાસ, સંવાદ તથા હેલ્પ ડેસ્ક જેવા આધુનિક અને ટેક્નોલોજી આધારિત વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવશે.આ સત્રોનો મુખ્ય ઉદેશ કાર્યકર્તાઓને બદલાતા સમય સાથે તાલ મિલાવીને સંગઠનના કાર્યોને વધુ અસરકારક રીતે જનજન સુધી પહોંચાડવા માટે સક્ષમ બનાવવાનો છે. સાધુ-સંતોની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમથી ગુંજી ઊઠ્યું ભવનાથપ્રશિક્ષણ વર્ગ દરમિયાન રાત્રિના સમયે સાધુ-સંતોની પાવન ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ, ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત આ કાર્યક્રમમાં કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગિરનારની પાવન ભૂમિ, સંતો-મહંતોના આશીર્વાદ અને સંગઠનના કાર્યકર્તાઓની ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણને આધ્યાત્મિકતા અને ઉર્જાથી ભરપૂર બનાવી દીધું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા કાર્યકર્તાઓમાં પરસ્પર આત્મીયતા, સંવાદ અને સંગઠનભાવના વધુ મજબૂત બની હતી.કાર્યકર્તા એ ભાજપની સૌથી મોટી શક્તિ, આ પ્રશિક્ષણ વર્ગનો મુખ્ય હેતુ માત્ર વિષય આધારિત પ્રશિક્ષણ પૂરતો મર્યાદિત નથી, પરંતુ કાર્યકર્તાઓને સંગઠનની વિચારધારા, કાર્યપદ્ધતિ અને જવાબદારીઓ અંગે વધુ સુસજ્જ કરી સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવાનો છે.,ભાજપની સંગઠન શક્તિ તેના સમર્પિત કાર્યકર્તાઓમાં રહેલી છે.

# જૂનાગઢ મહાનગરપાલિકાના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તરીકેનો શ્રી આઈ.આર. વાળા એ ચાર્જ સંભાળ્યો.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦. . ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી વહીવટી ફેરબદલના ભાગરૂપે મહાનગરપાલિકા, જૂનાગઢના નવ નિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તરીકે શ્રી આઈ.આર.વાળા દ્વારા સત્તાવાર રીતે પોતાનો પદભાર સંભાળી લેવામાં આવ્યો છે. પદભાર ગ્રહણ કર્યા બાદ તેમના દ્વારા નગરજનોના હિત, શહેર ના સર્વાંગી વિકાસ અને પારદર્શક વહીવટ પ્રત્યે પોતાની સ્પષ્ટ પ્રાથમિકતાઓ જાહેર કરવામાં આવી હતી. માન.કમિશનરશ્રી આઈ. આર. વાળા દ્વારા પદભાર સંભાળતા જણાવવામાં આવેલ છે કે,જૂનાગઢ શહેરમાં ચાલી રહેલા તથા પ્રસ્તાવિત તમામ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને જનહિતના કામો નક્કી કરેલી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે તેમની મુખ્ય પ્રાથમિકતા રહેશે. તેમજ મહાનગરપાલિકામાં પોતાની રજૂઆતો કે સમસ્યાઓ લઈને આવતા દરેક અરજદાર સાથે અધિકારીઓ અને કર્મચારીઓએ સૌજન્યપૂર્વકનો વ્યવહાર કરવો, તેમની વાત ન્યાયપૂર્વક સાંભળીને યોગ્ય રીતે સમજાવવી અને તેમની સમસ્યાઓનો સંતોષકારક ઉકેલ લાવવો. આ ઉપરાંત, શહેરીજનોને પીવાના પાણી, રસ્તા, સફાઈ અને સ્ટ્રીટ લાઈટ જેવી મૂળભૂત સુવિધાઓ સુચારુ રીતે મળી રહે તે માટે કટીબધ્ધતા દર્શાવી હતી. ચાર્જ સંભાળ્યા બાદ માન.કમિશનરશ્રી આઈ.આર.વાળા દ્વારા મહાનગરપાલિકાના તમામ વિભાગીય વડાઓ સાથે સમીક્ષા બેઠક યોજીને ચાલી રહેલા પ્રોજેક્ટ્સની માહિતી મેળવી હતી અને પ્રજાલક્ષી કાર્યોને ઝડપથી તેમજ ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.સરકારશ્રીની વિવિધ જનકલ્યાણ યોજનાઓ સામાન્ય માણસ સુધી સમયસર પહોંચે અને વહીવટી પ્રક્રિયા વધુ પારદર્શક બને તે દિશામાં સમગ્ર ટીમ સાથે મળીને કામગીરી કરવામાં આવશે.

## શ્રાવણ માસના દર સોમવાર તથા પવિત્ર તહેવાર નિમિતે જુનાગઢ મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં ચાલતી મટન શોપ અને ફિશ શોપ બંધ રાખવા આદેશ.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦ જુનાગઢ મહાનગરપાલિકા સેવા સદનની એક યાદીમાં જણાવ્યુ છે કે, જુનાગઢ મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં ચાલતી મટનમાર્કેટ બંધ રાખવા આદેશ કરવામાં આવેલ છે. આગામી શ્રાવણ માસના દર સોમવાર તથા પવિત્ર તહેવાર અંતર્ગત જુનાગઢ શહેરમાં આવેલ નોનવેજ ની દુકાનો, મટનમાર્કેટ, ફિશમાર્કેટ, મીટશોપ, પોલ્ટ્રીશોપ, ફિશશોપ, લારીગલ્લાઓ તા. ૧૭/૦૮/૨૦૨૬ સોમવાર, તા.૨૪/૦૮/૨૦૨૬ સોમવાર, તા.૨૮/૦૮/૨૦૨૬ શુક્રવાર રક્ષાબંધન(બળેવ), તા. ૩૧/૦૮/૨૦૨૬ સોમવાર, તા. ૦૪/૦૯/૨૦૨૬ શુક્રવાર કૃષ્ણ જન્માષ્ટમી(આઠમ), તા. ૦૭/૦૯/૨૦૨૬ સોમવાર, તા. ૧૧/૦૯/૨૦૨૬ શુક્રવાર ભાદરવી અમાસ તેમજ તા. ૧૪/૦૯/૨૦૨૬ સોમવાર ગણેશ ચતુર્થી તથા જૈન સંવત્સરી ના રોજ બંધ રાખવા માન. કમિશનરશ્રી દ્વારા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૪૬(૧)(ડી) હેઠળ સ્થાયી હુકમ કરવામાં આવેલ છે. જેથી આ દિવસે નોનવેજની દુકાનો,મટનમાર્કેટ, ફિશ માર્કેટ, મીટ શોપ, પોલ્ટ્રીશોપ, ફિશશોપ, લારીગલ્લાઓ ઉપર વેચવામાં આવતી નોનવેજ વસ્તુઓ વેચાણ ઉપરોક્ત તારીખનાં રોજ બંધ રાખવાનો આદેશ કરવામાં આવેલ છે. આ આદેશનું ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. અન્યથા મહા નગરપાલિકા દ્વારા આદેશના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જેની મીટશોપ ધારકોએ નોંધ લેવી.

# ખેતી બેંક ચાણસ્માની ચૂંટણી પહેલાં ભાજપ પ્રેરિત.6 ઉમેદવારો બિનહરીફ થતાં કેશરીયો લહેરાયો

નિતીન ઠાકર ચાણસ્મા | | ખેતી બેક ચાણસ્મા શાખા ના 5 પ્રતિનિધિ અને 1 સભ્ય માટે અગામી સમયમાં ચૂંટણી યોજાવાની હતી ત્યારે ચાર દિવસ પહેલાં ઉમેદવારોએ ઉમેદવારી માટે 14 ઉમેદવારો ચૂંટણી જંગમાં હતા ઉમેદવારીપત્રો પરત ખેંચવાની. અંતિમ તારીખે હરીફ ઉમેદવારો એ તેમના ઉમેદવારી પત્રો પરત ખેંચતા. પાંચ પ્રતિનિધિઓ અને એક સભ્ય પ્રતિનિધિઓ બિનહરીફ જાહેર થતાં જિલ્લા ભાજપ અધ્યક્ષ રમેશભાઈ સિંઘવ તાલુકા ભાજપ પ્રમુખ કિરણ ભાઈ જાની ખરીદ વેચાણ સંઘના પ્રમુખ કૌશિકભાઈ પટેલ સહિત ચાણસ્મા શહેર ભાજપના આગેવાનોએ બિહરીફ. પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી

. વિન હરીફ વિજેતા પ્રતિનિધિ ઓ

(૧) પટેલ લાલજીભાઈ નારણભાઈ - ચાણસ્મા

(૨) દેસાઈ મહેન્દ્રભાઈ કરમશીભાઈ - દેલમાલ

(૩) દેશાઈ વિષ્ણુભાઈ કરમશીભાઈ કંબોઈ

(૪) ચૌધરી દિનેશભાઈ નાનજીભાઈ - કમાલપુર

(૫) ચોધરી રાજેશકુમાર દલસુંગ ભાઈ

સભ્ય

(૬) પટેલ રાજેશકુમાર કાશીદાસ રામગઢ

# દેલમાલ ગામે પ્રજાપતિ સમાજની વાડી પાસે વરસાદી પાણી ભરાઇ રહેતાં કાદવ કિચડ જામ્યો

નિતીન ઠાકર ચાણસ્મા | ચાણસ્મા તાલુકાના દેલમાલ ગામે પ્રજાપતિ સમાજની વાડી પાસે વરસાદી પાણી ભરાઇ રહેવાના કારણે અને આ વિસ્તારમાં પસાર થતો રોડ દરગાહથી અરીઠાં - સુરજ તરફ જતો હોઇ. વાહનો ટ્રેક્ટર ઢોરની આવન-જાવન ધસારાના કારણે કાદવ-કિચડ થઇ જતાં આ વિસ્તારમાંથી પસાર થતાં રહીશો તેમજ નિશાળમાં જતાં બાળકોને કાચવ-કિચડ માંથી પસાર



થતાં પરેશાન થઈ રહ્યા છે બીજી બાજુ આ વિસ્તારના રહીશોએ કાદવ કિચડની સમસ્યા અંગે જણાવ્યું હતું કે દરગાહથી પ્રજાપતિ સમાજની વાડી સામેથી સુરજ અરીઠા બાજુ જવા માટે રોડ બનાવાયો હતો જે પ્રજાપતિ સમાજની વાડી વિસ્તાર પાસે રોડ અધુરો રહી જવાના કારણે અને ચોમાસામાં પાણી ભરાઇ જવાના કારણે. કાદવ કિચડ થઇ જતાં રાહદારીઓ શાળાએ જતાં બાળકોને કાદવ કિચડમાં ચાલવા મજબૂર થવું પડે છે આ અધુરો રોડ પુરો કરવા તાલુકા કક્ષાના સ્વાગત ફરીયાદ કાર્યક્રમમાં લેખિત રજૂઆત કરાઇ હોવા છતાં તદ્ઉપરાંધ તા વિ અધિકારી સીએમઓ ઓફિસ માં લેખિત રજૂઆત કરવા છતાં પરીણામ મળતું નહી હોવાનો આક્રોશ ઠાલવ્યો હતો.

# સંખેડાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 11 ઓગસ્ટ, 2026 ના રોજ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી.



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

આ કાર્યક્રમની શરૂઆત કોલેજના આચાર્ય ડો. ડી.વી. પટેલના ઉદ્બોધનથી થઈ હતી. ત્યારબાદ ડો. પી.આર. શ્રીમાળીએ આદિવાસી સંસ્કૃતિ પર વ્યાખ્યાન આપ્યું હતું.

આ ઉજવણીના ભાગરૂપે, 'બદલાતી જતી આદિવાસી સંસ્કૃતિ' વિષય પર ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સફળ સંચાલન ડો. સાધનાબેન ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સાંસ્કૃતિક સમિતિના કોઓર્ડિનેટર ડો. રાકેશ આર. વણકર સાધુએ આભાર વિધિ કરી હતી.



દિવાસા ના દિવસ થી દશામા ના વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ચાણસ્મા નગરના વિવિધ વિસ્તારો ની બજારો માં દશામા ની મૂર્તિ અને પૂજાપા ની ખરીદી માટે ચાણસ્મા નગર સહિત ગ્રામીણ વિસ્તારની વ્રત કરવા ની ઈચ્છાવાળી શ્રદ્ધાળુ મહિલા ઓની ભીડ જામતાં ચાણસ્મા ના સરદાર ચોક પાંજરાપોળ બસ સ્ટેશન વિસ્તારમાં મેળા જેવો માહોલ જામ્યો હતો

નિતીન ઠાકર ચાણસ્મા

# દાહોદ જિલ્લાના સુખસર ખાતે મંત્રી શ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને તિરંગા યાત્રા યોજાઈ



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના સુખસર તાલુકામાં રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં સ્વતંત્રતા સપ્તાહ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા અભિયાન અંતર્ગત કૃષિ અને ખેડૂત કલ્યાણ સહકાર પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને તિરંગા યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં લોકો હર્ષોલ્લાસ સાથે સામેલ થયા હતા. હાથમાં તિરંગા સાથે “ભારત માતા કી જ્ય” અને “વંદે માતરમ”ના નારાઓથી સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગથી રંગી દીધું હતું. દેશભક્તિના ગીતો દ્વારા દરેક નગરવાસીઓના દિલમાં દેશભક્તિ જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.તિરંગા યાત્રામાં, સુખસર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, નાયબ પોલીસ અધિક્ષક શ્રી પટેલ,મામલતદારશ્રી અને ટીડીઓશ્રી, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો , સુખસર તાલુકાના વિવિધ વિભાગના કર્મચારીઓ , પોલીસ, હોમગાર્ડના જવાનો, ગ્રામજનો,તથા વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા "હર ઘર તિરંગા" અને "વંદે માતરમના ૧૫૦ વર્ષ" ની થીમ હેઠળ "સ્વતંત્રતા સપ્તાહ" ની ભવ્ય ઉજવણી.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧. ભારતનો રાષ્ટ્રધ્વજ આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે તેમજ રાષ્ટ્રધ્વજના સન્માનમાં તારીખ ૦૯/૦૮/૨૦૨૬ થી ૧૭/૦૮/૨૦૨૬ દરમિયાન 'હર ઘર તિરંગા ૨૦૨૬' અને 'વંદે માતરમના ૧૫૦ વર્ષ' ની થીમ આધારિત સ્વતંત્રતા સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સદરહું ઉજવણી દ્વારા શહેરના લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વ તથા દેશભક્તિના ભાગરૂપે જીલ્લા વહીવટી તંત્ર અને જૂનાગઢ મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે શહેરીજનોમાં રાષ્ટ્રીય ચેતનાનો સંચાર કરવાના હેતુથી તા:૧૪/૦૮/૨૦૨૬ને શુક્રવારે સવારે ૦૮:૦૦ કલાકે એક ભવ્ય 'હર ઘર તિરંગા' રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી નરસિંહ મહેતા સરોવર ખાતેથી પ્રારંભ થઈ આઝાદ ચોક અને કાળવા ચોક થઈને જીમખાના ખાતે સંપન્ન થશે. આ ઉપરાંત, 'હર ઘર તિરંગા' અભિયાનને વધુ વેગ આપવા માટે 'harghartiranga.com' પોર્ટલ પર સેલ્ફી અપલોડ કરી શકે તે માટે શહેરમાં વિશેષ સેલ્ફી પોઈન્ટ્સ પણ તૈયાર કરવામાં આવશે. જીલ્લા વહીવટીતંત્ર અને જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ શહેરીજનો, વિદ્યાર્થીઓ, સામાજિક તથા સ્વૈચ્છિક સંસ્થાઓ અને વિવિધ મંડળોને આ દેશભક્તિપૂર્ણ રેલી તેમજ સમગ્ર સ્વતંત્રતા સપ્તાહના કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં અને ઉત્સાહભેર જોડાવા માટે નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# થરાદ તાલુકામાં પી.એમ. પોષણ યોજના હેઠળ કેન્દ્ર સંચાલકોની હંગામી નિમણૂક માટે અરજીઓ મંગાવાઈ

### થરાદ તાલુકામાં પી.એમ.પોષણ યોજના કેન્દ્ર સંચાલક માટે તા. ૨૧ ઓગસ્ટ સુધી અરજી કરી શકાશે

થરાદ | પી.એમ.પોષણ (મધ્યાહન ભોજન) યોજના અંતર્ગત થરાદ તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે કેન્દ્ર સંચાલકોની તદ્દન હંગામી ધોરણે નિમણૂક કરવા માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ઉમેદવારોએ નિયત નમૂનામાં સંપૂર્ણ વિગતો સાથે અરજી જરૂરી આધાર-પુરાવા જોડીને તા. ૨૧/૦૮/૨૦૨૬ના કચેરી સમય સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફતે મામલતદાર કચેરી, થરાદ ખાતે પહોંચાડવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પસંદગીમાં સ્થાનિક વિધવા તથા ત્યક્તા મહિલાઓને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.કેન્દ્ર સંચાલકની જગ્યા માટે થરાદ તાલુકાની વળાદર ગોળીયા, રાજકોટ, આંતરોલ, ભોરોલ મારવાડી વાસ, પઢિયાર ગોળીયા, જમડા ભગતવાસ, હેમાસરા, મૉડેલ ડે સ્કૂલ ગડસીસર, માવાજી ગો, ઘેસડી પરખાજી ગોળીયા તથા ઓઢાવા જેતડા સહિતની પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જગ્યાઓ માટે મહિલા તથા પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. ઉમેદવાર માટે શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. પાસ નક્કી કરવામાં આવી છે, જ્યારે વયમર્યાદા ૨૦થી ૬૦ વર્ષ રહેશે. અરજી સાથે શૈક્ષણિક લાયકાતની માર્કશીટની ખરી નકલ, ઉંમરના આધાર તરીકે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (એલ.સી.), રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ અને આધારકાર્ડની નકલ, જાતિ અંગેનું પ્રમાણપત્ર, સ્થાનિક રહેઠાણ અંગેના આધાર-પુરાવા તેમજ અરજીપત્રકમાં જણાવેલા અન્ય જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે. આ ઉપરાંત એસ.બી.આઈ. બેંક ખાતાની પાસબુકની ઝેરોક્ષ નકલ પણ જોડવાની રહેશે.અરજદારે પોતાના પિતા/પતિના સંયુક્ત કુટુંબમાં શિક્ષક કે અન્ય નોકરી કરતા નથી તે અંગેનું રૂ. ૫૦ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું રજૂ કરવાનું રહેશે. સાથે જ અરજદાર સામે કોઈ ગુનો નોંધાયેલ નથી તે અંગેનો સંબંધિત પોલીસ સ્ટેશનનો દાખલો પણ રજૂ કરવાનો રહેશે. ભરતી અંગેની અન્ય શરતો તથા વધુ વિગતો મામલતદાર કચેરી, થરાદ ખાતેથી રૂબરૂ મેળવી શકાશે, તેમ મામલતદારશ્રી, થરાદ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકશ્રી રામાશ્રય પાંડે દ્વારા વેરાવળ અને સોમનાથ રેલવે સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું, સાસણ ગિર રેલવે સ્ટેશન ખાતે નવનિર્મિત હોલિડે હોમનું ઉદ્ઘાટન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભાવનગર તા.૧૧. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકશ્રી રામાશ્રય પાંડેએ તેમના ભાવનગર મંડળના પ્રવાસ દરમિયાન 10 ઓગસ્ટ, 2026ના રોજ વેરાવળ અને સોમનાથ રેલવે સ્ટેશનોનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. તેમણે રાજકોટ-વેરાવળ રેલવે સેક્શન નું વિન્ડો ટ્રેલિંગ દ્વારા સંરક્ષા નિરીક્ષણ પણ કર્યું. આ પ્રસંગે ભાવનગર મંડળના મંડલ રેલ પ્રબંધકશ્રી દિનેશ વર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વેરાવળ સ્ટેશનનું વિસ્તૃત નિરીક્ષણમહાપ્રબંધકશ્રી રામાશ્રય પાંડેએ વેરાવળ રેલવે સ્ટેશન ખાતે યાત્રી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. તેમણે વેરાવળ સ્ટેશનના પુનર્વિકાસ, યાર્ડની ક્ષમતા વધારવા તેમજ વધુ ટ્રેનોનું સુચારુ સંચાલન થઈ શકે તે માટે ની યાર્ડ રિમોડલિંગ યોજનાઓ અંગે વિગતવાર ચર્ચા કરી અને તેનું નિરીક્ષણ કર્યું.રેલ મુસાફરોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી તેમણે સ્ટેશન પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓની ગુણવત્તા, સ્વચ્છતા, જાળવણી વ્યવસ્થા તથા મુસાફરોને પૂરી પાડવામાં આવતી સેવાઓ ની વિગતવાર સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા. મહાપ્રબંધકે મુસાફરોની સુવિધા અને સંરક્ષા ને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર વિશેષ ભાર મૂક્યો. સોમનાથ સ્ટેશનના પુનર્વિકાસ કાર્યની સમીક્ષા : મહાપ્રબંધકે સોમનાથ રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની સમીક્ષા કરી તથા વિવિધ બાંધકામ કાર્યોની પ્રગતિનું વિગતવાર નિરીક્ષણ કર્યું.

# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે વિશ્વ સિંહ દિવસ-૨૦૨૬ નિમિત્તે “વન્યજીવ સંરક્ષણમાં પશુચિકિત્સક ની ભૂમિકા” વિષય પર રાષ્ટ્રીય વેબિનારનું સફળ આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૧. ઓગસ્ટની ૧૦ તારીખે વિશ્વ સિંહ દિવસ ની દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે તે મુજબ ૨૦૨૬ના વર્ષની ઉજવણીના પશુધનફાર્મ સંકુલ,પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ અને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢના સહયોગથી તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ “વન્યજીવ સંરક્ષણમાં પશુચિકિત્સક ની ભૂમિકા”વિષય પર રાષ્ટ્રીય વેબિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારના મુખ્ય વક્તા તરીકે ડૉ.કરણ જૈન, ભારતીય વન્યજીવ સંસ્થાન, દેહરાદૂન, ઉત્તરાખંડએ વન્યજીવ સંરક્ષણ અને તેમા પશુચિકિત્સકની ભૂમિકા અંગે વિસ્તૃત અને માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખાસ કરીને વન્યજીવ સંરક્ષણ માં વૈજ્ઞાનિક સંશોધન અને પશુચિકિત્સા વિજ્ઞાનના સુમેળનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડૉ.પી.એચ. ટાંકની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ નું અધ્યક્ષ સ્થાનડૉ.એમ.ડી.ઓડેદરા, આચાર્યશ્રી, પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢએ સંભાળ્યું હતું. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. પી.એમ.લુણાગરિયા, પ્રાધ્યાપકશ્રી,પશુધન ફાર્મ સંકુલએ તથા આયોજન સચિવ તરીકે ડૉ.એસ.વી. માવદિયા, મદદનીશ પ્રાધ્યાપક, પશુધન ફાર્મ સંકુલ અને ડૉ.અનિરુદ્ધસિંહ ઝાલા, પશુચિકિત્સા અધિકારી, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢએ મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી હતી. કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંચાલન ડૉ.પ્રણવ અંજારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરી ઉપસ્થિત મહાનુભાવો, નિષ્ણાત વક્તા અને સહભાગીઓને કાર્યક્રમના વિવિધ તબક્કા ઓથી માહિતગાર કર્યા હતા. અંતે તેમણે આભારવિધિ કરી કાર્યક્રમની સફળતા માટે સહયોગ આપનાર તમામ મહાનુભાવો, નિષ્ણાત વક્તા, સહયોગી સંસ્થા, આયોજક મંડળ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા સમગ્ર ભારતમાંથી જોડાયેલા સહભાગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ વેબિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધકો તથા પશુચિકિત્સકોમાં વન્યજીવ સંરક્ષણ, વન્યજીવોના આરોગ્ય વ્યવસ્થાપન તેમજ વન્યજીવોના રક્ષણમાં પશુચિકિત્સકોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે જાગૃતિ અને જ્ઞાન વધારવાનો હતો. સમગ્ર ભારતમાંથી ૪૦૦થી વધુ સહભાગીઓએ નોંધણી કરાવી હતી.

# સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધાનપુર ખાતે 'વિશ્વ વસ્તી દિવસ'અંતર્ગત કુટુંબ નિયોજનનો ઓપરેશન કેમ્પ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત સામૂહિક આરોગ્ય કેન્દ્ર , ધાનપુર ખાતે કુટુંબ નિયોજન ઓપરેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે વિશ્વ વસ્તી દિવસ 'વિકસિત ભારતની નવી પહેચાન: માં બનવાની ઉંમર એજ, જ્યારે શરીર અને મન તૈયાર હોય' ની વિશેષ થીમ હેઠળ ઉજવવામાં આવી રહ્યો છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને આ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ધાનપુર તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી આવેલા કુલ ૩૦ જેટલા લાભાર્થીઓએ આ કેમ્પમાં કુટુંબ કલ્યાણની શસ્ત્રક્રિયાનો લાભ લીધો હતો અને સમાજમાં પરિવાર નિયોજન પ્રત્યે જાગૃતિનો સકારાત્મક સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષકશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, નિષ્ણાત તબીબોની ટીમ તેમજ આરોગ્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ઉપસ્થિત અધિકારીઓ અને તબીબોએ પરિવાર નિયોજનના પગલાં અપનાવીને સુખી અને સમૃદ્ધ પરિવાર થકી પ્રગતિના નવા અધ્યાય લખવા માટે ગ્રામજનોને પ્રોત્સાહિત કર્યા હતા.

આરોગ્ય વિભાગ દ્વારા તમામ લાભાર્થીઓને જરૂરી તબીબી સારસંભાળ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# દેવ ચોકડીથી બાલાસિનોર તરફના વીરપુર રોડ પર દબાણનો કહેર, વારંવાર ટ્રાફિક જામ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

બાલાસિનોર-વીરપુર રોડ પર દેવ ચોકડીથી બાલાસિનોર તરફ આવતા માર્ગમાં દેવ ખારવા પુલ પાસે રોડની બંને બાજુ ગેરકાયદે દબાણ કરી દુકાનો ઉભી કરાઈ હોવાના આક્ષેપો ઉઠ્યા છે. દુકાનો પર ખરીદી કરવા આવતા લોકો પોતાના વાહનો રોડ પર જ આડેધડ પાર્ક કરતા હોવાથી અહીં વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પુલ પાસે રોડની જગ્યા પર દુકાનો અને લારીઓના કારણે વાહનોને પસાર થવા માટે પૂરતી જગ્યા રહેતી નથી. બીજી તરફ ગ્રાહકો રોડ પર જ વાહનો ઉભા રાખતા મુખ્ય માર્ગનો મોટો હિસ્સો અવરોધાઈ જાય છે, જેના કારણે એક સમયે બંને તરફથી વાહનોની લાંબી કતારો લાગી જાય છે.ટ્રાફિક જામ સાથે અકસ્માતનું જોખમ પણ વધ્યુંફોટોમાં પણ વાહનોની લાંબી કતારો અને રોડની બાજુએ ઉભેલા વાહનોના કારણે ટ્રાફિકની સ્થિતિ સ્પષ્ટ જોવા મળે છે. ખાસ કરીને મોટા ટ્રક, બસ, કાર અને ટુ-વ્હીલર એકસાથે પસાર થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પુલ પરની આ સ્થિતિને કારણે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.દબાણ દૂર કરવા સ્થાનિક લોકોની માંગ છે કે સંબંધિત તંત્ર દ્વારા સ્થળની તાત્કાલિક તપાસ કરવામાં આવે, રોડની હદમાં થયેલા દબાણો અંગે કાર્યવાહી કરવામાં આવે અને રોડ



પર આડેધડ પાર્કિંગ અટકાવવા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. જાહેર માર્ગને દબાણમુક્ત કરી ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે."દેવ ખારવા પુલ ઉપર ગેરકાયદેસર દુકાનોને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. દુકાનો પર ખરીદી કરવા આવતા લોકો પોતાની ગાડીઓ રસ્તા ઉપર જ પાર્ક કરી દે છે, જેના કારણે રસ્તો સાંકડો થઈ જાય છે અને વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ ઊભી થાય છે. તંત્રએ આવા દબાણો તાત્કાલિક દૂર કરી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ."

# શું આપ સારી નોકરીની તલાસમાં છો? UPSC / GPSC સ્પર્ધાત્મક પરીક્ષા વિશે તજજ્ઞ માર્ગદર્શન ઈચ્છો છો તો આવો ૧૨ ઓગષ્ટે નિઃશુલ્ક ફ્રી અવેરનેશ સેમિનારમાં ઉપસ્થિત રહો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૧, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ ખાતે શિક્ષણ વિભાગ નાં નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત દ્વારા કાર્યરત્ત સ્વામી વિવેકાનંદ આઇ.એ.એસ. અભ્યાસકેન્દ્ર ખાતે ૧૨ ઓગસ્ટ-૨૦૨૬નાં ૧૧-૦૦ કલાકે તદન નિઃશુલ્ક અવેરનેશ સેમિનાર યોજાશે, આ જાગૃતિ સેમિનારમાં નોકરીવાંચ્છુ યુવાઓ ઉપસ્થિત રહી સરકારશ્રી દ્વારા નિયુક્ત કરેલ વિષય તજજ્ઞો પાસેથી સ્પર્ધાત્મક પરીક્ષાને લગત જાણકારી મેળવી શકશે. અત્રે ઉલ્લેખનિય છે કે રાજ્ય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં આઠ એવા સેન્ટરો નિર્ધારિત કર્યા છે કે જ્યાં બુધવારે ૧૨ ઓગષ્ટે આઇ.એ.એસ. અને આઈ પી એસ જેવી સનદી પરીક્ષાની તૈયારી કેમ કરવી, પરીક્ષા બાબતે જાગૃતિ અંગે જાણકારી આપશે. જૂનાગઢ ખાતે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય સંકુલના કુલપતિ પ્રો પ્રતાપસિંહજી ચૌહાણના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યરત સ્વામિ વિવેકાનંદ આઇ.એ.એસ. સ્ટડી સેન્ટરનો લાભ લઇ રહેલ પરીક્ષાની તૈયારી કરતા લાભાર્થીઓને દૈનિક સમાચાર પત્રો, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય વર્તમાન બાબતો, સાપ્તાહિક અને માસિક મેગેઝિન, ડિજિટલ એસી ક્લાસ રૂમ, ૧૪૦૦+ અધિકૃત પુસ્તકો સાથે એસી લાઇબ્રેરી, વ્યક્તિગત બેઠક જગ્યા સાથે લાઇબ્રેરી, SPIPA / નિષ્ણાતો ફેકલ્ટીઓ, નિઃશુલ્ક ચા કોફી, ડિજિટલ એસી ક્લાસ રૂમ, હાઈ ટેક સ્ટડી ઈક્વીપમેન્ટસ સાથે ઉપલબ્ધ છે. ત્યારે આ સેન્ટરની આ જાગૃતિ સેમિનારની એકવાર મુલકાત લેવાની તક આ સેમિનાર અટેન્ડ કર્યેથી પ્રાપ્ત થશે.

# જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ઈન્ડો એશિયા કોપર લિમિટેડ ખાતે સિંહ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના લુણસાપૂર ગામે તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ વિશ્વ સિંહ દિવસ નિમિત્તે લુણસાપુર ખાતે આવેલ ઈન્ડો એશિયા કોપર લિમિટેડ (IACL) કંપની દ્વારા પ્રોજેક્ટ સાઈટ પર સિંહ જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના ગીર વિસ્તારમાં વસતા એશિયાટિક સિંહોના સંરક્ષણ, વન્યજીવ સુરક્ષા, કુદરતી આવાસના સંરક્ષણ તેમજ માનવ-વન્યજીવ સહઅસ્તિત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.કાર્યક્રમ દરમિયાન ગુજરાત વન વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા જાગૃતિ સત્ર યોજવામાં આવ્યું હતું. જેમાં એશિયાટિક સિંહોના સંરક્ષણ, વન્યજીવો સાથે સુરક્ષિત અને જવાબદાર સહઅસ્તિત્વ, વન્યજીવ સુરક્ષા તથા સિંહોના કુદરતી આવાસના જતન અંગે મહત્વપૂર્ણ માહિતી અને



માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે જાફરાબાદ રેન્જ ફોરેસ્ટ અધિકારીશ્રી જિજ્ઞાસાબેન શેતારાનીયા, ફૉરેસ્ટરશ્રી એમ. એ. ડોડીયા, બીટ ગાર્ડશ્રી એ. કે ચૌહાણ તેમજ કંપનીના ડિરેક્ટરશ્રી હરેશ વોરા સાહેબ, તેમજ કંપનીના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને સાઈટ પર કાર્યરત શ્રમિકોએ ઉત્સાહપૂર્વક સહયોગ અને સક્રિય ભાગીદારી આપી હતી.IACL કંપની પર્યાવરણ સંરક્ષણ, જૈવવિવિધતાના જતન અને ટકાઉ વિકાસ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા જાળવી રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.

# સંખેડા તાલુકામાં તલાટીઓની એક મહિનાથી ચાલતી હડતાલના કારણે આમ જનતાની સાથે હવે ગ્રામ પંચાયતના સરપંચો પણ મુશ્કેલીમાં મુકાયા

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકામાં તલાટીઓની એક મહિનાથી ચાલતી હડતાલના કારણે આમ જનતાની સાથે હવે ગ્રામ પંચાયતના સરપંચો પણ મુશ્કેલીમાં મુકાયા છે. આગામી સ્થાનિક ચૂંટણીને પગલે સરપંચોને લોકોના સવાલોનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે તેમના પર દબાણ વધ્યું છે.રતનપુર ગામના સરપંચ મોતીભાઈ રોહિતે આ મુદ્દે અવાજ ઉઠાવ્યો છે. તેમના જણાવ્યા અનુસાર, હડતાલના કારણે વિદ્યાર્થીઓને જાતિના દાખલા, આવકના દાખલા અને અન્ય જરૂરી સરકારી દાખલા મેળવવામાં ભારે હાલાકી પડી રહી છે. રોજબરોજના કામો અટકી જતાં નાગરિકોને વારંવાર તાલુકા અને જિલ્લા કચેરીઓના ધક્કા ખાવા પડી રહ્યા છે.આ સમસ્યાને લઈને



સરપંચ મોતીભાઈ રોહિતે સંખેડા તાલુકાના ધારાસભ્ય અને જિલ્લા કલેક્ટરને મીડિયાના માધ્યમથી રજૂઆત કરી છે. તેમણે માંગ કરી છે કે તલાટીઓની હડતાલનો વહેલી તકે અંત લાવવા માટે તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે, જેથી સામાન્ય જનતાને પડતી તકલીફો દૂર થાય.સરપંચે જણાવ્યું કે, 'વિદ્યાર્થીઓના પ્રવેશ અને અન્ય સરકારી યોજનાઓના લાભ સમયસર ન મળે તો તેની સીધી અસર ગામના લોકો પર પડી રહી છે. તંત્રએ આ મુદ્દાને ગંભીરતાથી લઈને ઝડપી નિર્ણય લેવો જોઈએ.'હાલ તલાટીઓની હડતાલના કારણે તાલુકા પંચાયત કચેરીઓમાં કામગીરી ઠપ્પ હોવાથી ગ્રામીણ વિસ્તારના લોકોને સૌથી વધુ અસર થઈ રહી છે.

# "નર્મદા સુગર " ની સંભવિત ચૂંટણી અગાઉ સભાસદ યાદી નો વિવાદ

રાજપીપલા | નર્મદા અને ભરૂચ જીલ્લા ના હજારો ખેડૂતો ની સહકારી સંસ્થા નર્મદા સહકારી ખાંડ ઉદ્યોગ 'નર્મદા સુગર ' ની. સંભવિત ચૂંટણી અગાઉ સભાસદ યાદી નો વિવાદ શરુ થયો છે અને નર્મદા સુગર ના ચેરમેન પર વારંવાર માંગવા છતાં યાદી નહિ આપવા ના આક્ષેપ થઇ રહ્યા છે .પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા નજીક આવેલ સહકારી સંસ્થા ' નર્મદા સુગર ' ની છેલ્લી ચૂંટણી લગભગ 2020 માં થઇ હતી પરંતુ હજુ મતગણતરી થઇ નથી અને ચૂંટણી સબજ્યુડીસ મેટર હોવાથી મતપેટીઓ સીલબંધ કમરા માં છે .ત્યારે હવે વર્ષ 2026-27 માં ચૂંટણી ની શક્યતા જણાતા અત્યારથીજ સત્તા મેળવવા ના કાવાદાવા શરુ થયા છે . ખેડૂત અગ્રણી કલ્પેશ દેસાઈ ના જણાવ્યા મુજબ જે ઝોન કે મંડળ માં



ખેડૂત ન જમીન હોય તટે ઝોન માં તે મતદાર થઇ શકે. કલ્પેશ દેસાઈ ની આ રજુઆત ને વાવેતર સાથે જોડી દઈ ખેડૂતો ને ગેરમાર્ગે દોરતા તેમને ખુલાસો કરવો પડ્યો છે . તો વર્તમાન ચેરમેન સામે સહકારી આગેવાનો નો આક્ષેપ છે કે સભાસદો ની યાદી તેમની મરજી મુજબ સગાવાદ ચલાવી બનાવવામાં આવેછે . ગુજકોમાસોલ ડિરેક્ટર સુનિલ પટેલે પણ લેખિત માં જણાવ્યું છે કે વારંવાર માંગવા છતાં સભાસદ યાદી આપવામાં આવતી નથી . ત્યારે નર્મદા સુગર ની સંભવિત ચૂંટણી અગાઉ આ પ્રકારે ખેંચતાણ ચાલી રહી છે . તો ચૂંટણી જાહેર થયા બાદ શું થશે તે જોવું રહ્યું .

# રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરાઈ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ભારતમાં દર વર્ષે ૧૦મી ઓગસ્ટના રોજ નેશનલ ડી વોર્મિંગ ડે એટલે કે, રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવે છે.જે અંતર્ગત જીલ્લા વિકાસ અધિકારી એચ.જે.પ્રજાપતિ સાહેબના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાના ૧ થી ૧૯ વર્ષના બાળકોને કૃમિજન્ય ચેપથી થતા આરોગ્ય સબંધિત નુકસાનથી બચાવવાના ઉતમ હેતુ સાથે કૃમિનાશક ગોળીનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આરોગ્ય,આઈ.સી.ડી.એસઅને



શિક્ષણ વિભાગના સયુંકત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમા જીલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી એમ. બી.ગોહિલ ના લાયઝનિંગ હેઠળ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. નિલેશ કલસરીયા,ટીપીઈઓ એસ. કે.સુમરા અને પ્રિન્સીપાલ વિપુલભાઈ ઘુચલા દ્વારા મોનિટરીંગ અને સુપરવિઝન કરવામાં આવ્યુ હતુ.જેમા આંગણવાડી અને શાળાના બાળકો તેમજ આંગણવાડી અને શાળાએ ન જતા બાળકોને આરોગ્ય સ્ટાફ દ્વારા આલ્બેન્ડાઝોલ ટેબલેટ અપાઈ હતી.આરોગ્ય સ્ટાફ દ્વારા શરીરમાં કૃમિના અસ્તિત્વ અને તેનાથી થતી આડઅસરો જેમકે કૃમિના કારણે લોહીની કમી, નબળાઈ,કુપોષણ,માનસિક વિકાસમાં અવરોધ અને ભણવામાં એકાગ્રતાનો અભાવ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

# નગરાળા સ્થિત G.P ધાનકા MSW કોલેજ ખાતે રેડ રિબન ક્લબ અંતર્ગત આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદયકુમાર ટીલાવત, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. આર.ડી. પહાડિયા તથા તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ભગીરથ બામણિયાના સીધા માર્ગદર્શન હેઠળ નગરાલા સ્થિત G.P.ધનકા MSW કોલેજ ખાતે રેડ રિબન ક્લબ અંતર્ગત એક વિશેષ આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. યુવાવર્ગમાં આરોગ્ય પ્રત્યે વિજ્ઞાનસભર સજાગતા લાવવા અને ચેપી રોગો વિશે સાચી સમજ કેળવવાના



ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં કોલેજના ૧૧૫ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે તબીબી નિષ્ણાતો અને આરોગ્ય અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને HIV/AIDS, ટીબી (ક્ષય), રક્તપિત્ત, જાતીય સંક્રમિત રોગો (STIs), હિપેટાઈટિસ, સ્વૈચ્છિક રક્તદાન તથા ડ્રગ્સના વ્યસનથી થતા ગંભીર શારીરિક-સામાજિક પરિણામો અંગે ઊંડાણપૂર્વક જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત, કિશોર-કિશોરીઓ માટે ઉપલબ્ધ 'એડોલેસન્ટ હેલ્થ સેવાઓ' તેમજ HIV/AIDS માર્ગદર્શન અને સહાય માટેની રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર *1097* અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

'ટીબી મુક્ત ભારત' અભિયાનને વેગ આપવાના ભાગરૂપે NSSના વિદ્યાર્થીઓને 'Break Free India' અને 'ટીબી મુક્ત ભારત' એપ ડાઉનલોડ કરાવી ટીબીના લક્ષણો, નિદાન અને નિઃશુલ્ક સારવારની પ્રક્રિયાથી માહિતગાર કરાયા હતા.

# "એક જ પાઠ, અનેક રીતો" વિદ્યાર્થીઓને શીખવા પ્રેરતા હર્ષાબેન ભુવાના શૈક્ષણિક પ્રયોગો.

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૧ : શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તક ના પાનાં પૂરાં કરવાની પ્રક્રિયા નથી. વિદ્યાર્થી કોઈ બાબતને કેટલું યાદ રાખે છે તેના કરતાં તે તેને કેટલી સરળતાથી સમજે છે અને જાતે શીખવાની પ્રક્રિયામાં કેટલો જોડાય છે, તે વધુ મહત્વનું છે. આ વિચારને વર્ગ ખંડમાં પ્રયોગો દ્વારા સાકાર કરવાનો પ્રયાસ જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનાની તાલુકા પે-સેન્ટર શાળાની શિક્ષિકા હર્ષાબેન એમ. ભુવા કરી રહ્યા છે. અંગ્રેજી જેવા વિષયને વિદ્યાર્થીઓ માટે સરળ અને રસપ્રદ બનાવવા હર્ષાબેન પરંપરાગત પદ્ધતિની સાથે સતત નવી શૈક્ષણિક રીતો અજમાવે છે. ગેમ આધારિત લર્નિંગ, સ્માર્ટ બોર્ડ, ગ્રુપ એક્ટિવિટી, ફ્લેશ કાર્ડ, સ્વનિર્મિત લર્નિંગ રૂમ અને ટેક્નોલોજી આધારિત પ્રવૃત્તિઓ તેમના વર્ગખંડનો ભાગ બની છે. તેમની કાર્યશૈલીનું સૌથી નોંધપાત્ર પાસું એ છે કે કોઈ એક પદ્ધતિને અંતિમ માનવાને બદલે તેઓ વિદ્યાર્થીની જરૂરિયાત પ્રમાણે પદ્ધતિ માં ફેરફાર કરે છે. અંગ્રેજીના શબ્દભંડોળ, વ્યાકરણ અને ભાષાકૌશલ્ય જેવા વિષયોને પ્રવૃત્તિ સાથે જોડીને સમજાવવાના પ્રયાસ થી વિદ્યાર્થીઓ માટે અઘરો ગણાતો વિષય પણ વધુ સરળ અને જીવંત બને છે. હર્ષાબેનના વર્ગખંડમાં શિક્ષણ માત્ર સાંભળવાની પ્રક્રિયા રહેતું નથી. વિદ્યાર્થી બોલે, વિચારે, ચર્ચા કરે, પ્રવૃત્તિમાં ભાગ લે અને જાતે જવાબ શોધે તે માટે વિવિધ શૈક્ષણિક પ્રયોગો કરવામાં આવે છે. આ અભિગમમાં શિક્ષકની ભૂમિકા માત્ર સમજાવનારની નહીં, પરંતુ વિદ્યાર્થીને શીખવાની તક આપનારી બને છે.શૈક્ષણિક પ્રયોગોની સાથે હર્ષાબેનનું અસરકારક વક્તૃત્વ અને પ્રસ્તુતિ કૌશલ્ય પણ નોંધપાત્ર છે. પોતાના પ્રયોગોને રજૂ કરતી વખતે સરળ ભાષા, યોગ્ય ઉદાહરણો અને આત્મવિશ્વાસભરી રજૂઆત દ્વારા તેઓ શિક્ષણના વિચારોને અસરકારક રીતે રજૂ કરે છે.

# "શું કંકોડા ખાવાના?..નક્કી.નસીબ માં કંકોડા લખ્યા લાગે છે"

મોટાભાગ ના ગુજરાતીઓ કંટોલા કે કંકોડા શાકભાજી થી પરિચિત હશે જ,કેમ? મજાક મજાક માં પણ કંકોડા શબ્દો નો ઉપયોગ ગુજરાતીઓ વધારે કરતા હોય છે. "શું કંકોડા ખાવાના?..નક્કી.નસીબ માં કંકોડા લખ્યા લાગે છે" વગેરે વગેરે કહેવત લોકો ગુસ્સા અને મજાકમાં બોલતા હોય છે. કંકોડા એ ચોમાસા ની ઋતુ માં મળતું પૌષ્ટિકતા થી ભરપુર શાક છે. ગોળ કાંટાવાળા લીલા છમ કંટોલા નજરે પડતા ખાસ આકર્ષક લાગતા નથી પણ એ પ્રોટીન,વિટામિન્સ મિનરલ્સ થી ભરપુર શાક છે એટલે એના કાંટા સામુ નજર કરવાના બદલે એની અંદર રહેલ ઉતમ પોષક તત્વો ને સમજજો. એક પ્રકારે આયુર્વેદિક ઔષધી અને વિશ્વ નું શક્તિશાળી શાક કંટોલા ને માનવામાં આવે છે.આ શાક માં એવી તાકાત હોય છે ને કે અમુક દિવસો ખાધા બાદ શરીર તાકતવર બની જાય છે.

દુનિયા નું સૌથી તાકાતવર શાક કંકોડા એ ફાઈબર, વિટામિન એ અને સી,એન્ટિઓક્સિડન્ટ,પ્રોટીન અને આયર્ન થી ભરપૂર હોય છે. દેખાવે કરેલા જેવા લાગતા કંકોડા સ્વાદ માં કડવા નથી આ એકદમ મીઠું શાક છે.કંકોડા ના શાક ની સાથે એના વેલા ના પાંદડા ની ભાજી પણ સ્વાદિષ્ટ અને પોષક તત્વો ધરાવે છે.કંકોડા ની મીઠાસ ને લીધે એને મીઠા કારેલા પણ કહેવાય છે.આ દિવ્ય ઔષધીય વનસ્પતિના શાક સાથે પાન માં પણ માંસાહાર કરતા ૫૦% કરતા પણ વધારે પ્રોટીન નું પ્રમાણ ઉપલબ્ધ હોય છે.આ કારણોસર ખાસ કરીને બાળકો અને યુવાન લોકો એ કંકોડા નો ઉપયોગ ચોમાસા ની ઋતુ માં અચૂક કરવો જોઈએ.વન પ્રદેશ વાડી ખેતરો અને ઘર આંગણે મજબુત ઝાડ કે દીવાલ ને આધારે કંકોડા ના વેલાં ઊગતા હોય છે.આ વેલ ચોમાસા ની ઋતુ માં ઝાડ નો આધાર લઈને એટલી ઝડપ થી ફેલાતી હોય છે કે વેલ માં ફૂલ બેસતા આખું ઝાડ કંટોલા નું લાગવા લાગે છે.જ્યારે ફૂલ ખરી જતા નાના ગોળ ગોળ લીલા છમ કાંટાવાળા કંટોલા બેસે છે ત્યારે ઝાડની રોનક વધારી દેતા હોય છે.

જમીન ની અંદર કંટોલાની ગાંઠ કે બીજ માત્ર એકજ વખત રોપવાથી સતત દસ વર્ષ સુધી એકધારો પ્રોટીન ના ભંડાર કંકોડા નો લાભ લઇ શકાય છે.આમ તો ચોમાસું પૂરું થતાં જ ધીમે ધીમે કંકોડા બજાર માંથી અદ્રશ્ય થવા લાગે છે. ઉનાળા ની ઋતુ માં વેલા સુકાઈ જાય છે પણ જમીન ની અંદર એની ગાંઠ સુકાતી નથી ચોમાસા ની ઋતુ આવતા જ એ પુનઃ વેલા સ્વરૂપે જમીન માંથી ઊગી નીકળે છે.જે જગ્યા એ ચોમાસા ની ઋતુ માં કંકોડા નો વેલો ઊગી નીકળતો હોય ત્યાં પાણી નો ભરાવો થવા લાગે તો કંકોડા ની ગાંઠ જલ્દી સડી જાય છે.સામન્ય સંજોગો માં ખેડૂતો કંકોડા નું વાવેતર મે અને જૂન મહિનામાં વરસાદ ની ઋતુ પહેલા કરતા હોય છે.

કંકોડા ની છાલ માં જ જરૂરી પોષક તત્વો હોવાથી એની છાલ ઊતર્યા વગર ઉપયોગ માં લેવાથી લાભ થાય છે પરંતુ ખાસ ધ્યાન રાખજો કંકોડા ની છાલ ઉતારવાની નથી. નિયમિત કંકોડા ભોજન માં લેવાથી ગુડ કોલેસ્ટ્રોલ માં વધારો થાય છે ને બેડ કોલેસ્ટ્રોલ ઘટે છે.



કંકોડા કે કંટોલા

- રુપાલી દવે

કંટોલા કે કંકોડા ની છાલ ના મુઠીયા:

કંકોડા ની છાલ ને ફેંકી ના દેતા એમાથી સ્વાદિષ્ટ મુઠીયા બનાવી શકાય છે.કંકોડા ની છાલ ને સ્વચ્છ પાણી માં બેત્રણ વાર ધોઈને કોરી કરો. વાસણ માં કોરી કંકોડા ની છાલ લઈને એમાં એક વાટકો ચણા નો લોટ અને અડધો વાટકો બાજરી નો લોટ,સ્વાદ અનુસાર નમક,લાલ મરચું, આદુ લસણ ની પેસ્ટ અને છાશ ઉમેરી ને બધું મિક્સ કરી ને એમાં નાની ચમચી ઈનો ઉમેરીને નરમ લોટ બાંધો. લોટ માંથી નાનકડા મુઠીયા સ્વરૂપે લુવા વાળી ને વરાળ માં બાફી લ્યો.કંકોડા ની છાલ ના મુઠીયા બફાઈ ગયા બાદ એના નાના ટુકડા કરો. કડાઈ માં તેલ ગરમ થયા બાદ એમાં મીઠા લીમડા ના ચાર પાંચ પાન સાથે રાઈ,હિંગ નાખી ને વઘાર આવવા ઘો.કડાઈ માં વઘાર આવ્યા બાદ એમાં કંકોડા ની છાલ ના મુઠિયાં નાખીને બધું ઉપર નીચે કરો. ગરમા ગરમ કંકોડા ની છાલ ના મુઠિયાં ને સાકર ભેળવેલ દહી સાથે પીરસો.

કંકોડા :

ગુજરાતી ઓ કંકોડા નું શાક ચોમાસા ની ઋતુ માં વધારે ખાતા હોય છે. મારા ઘર માં મમ્મી,પપ્પા સાસુ,સસરા અને પતિદેવ ને કંકોડા ખૂબ ભાવે એટલે ઘણીવાર મજાક મજાક માં બોલું છું કે જેની બુદ્ધિ કંકોડા જેવી હોય છે ને એની સાથે મગજમારી કરવાની ભૂલ ન કરાય. દર વર્ષે શ્રાવણ માસ માં આવતા સાતમના તહેવાર આઠમ નો તહેવાર એ ગુજરાતીઓ માટે ખાસ હોય છે. સાતમ આઠમના તહેવાર માં શાળા કોલેજો માં મીની વેકેશન પડી જતા હોય છે.રાંધણ છઠ ની રાતે બનાવેલ સ્વાદિષ્ટ ભોજન નો સ્વાદ સાતમ ના દિવસે પરિવાર ના સભ્યો આનંદ થી લેતા હોય છે,કેમ? શીતળા સાતમ ના દિવસે ચૂલો સળગાવવાની સ્ત્રીઓને મનાઇ હોય છે. ગુજરાતી ઓ ને વ્રત ઉપવાસના ફરાળ માં પણ થાળી ભરેલી જોઈએ તો સાતમ ના તહેવાર માં નો કોમ્પ્રોમાઇઝ.આ દિવસે મોટાભાગ ના ઘરો માં ચોમાસું આખા કંકોડાનું સ્વાદિષ્ટ શાક અવશ્ય મળી રહેશે.

આખા કંકોડા નું શાક :

૨૫૦ ગ્રામ કંકોડા લઈને એને પાણી માં બેત્રણ વખત ધોઈ ને સ્વચ્છ કરો. એક પ્લેટ માં બે ચમચી ચણા ના લોટ માં ધાણાજીરું,શિંગ અને દાળિયાનો પાવડર ઉમેરી ને મિક્સ કરો.એમાં સ્વાદ અનુસાર નમક,લાલ મરચું અને હળદર અને તેલ ઉમેરી ને બધું એક સરખું મિક્સ કરીને પૂરણ બનાવો. કોરા કરેલ કંકોડા ની અંદરથી બીજ કાઢી ને એમાં તૈયાર કરેલ પુરાણ ભરી દ્યો. કડાઈ અંદરનું તેલ ગરમ થાય ત્યારે એમાં લસણ ની ચાર પાંચ કળી સાથે સમારેલી એક ડુંગળી નાખીને સોનેરી થવા દ્યો. આ બાદ કડાઈ ની અંદર ભરેલા કંકોડા સરસ રીતે ગોઠવી ને એના પર થાળી માં પાણી ભરીને ઢંકી ને ગેસની ધીમી આંચે બનાવો.ભરેલા કંકોડા ના શાક સાથે લસણ વાળા થેપલા અને દહીંનું રાયતું ખુબ સરસ લાગે છે.

ફાયદાઓ :

કંકોડા ના પાંદડાએ એનેક ઔષધીય ઉપચારો માટે ઉપયોગી હોય છે.૧૦૦ ગ્રામ કંકોડા માંથી ૧૭ કેલેરી મળતી હોવાથી એ વજન ઘટાડવા માં ખૂબ મદદ રૂપ બને છે.


કંકોડા પ્રોટીનનો ભરપુર સ્ત્રોત હોય છે એટલે તો વાળનો ગ્રોથ,ત્વચા નો ગ્લો અને તાકાત વધારવામાં મદદરૂપ બને છે.

કંકોડા માં ઉપલબ્ધ ફાઈટો કેમિકલ્સ તંદુરસ્તી સાથે લોહી શુધ્ધ રાખે છે ને ત્વચાની ચમક જાળવી રાખે છે.

ડાયાબિટીસ ના દર્દી માટે કંકોડા વરદાન રૂપ છે એકધારું દસ દિવસ કંકોડા લેવાથી લોહીમાં શ્યુંગરનું પ્રમાણ ઓછું થાય છે.

કંકોડામાં ફાઇબરની હોવાના લીધે કબજિયાતના દર્દ થી પીડાતા દર્દીઓ ને ફાયદો થતો હોય છે.

નોંધ : મિત્રો,કંકોડા એ માત્ર ને માત્ર ચોમાસા ની ઋતુ નુ શાક છે ખાસ કરીને કંકોડા નું શાક બાળકો અને યુવાનો ની આદત બનશે તો એના સ્વાસ્થ્ય સાથે રોગપ્રતિકારક શક્તિ પણ વધશે.



# "સની દેઓલની ફિલ્મનું એડવાન્સ બુકિંગ શરૂ"

## ૧૪ ઓગસ્ટે સિનેમાઘરોમાં આવશે ધમાકો

(એજન્સી) મુંબઈ | તા 11

ચાહકો બોલિવૂડ સુપરસ્ટાર સની દેઓલની ફિલ્મ 'પાર્ટીશન 1947' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. નિર્માતાઓએ જાહેરાત કરી છે કે 14 ઓગસ્ટે રિલીઝ થનારી આ ફિલ્મનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે.બંટવારા 1947 એડવાન્સ બુકિંગ શરૂ: બોલીવુડના દિગ્ગજ અભિનેતા સની દેઓલ તેમની આગામી ફિલ્મ 'પાર્ટીશન 1947' માટે સમાચારમાં છે. આ ફિલ્મ 14 ઓગસ્ટે રિલીઝ થવાની છે. એડવાન્સ બુકિંગ હવે શરૂ થઈ ગયું છે. નિર્માતાઓએ સોશિયલ મીડિયા દ્વારા આ જાહેરાત કરી.'પાર્ટીશન 1947' માટે એડવાન્સ બુકિંગ 11 ઓગસ્ટથી શરૂ થઈ ગયું છે. નિર્માતાઓએ આ માહિતી ઈન્સ્ટાગ્રામ પર શેર કરી. આમિર ખાન પ્રોડક્શન્સના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી એક પોસ્ટર શેર કરતાં લખ્યું હતું કે, 'સિકંદર મિર્ઝાની વાર્તાનો ભાગ બનવાનો સમય આવી ગયો છે. હવે એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે. પાર્ટીશન 1947, 14 ઓગસ્ટથી તમારા નજીકના સિનેમાઘરોમાં.'પાર્ટીશન 1947 ભારતના ભાગલા પર આધારિત છે. સની દેઓલ સિકંદર મિર્ઝાની ભૂમિકા ભજવે છે. ફિલ્મના ટીઝરને દર્શકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યું હતું, અને તાજેતરના ટ્રેલરે પણ દર્શકોનું દિલ જીતી લીધું હતું. ટ્રેલરે ફિલ્મ માટે ચાહકોનો ઉત્સાહ વધાર્યો હતો. આશા છે કે દર્શકો વાર્તાનો આનંદ માણશે અને સની બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે. પાર્ટીશન 1947 તેની પ્રેમ, બલિદાન, માનવતા અને આશાની વાર્તા સાથે દર્શકોના દિલ જીતવા માટે તૈયાર છે. આ ભાવનાત્મક વાર્તામાં શક્તિશાળી કાસ્ટ છે. સની અને પ્રીતિ ઝિન્ટા જેવા અનુભવી સ્ટાર્સ ઉપરાંત, પીઢ અભિનેત્રી શબાના આઝમી પણ ફિલ્મનો ભાગ છે. આ ફિલ્મમાં અલી ફઝલ અને અભિમન્યુ સિંહ ઉપરાંત અન્ય અગ્રણી કલાકારો પણ છે. ૧૯૪૭ના ભાગલામાં સની દેઓલનો પુત્ર કરણ દેઓલ પણ મુખ્ય ભૂમિકામાં છે.આ ફિલ્મનું દિગ્દર્શન પીઢ દિગ્દર્શક રાજકુમાર સંતોષી દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં લગભગ ત્રણ દાયકા પછી સની દેઓલ અને રાજકુમાર ફરી ભેગા થયા છે. અભિનેતા આમિર ખાને અપર્ણા પુરોહિત સાથે આ ફિલ્મનું સહ-નિર્માણ કર્યું હતું. સુપ્રસિદ્ધ સંગીત દિગ્દર્શક અને ગાયક એ.આર. રહેમાને સંગીત આપ્યું હતું, અને પ્રખ્યાત લેખક અને ગીતકાર જાવેદ અખ્તરે ગીતો લખ્યા હતા. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટના રોજ રિલીઝ થવાની છે.



# અજય દેવગણ 'ક્રાઈમ પેટ્રોલ' હોસ્ટ કરશે

## અનુપ સોનીની જગ્યાએ નાના પડદા પર થશે ધમાકેદાર એન્ટ્રી

(એજન્સી) મુંબઈ | તા 11

ક્રાઈમ પેટ્રોલ 2026: સોની ટીવીનો લોકપ્રિય શો 'ક્રાઈમ પેટ્રોલ' નવી સીઝન સાથે પરત ફરી રહ્યો છે. આ વખતે અજય દેવગણ આ શોને હોસ્ટ કરશે. તેમણે અનુપ સોનીનું સ્થાન લીધું છે.સોની ટીવીનો લોકપ્રિય ક્રાઈમ શો 'ક્રાઈમ પેટ્રોલ' લાંબા સમય પછી તેની નવી સીઝન 'ક્રાઈમ પેટ્રોલ: ક્રાઈમ કા કરંટ' સાથે પરત ફરી રહ્યો છે. આ વખતે શોમાં મોટો ફેરફાર જોવા મળશે. બોલિવૂડ સુપરસ્ટાર અજય દેવગણ આ શોને હોસ્ટ કરશે. તેમણે લાંબા સમય સુધી શો હોસ્ટ કરનારા અનુપ સોનીનું સ્થાન લીધું છે. 'ક્રાઈમ પેટ્રોલ'નો પ્રોમો રિલીઝ થઈ ગયો છે, જેમાં અજય દેવગણ સમાજમાં ગુનાહિત પરિસ્થિતિ પર ચર્ચા કરતા જોવા મળે છે. તેમણે કહ્યું, 'નાનપણમાં, આપણને અજાણ્યાઓથી દૂર રહેવાનું અને રાત્રે ઘરોને તાળા મારવાનું શીખવવામાં આવે છે. પરંતુ હવે શું થઈ રહ્યું છે, અને આવા ઘણા કિસ્સાઓ છે, તે એ છે કે ગુનેગાર કોઈ અજાણ્યો નથી... તે આપણું પોતાનું છે. તેઓ આપણા ઘરનો રસ્તો પણ જાણે છે, ક્યારેક ચાવીઓ અને ડાઈનિંગ ટેબલ પર બેઠક પણ ધરાવે છે. મતલબ કે, ઘણા કિસ્સાઓમાં, તે આપણું પોતાનું લોહી છે. તે આઘાતજનક છે.'તેમણે આગળ કહ્યું, 'આ વખતે ક્રાઈમ પેટ્રોલ પર, અમે એવા કિસ્સાઓ પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ જેણે દેશને હચમચાવી નાખ્યો છે. આપણે ગભરાવાની જરૂર નથી, આપણે સમજવું પડશે કારણ કે આ આજે થઈ રહ્યું છે. આમાંના કેટલાક કિસ્સાઓમાં હું તમારી સાથે રહીશ.' પ્રોમો શેર કરતા, નિર્માતાઓએ કેપ્શનમાં લખ્યું, 'આ વખતે, હું તમારી સાથે રહીશ.' 'ક્રાઈમ પેટ્રોલ,' સાચી ગુનાની વાર્તાઓ પર આધારિત શો, 31 ઓગસ્ટ, 2026 થી સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રસારિત થશે. દર્શકો તેને સોની લિવ પર પણ સ્ટ્રીમ કરી શકે છે. બોલીવુડ હંગામાના અહેવાલ મુજબ, શોના પહેલા 15 એપિસોડનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. અજય દેવગણ 'ક્રાઈમ પેટ્રોલ' ની નવી સીઝન સાથે નાના પડદા પર હોસ્ટિંગ ડેબ્યૂ કરવા માટે તૈયાર છે.નોંધનીય છે કે અનુપ સોનીએ ઘણા વર્ષો સુધી 'ક્રાઈમ પેટ્રોલ' હોસ્ટ કર્યું હતું. તેમણે 2010 થી 2018 સુધી આ શો હોસ્ટ કર્યો હતો. આ સમય દરમિયાન, તેમના 'સાવધાન રહો, સાવધાન રહો' ડાયલોગને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો. હવે, આટલા લાંબા સમય પછી, અજય દેવગણ તેમના સ્થાને શો હોસ્ટ કરતા જોવા મળશે. આ તેમના માટે એક નવી અને મહત્વપૂર્ણ જવાબદારી હશે.

# કરણ જોહરના શો 'ધ ટ્રેટર્સ 2'ની નવી ઝલકમાં જોવા મળ્યા રોમાંચક અને ભાવનાત્મક દ્રશ્યો



(એજન્સી) મુંબઈ | તા 11

'ધ ટ્રેટર્સ 2' સીઝન 2: 'ધ ટ્રેટર્સ 2' તેના પ્રીમિયર પહેલા જ હેડલાઈન્સમાં છે. એક નવી ઝલક સ્પર્ધકો વચ્ચે શંકા અને સંઘર્ષ સાથે ભાવનાત્મક ક્ષણો દર્શાવે છે.એમેઝોન પ્રાઈમ વિડીયોનો લોકપ્રિય રિયાલિટી શો 'ધ ટ્રેટર્સ' તેની બીજી સીઝન સાથે પાછો ફરી રહ્યો છે. કરણ જોહરનો શો 13 ઓગસ્ટના રોજ પ્રીમિયર થવાનો છે, પરંતુ તેની રિલીઝ પહેલા એક નવી ઝલક સામે આવી છે, જે સ્પર્ધકોમાં શંકા, દલીલો અને ભાવનાત્મક નાટકનો ભંડાર દર્શાવે છે.પ્રાઈમ વિડીયોએ 'ધ ટ્રેટર્સ' ની એક નવી ઝલક શેર કરી છે, જે સ્પર્ધકોમાં વધતી જતી શંકા, દલીલો અને ભાવનાત્મક નાટક દર્શાવે છે. દરેક વ્યક્તિ એકબીજાની વફાદારી પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે અને દેશદ્રોહીઓને ઉજાગર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરિણામે, શોની અંદરનું વાતાવરણ દરરોજ વધુ ગરમ થઈ રહ્યું છે.નવી ઝલકમાં, રિયા ચક્રવર્તી અન્ય સ્પર્ધકોને વિચારપૂર્વક રમત રમવાની સલાહ આપતી જોવા મળે છે. તે કહે છે, 'જો તમે ટોળાની જેમ રમશો, તો નિર્દોષો ખતમ થઈ જશે.' અભિનેત્રી સંકેત આપે છે કે વિચાર્યા વિના કોઈ પર વિશ્વાસ કરવો રમતમાં મોંઘો પડી શકે છે.આ દરમિયાન, અભિષેક મલ્હાન ચિંતિત દેખાય છે કે નિર્દોષો દેશદ્રોહીઓને કેમ ઓળખી શકતા નથી. તે પ્રશ્ન કરે છે કે દેશદ્રોહીને કોણ શોધી રહ્યું છે અને શું કોઈને કોઈ ખ્યાલ છે? ગુસ્સે ભરાયેલા અભિષેક કહે છે, 'નિર્દોષોનો કોઈ દરજ્જો નથી.'મલ્લિકા શેરાવત, જેણે શોના ટ્રેલરમાં પોતાની શૈલીમાં રમત રમવા વિશે વાત કરી હતી, તે ઝલકમાં ખૂબ ભાવુક જોવા મળે છે. તે નાસ્તા દરમિયાન રડતી જોવા મળે છે. મલ્લિકા શેરાવત કહે છે, 'આ ખૂબ જ દુષ્ટ છે, યાર.' પાછળથી, તે કહે છે કે આ રમતમાં છેતરપિંડી બધી હદ વટાવી ગઈ છે.આ દરમિયાન, પારુલ ગુલાટી મલ્લિકા શેરાવત, ક્રિસ્ટલ ડિસોઝા, રીદા થરાણા અને શ્વેતા તિવારીના રડવા વિશે મજાક કરતી જોઈ શકાય છે. તે કુલુને કહે છે, 'તે રડી રહી છે... અને તે એક ટીવી અભિનેત્રી છે. હે ભગવાન, તે ગ્લિસરીન વગર પણ રડી શકે છે.'શોમાં પારુલ ગુલાટી અને અભિષેક મલ્હાન વચ્ચે એક મજેદાર મજાક પણ છે. પારુલ પોતાની સરખામણી રાજમા કરીમાં રહેલા મસાલા સાથે કરે છે, કહે છે, 'રાજમા પાસે ખૂબ જ કઢી છે... જેમ મને ગમે છે.' અભિષેક જવાબ આપે છે, 'તું કઢી હોય કે સાંભાર... આ શું છે, યાર?' દેશદ્રોહીઓને ઓળખવાના પ્રયાસમાં, સ્પર્ધકો ખુલ્લેઆમ એકબીજાના નામ લેવા લાગ્યા છે. મલ્લિકા શેરાવત, ખચકાટ વિના, મુનાવર ફારુકીનું નામ લે છે, કહે છે, 'મુનાવર દેશદ્રોહી છે.' દરમિયાન, સાહિલ સલાથિયા શ્વેતા તિવારી અને રિયા ચક્રવર્તી પર શંકા કરે છે. તે કહે છે, 'મને લાગે છે કે શ્વેતા અને રિયા દેશદ્રોહી છે.' ઝલક સ્પષ્ટપણે સૂચવે છે કે આગામી એપિસોડમાં સ્પર્ધકો વચ્ચે વધુ સંઘર્ષ જોવા મળશે.'ધ ટ્રેટર્સ' ની બીજી સીઝનમાં આદિત્ય કુલશ્રેષ્ઠ (કુલુ), અભિષેક મલ્હાન (ફુકરા ઈન્સાન), અંશ ચોપરા, દલીપ તાહિલ, હરમન સિંઘા, ઈક્કા સિંઘ, કરણ સિંહ મેજિક, ક્રિસ્ટલ ડિસોઝા, મલ્લિકા શેરાવત, મુનાવર ફારુકી, ગુલતીર પ્રીશા અને પારુલ જેવી હસ્તીઓ જોવા મળશે.w

# જાહ્નવી કપૂરની નવી તમિલ સિરીઝ 'કુરાથી' નેટફ્લિક્સ પર મચાવશે ધમાકો



જાહ્નવી કપૂરે તાજેતરમાં દક્ષિણ ભારતીય ફિલ્મ 'પેડ્ડી' માં અભિનય કર્યો હતો. હવે, તેણીએ દક્ષિણમાં વધુ એક પ્રોજેક્ટ મેળવ્યો છે, જે તેણીનું OTT ડેબ્યૂ છે.

(એજન્સી) મુંબઈ | તા 11

બોલીવુડની પ્રખ્યાત અને સુંદર અભિનેત્રી, જાહ્નવી કપૂર, દક્ષિણ ભારતીય સિનેમામાં સતત કામ કરી રહી છે. તેણી તાજેતરમાં તેલુગુ સુપરસ્ટાર રામ ચરણ સાથે ફિલ્મ 'પેડ્ડી' માં જોવા મળી હતી. હવે, તેણીએ વધુ એક દક્ષિણ ભારતીય પ્રોજેક્ટ મેળવ્યો છે. અહેવાલ છે કે આ ફિલ્મ દક્ષિણ ભારતીય સિનેમામાં તેણીનું OTT ડેબ્યૂ કરશે. જાહ્નવી કપૂર 2018 થી અભિનય ક્ષેત્રમાં છે. બોલીવુડમાં પોતાની જાતને સ્થાપિત કર્યા પછી, અભિનેત્રીએ દક્ષિણમાં જુનિયર NTR અને રામ ચરણ જેવા સુપરસ્ટાર સાથે સ્ક્રીન શેર કરી છે. દક્ષિણ ભારતીય ફિલ્મોમાં કામ કર્યા પછી, અભિનેત્રી હવે એક વેબ સિરીઝ દ્વારા દક્ષિણમાં OTT ડેબ્યૂ કરી રહી છે.Telugu123 ના અહેવાલ મુજબ, તેની પાસે તમિલ શ્રેણી 'કુરાથી' છે, જે તેને મોટા પડદા પર નહીં પરંતુ OTT પ્લેટફોર્મ પર ધૂમ મચાવશે. આ શ્રેણી Netflix પર રિલીઝ થશે. અહેવાલો અનુસાર, તેનું દિગ્દર્શન સરકુનમ દ્વારા કરવામાં આવશે. શ્રેણી વિશે અન્ય વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.'પેડ્ડી' એ 350 કરોડથી વધુની કમાણી કરી હતી. જાન્હવી કપૂર છેલ્લે તેલુગુ ફિલ્મ પેડ્ડી માં તેલુગુ અભિનેતા રામ ચરણ સાથે જોવા મળી હતી. આ ફિલ્મ 4 જૂન, 2026 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ એક્શન સ્પોર્ટ્સ ફિલ્મમાં રામ ચરણે પેડ્ડી નામનું પાત્ર ભજવ્યું હતું, જ્યારે જાન્હવીનું પાત્ર અચિયમ્મા હતું. ફિલ્મે સારી કમાણી કરી હતી, પરંતુ તેના ઊંચા બજેટને કારણે તે મોટી સફળતા મળી ન હતી.

# ₹૧૦૦ કરોડની ગૌરવગાથા બાદ 'લાલો' હવે ઘરે આવ્યો, શેમારૂમી પર




(એજન્સી) મુંબઈ | તા 11

જે દર્શકોએ 'લાલો - કૃષ્ણ સદા સહાયતે' સાથે હસ્યા, રડ્યા અને ઉજવણી કરી, તેમના માટે આ ફિલ્મનું શેમારૂમી પર આગમન તેની અદભુત સફરમાં વધુ એક સીમાચિહ્નરૂપ છે. કેટલીક ફિલ્મો માત્ર મનોરંજન પૂરું પાડે છે, જ્યારે કેટલીક ફિલ્મો પરિવારની વાતચીત, ઉજવણી અને યાદોનો અભિન્ન હિસ્સો બની જાય છે. 'લાલો - કૃષ્ણ સદા સહાયતે' એવી જ એક કહાનીની વાપસીની ઉજવણી કરે છે, જે હવે વિશ્વભરમાં વસતા ગુજરાતી પરિવારો સાથે ફરી એકવાર માણી શકાશે. બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચી અને ગુજરાતી સિનેમાની સૌથી વધુ લોકપ્રિય ફિલ્મોમાં સ્થાન મેળવ્યા બાદ, 'લાલો - કૃષ્ણ સદા સહાયતે' હવે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬થી શેમારૂમી પર સ્ટ્રીમ થવા માટે સજ્જ છે. ફિલ્મનું શેમારૂમી પર આગમન વિશ્વભરના ગુજરાતીઓ માટે એક ખાસ ક્ષણ છે, કારણ કે આ ફિલ્મ ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને મૂલ્યોની સહિયારી ઉજવણી બની ચૂકેલી એક કહાનીને ફરી એકવાર ઘરે લાવી રહી છે. અંકિત સખિયા દ્વારા દિગ્દર્શિત **'લાલો - કૃષ્ણ સદા સહાયતે'**એ રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું અને વિશ્વભરમાં ૧૦૦ કરોડનો આંકડો પાર કરનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ બની. જોકે, ફિલ્મની નોંધપાત્ર બોક્સ ઓફિસ સફળતા ઉપરાંત, તેની સૌથી મોટી સિદ્ધિ એ રહી કે તેની ભાવનાત્મક કહાની, પ્રભાવશાળી અભિનય અને શ્રદ્ધા, આશા તથા પ્રાયશ્ચિત્તનો સંદેશ ત્રણેય પેઢીના દર્શકોના હૃદયમાં સ્થાન બનાવી શક્યો. ગુજરાતી સંસ્કૃતિ અને મૂલ્યો સાથે ઊંડે સુધી જોડાયેલી તેની કહાની, ભાવનાત્મક રજૂઆત અને સશક્ત સંદેશને કારણે 'લાલો' માત્ર એક બ્લોકબસ્ટર ફિલ્મ બનીને ન રહી. કરણ જોશી, શ્રુહદ ગોસ્વામી, રીવા રાછ અને મિષ્ટી કડેચા અભિનિત આ ફિલ્મ દર્શકોના પ્રેમ અને મૌખિક પ્રસિદ્ધિના બળે એક સાંસ્કૃતિક ઘટનામાં પરિવર્તિત થઈ. ફિલ્મે ગુજરાતની ભાવના, લાગણીઓ અને મૂલ્યોની ઉજવણી કરી અને દર્શકોને એકસાથે હસાવ્યા, રડાવ્યા તથા વિશ્વાસ જાળવી રાખવાની પ્રેરણા આપી. હવે 'લાલો - કૃષ્ણ સદા સહાયતે' શેમારૂમી પર સ્ટ્રીમ થવા સાથે, ભારત તેમજ વિશ્વભરના દર્શકો જ્યારે ઈચ્છે ત્યારે આ યાદગાર ફિલ્મનો આનંદ માણી શકશે. દેશ-વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે આ ફિલ્મ તેમની ભાષા, લાગણીઓ અને સાંસ્કૃતિક મૂળિયાં સાથે ફરી જોડાવાની વધુ એક તક લઈને આવી છે. ઓટીટી ક્ષેત્રમાં ગુજરાતી મનોરંજનની સૌથી વ્યાપક સામગ્રી ધરાવતા મંચોમાંના એક તરીકે, શેમારૂમી વિશ્વભરના દર્શકો સુધી ગુજરાતની ભાવનાની ઉજવણી કરતી કહાનીઓ પહોંચાડવાનું સતત કાર્ય કરી રહ્યું છે. આ અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં અભિનેતા શ્રુહદ ગોસ્વામીએ જણાવ્યું, "જ્યારે અમે આ સફરની શરૂઆત કરી હતી, ત્યારે 'લાલો'ને દર્શકો તરફથી આટલો અદભુત પ્રેમ મળશે, એવી કલ્પના પણ અમારામાંથી કોઈએ કરી નહોતી. ફિલ્મે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો અને ગુજરાતી સિનેમાની ઉજવણીનું સ્વરૂપ ધારણ કર્યું તે જોવું અમારા બધા માટે ખરેખર અવિસ્મરણીય અનુભવ રહ્યો છે.



# ગોવામાં એક પેન્ટહાઉસ, મુંબઈમાં કરોડોનો બંગલો, ઈમરાન હાશ્મીનું સામ્રાજ્ય 100 કરોડથી વધુનું

મુંબઈ | ઈમરાન હાશ્મી બોલિવૂડના સૌથી લોકપ્રિય અભિનેતાઓમાંના એક છે. તેમની કારકિર્દીની શરૂઆતમાં, તેમને 'સિરિયલ કિસર' તરીકે લેબલ કરવામાં આવતા હતા, પરંતુ ત્યારથી તેમણે વિવિધ ભૂમિકાઓ ભજવીને, તેમની કુશળતા સાબિત કરીને અને તેમના મજબૂત અભિનય કૌશલ્યને સાબિત કરીને આ છબી બદલી નાખી છે. આ બધા વચ્ચે, ઈમરાન પણ ખૂબ જ વૈભવી જીવન જીવે છે. તેમનું સામ્રાજ્ય 100 કરોડથી વધુનું હોવાનું કહેવાય છે. ચાલો અહીં 'આવારાપન 2' અભિનેતાની કુલ સંપત્તિ વિશે જાણીએ.ઈમરાન હાશ્મીની આવકનો મોટો ભાગ તેમની ફિલ્મોમાંથી આવે છે. ફાઈનાન્શિયલ એક્સપ્રેસના એક અહેવાલ મુજબ, અભિનેતાની કુલ સંપત્તિ આશરે 105 કરોડ છે. તેમણે આ સંપત્તિ તેમની ફિલ્મ ફી અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સમાંથી મેળવી છે.ફિલ્મો અને એન્ડોર્સમેન્ટ્સમાંથી તેમની કમાણી ઉપરાંત, ઈમરાનનો રિયલ એસ્ટેટ પોર્ટફોલિયો પણ ખૂબ પ્રભાવશાળી હોવાનું કહેવાય છે. અહેવાલો સૂચવે છે કે તેમની પાસે ગોવામાં એક પેન્ટહાઉસ છે, જે તેમણે 10 કરોડથી વધુ કિંમતે ખરીદ્યું હતું. વધુમાં, તેમની પાસે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં એક એપાર્ટમેન્ટ પણ છે, જેની કિંમત આશરે 16 કરોડ છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## સિન્કિવફિલ્ડ કપમાં પ્રજ્ઞાનંદાએ મેચ ડ્રો કરી, પ્રજ્ઞાનંદાનો ઉત્સાહ



(એજન્સી) સેન્ટ લુઈસ । તા. 11

સેન્ટ લુઈસ ખાતે શરૂ થયેલી પ્રખ્યાત સિન્કિવફિલ્ડ કપ ચેસ સ્પર્ધામાં ભારતીય યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ પોતાના અભિયાનની શરૂઆત શાનદાર ડ્રો સાથે કરી છે. પોતાની વર્ષગાંઠ પર રમી રહેલા આ પ્રતિભાશાળી ખેલાડીએ કાળા મોહરાઓ સાથે સાવચેતીપૂર્વક રમત દાખવીને અમેરિકી ખેલાડી સેમ સેવિયાન સામે અડધો ગુણ મેળવ્યો હતો.

સ્પર્ધાના પ્રથમ દિવસે રમાયેલી આ રોમાંચક મેચમાં બંને ખેલાડીઓ વચ્ચે ૪૮ ચાલ સુધી કડોકાની ટક્કર ચાલી હતી. આખરે ક્વીન્સની આપ-લે થયા બાદ બંનેએ મેચ ડ્રો સ્વીકારવાનું યોગ્ય માન્યું હતું. અન્ય મુકાબલાઓની વાત કરીએ તો, જવોખિર સિંદારોવ અને લેવોન અરોનિયન વચ્ચેની રમત પણ ડ્રો રહી હતી. આ ઉપરાંત વિન્સેન્ટ કીમર અને વેસ્લી સો તેમજ અનીશ ગિરી અને મેક્સિમ વાશિયર-લાગ્રેવ વચ્ચેના મુકાબલા પણ અનિર્ણિત રહ્યા હતા.

આ ટૂર્નામેન્ટના પ્રથમ દિવસે માત્ર અમેરિકી ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆના જ એકમાત્ર એવા ખેલાડી રહ્યા જેમણે જોર્ડન વોન ફોરેસ્ટને હરાવીને વિજય મેળવ્યો હતો અને જીત સાથે લીડ મેળવી હતી. મીડિયા અહેવાલ મુજબ, ગ્રાન્ડ ચેસ ટૂર સ્ટેન્ડિંગ્સમાં ફેબિયાનો કારુઆના ૨૫.૦ પોઈન્ટ સાથે ટોચના સ્થાને પહોંચી ગયા છે, જ્યારે પ્રજ્ઞાનંદા ૨૪..૫ પોઈન્ટ સાથે બીજા ક્રમે મજબૂત સ્થિતિમાં છે.

બીજી તરફ, કેન્સ કપમાં પણ ભારતીય મહિલા ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. દિવ્યા દેશમુખે પોતાની જ દેશવાસી વૈશાલી રમેશબાબુ સામે શાનદાર વિજય હાંસલ કર્યો છે, જ્યારે કોનેરૂ હમ્પીની મેચ સ્ટેવરૌલા ત્સોલાકીડૌ સામે ડ્રો રહી હતી.

**લગ્નની લાલચ આપી શારીરિક શોષણનો આક્ષેપ, મેડિકલ વિદ્યાર્થિનીની ફરિયાદ પર કાર્યવાહી**

## આઈપીએલ ક્રિકેટર અભિષેક પોરેલની હુગલીમાંથી ધરપકડ

(એજન્સી) હુગલી । તા. 11

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં દિલ્હી કેપિટલ્સ ટીમ તરફથી રમતા યુવા વિકેટકીપર-બેટર અભિષેક પોરેલની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. પશ્ચિમ બંગાળ પોલીસે મંગળવારે સવારે હુગલીમાંથી તેની અટકાયત કરી હતી. એક મેડિકલ વિદ્યાર્થિની દ્વારા લગ્નની લાલચ આપીને શારીરિક શોષણ કરવા તથા અંગત પળોનું ગેરકાયદેસર રેકોર્ડિંગ કરવાના ગંભીર આરોપો લગાવવામાં આવ્યા બાદ આ સખત પગલું ભરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા લાંબી પૂછપરછ અને મેડિકલ તપાસ બાદ બપોરે તેની કિ ધરપકડ કરવામાં આવી હતી અને તેને ચિનસુરાહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

કોલકાતા હાઈકોર્ટના સખત આદેશ બાદ પોલીસે આ કાર્યવાહી હાથ ધરી હતી. અગાઉ પીડિતા યુવતીએ હુગલીના મોગરા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે આ કથિત ઘટના ગત ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ દિલ્હીમાં બની હતી.



ફરિયાદ મુજબ, આરોપીએ લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધો બાંધ્યા હતા અને અંગત પળોના વીડિયો તથા તસવીરો રેકોર્ડ કરી લીધા હતા. જ્યારે યુવતીને અભિષેક પોરેલના અન્ય મહિલાઓ સાથેના સંબંધો વિશે જાણ થઈ અને તેણે વિરોધ કર્યો, ત્યારે મામલો ગંભીર બન્યો હતો. કોલકાતા હાઈકોર્ટે આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પીડિતાની અંગત સામગ્રીના પ્રસારણ પર રોક લગાવવા અને આરોપીના તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. તેવીવીસ વર્ષીય અભિષેક પોરેલ બંગાળ માટે ઘરેલુ ક્રિકેટ રમે છે અને વર્ષ ૨૦૨૩માં રિષભ પંતના વિકલ્પ તરીકે દિલ્હી કેપિટલ્સની ટીમમાં સામેલ થયો હતો. આઈપીએલ મેચોમાં તેણે શાનદાર પ્રદર્શન કરતા ૩૫ મેચોમાં ૧૪૫થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે ૭૯૯ રન બનાવ્યા છે. વર્ષ ૨૦૨૬ની સીઝન માટે દિલ્હી કેપિટલ્સે તેને ચાર કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો. ઘરેલુ ક્રિકેટમાં પણ તેણે ૩૨ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં ૧,૪૦૮ રન અને ૨૩ લિસ્ટ A મેચોમાં ૮૩૩ રન ફટકાર્યા છે. પરંતુ આ ગંભીર ફોજદારી ગુનામાં નામ આવ્યા બાદ તેની ક્રિકેટ કારકિર્દી પર કાળા વાદળો ઘેરાઈ ગયા છે.

કાનૂની નિષ્ણાતોનું માનવું છે કે આ પ્રકારના ગંભીર કેસોમાં કોર્ટ ખૂબ જ કડક વલણ અપનાવતી હોય છે. પીડિતાએ પોતાની ફરિયાદમાં એવો પણ આરોપ મૂક્યો છે કે તેને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખીને ખાવાનું પણ આપવામાં આવ્યું ન હતું, જેના કારણે તેની શારીરિક સ્થિતિ અત્યંત નબળી પડી ગઈ હતી. હાલ ચિનસુરાહ કોર્ટમાં આ મામલે સુનાવણી ચાલી રહી છે અને આગોતરા જામીન અરજીઓ પર પણ નજર ટકવાયેલી છે.

## આઈપીએલ 2027 માટે હાર્દિક પંડ્યા પર પાંચ ટીમોની નજર



(એજન્સી) મુંબઈ । તા. 11

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની આગામી ૨૦૨૭ની સિઝન હજુ દૂર છે, પરંતુ અત્યારથી જ ખેલાડીઓનીદલાલી અને ટ્રેડિંગને લઈને અનેક અટકળો બજારમાં વહેતી થઈ છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, મુંબઈ ઈન્ડિયન્સ ટીમની આગેવાની કરનાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા મુંબઈની ટીમ છોડી શકે છે તેવી ચર્ચાઓએ ફરીથી જોર પકડ્યું છે. શરૂઆતના તબક્કામાં માત્ર ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ જ આ રેસમાં હોવાનું મનાતું હતું, પરંતુ હવે દિલ્હી કેપિટલ્સ, લખનઉ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ સહિત કુલ પાંચ જેટલી અગ્રણી ટીમો હાર્દિક પંડ્યાને પોતાની ટીમમાં સામેલ કરવા માટે રસ દાખવી રહી છે.

વિવિધ ટીમો પોતાની રણનીતિ અનુસાર હાર્દિક પંડ્યાને મેળવવા માટે પોતાના મોટા ખેલાડીઓનો ભોગ આપવા પણ તૈયાર થઈ રહી છે. દિલ્હી કેપિટલ્સ આ રેસમાં સૌથી આગળ દેખાઈ રહી છે અને તેઓ હાર્દિકના બદલામાં સ્ટાર સ્પિનર અને ઓલરાઉન્ડર અક્ષર પટેલને મુંબઈ ઈન્ડિયન્સ સાથે ટ્રેડ કરવાના વિકલ્પ પર ગંભીરતાથી વિચારી રહી છે. છેલ્લા કેટલાક સમયથી મુંબઈનો સ્પિન બોલિંગ એટેક અપેક્ષિત પ્રદર્શન કરી શક્યો નથી, તેથી અક્ષર પટેલના આગમનથી તે ખામી પૂરતી થઈ શકે છે અને ટીમની લીડરશિપ ક્ષમતામાં પણ વધારો થઈ શકે છે.

આ તરફ લખનઉ સુપર જાયન્ટ્સ પણ પાછળ નથી; તેમની પાસે મિચેલ માર્શ જેવા ખેલાડી હોવા છતાં તેઓ નિકોલસ પૂરનને આ સંભવિત ટ્રેડનો ભાગ બનાવીને મુંબઈ મોકલવા પર વિચાર કરી રહ્યા છે. બીજી બાજુ, ચેન્નઈ સુપર કિંગ્સના પ્રવક્તા અને અધિકારીઓના જણાવ્યા મુજબ તેમની પ્રથમ પ્રાથમિકતા સ્ટીફન ફ્લેમિંગના ગયા બાદ ખાલી પડેલા હેડ કોચના પદ પર યોગ્ય નિમણૂક કરવાની છે, અને ત્યારબાદ જ તેઓ અન્ય ખેલાડીઓના ટ્રેડ વિશે વિચાર કરશે. કોલકાતા નાઈટ રાઈડર્સ પણ કેમરોન ગ્રીનને રિલીઝ કરવાના વિકલ્પ પર મથામણ કરી રહી છે, જોકે આગામી એશિઝ સિરીઝને કારણે તેની ઉપલબ્ધતા પર પ્રશ્નાર્થ ચિહ્ન રહેલું છે.

### રાજસ્થાન રોયલ્સનો મોટો દાવ અને ભવિષ્યની દિશા

આ સમગ્ર ટ્રેડિંગ યુદ્ધમાં રાજસ્થાન રોયલ્સે પણ મોટો દાવ રમવાની તૈયારી દર્શાવી છે. તેમની પાસે પહેલાથી જ રવીન્દ્ર જાડેજા, સેમ કરન અને દાસુન શનાકા જેવા ખેલાડીઓ છે, પરંતુ હાર્દિક પંડ્યાને મેળવવા માટે તેઓ યુવા સ્ટાર બેટર યશસ્વી જયસ્વાલને રિલીઝ કરવા પર પણ વિચારણા કરી રહ્યા છે. જો આ તમામ અટકળો વાસ્તવિકતામાં ફેરવાશે તો આઈપીએલ ૨૦૨૭ની હરાજી અને ટ્રેડ વિન્ડો ઈતિહાસની સૌથી રોમાંચક સાબિત થશે.

## ફોર્મ્યુલા વન માટે ગ્રાસરૂટ સ્તરે મહિલા ડ્રાઈવરો જરૂરી

(એજન્સી) લંડન । તા. 11

મોટરસ્પોર્ટની દુનિયામાં મહિલા ડ્રાઈવરોને ફોર્મ્યુલા વન સુધી પહોંચાડવા માટે પાયાના સ્તરે એટલે કે ગ્રાસરૂટ લેવલે મહિલાઓની ભાગીદારી વધારવી અત્યંત આવશ્યક હોવાનું બ્રિટનની અગ્રણી મહિલા રેસર જેમી ચેડવિકે જણાવ્યું છે. લંડન ખાતે આપેલા એક તાજેતરના ઈન્ટરવ્યુમાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે જો નાની વયથી જ છોકરીઓ માટે ગો-કાર્ટિંગ અને રેસિંગની શરૂઆત કરવા માટે વધુ સ્વાગત યોગ્ય અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવે, તો ભવિષ્યમાં ઘણી પ્રતિભાશાળી મહિલાઓ મોટરસ્પોર્ટના શીર્ષ સ્થાને પહોંચી શકશે. ડબલ્યુ સિરીઝમાં ટ્રીપલ ચેમ્પિયન રહી ચૂકેલી અને હાલમાં વર્લ્ડ એન્ડ્યુરન્સ ચેમ્પિયનશિપ પર નજર લંબાવી રહેલી ચેડવિકે પોતાના અનુભવો શેર કરતા આ મહત્વપૂર્ણ વાતો કહી હતી.



પોતાના શરૂઆતના દિવસોને યાદ કરતા ચેડવિકે મીડિયા અહેવાલને જણાવ્યું હતું કે જ્યારે તે આઠથી બાર વર્ષની વયની હતી અને ગો-કાર્ટ ટ્રેક પર જતી ત્યારે તે એકમાત્ર છોકરી હતી, જે તે સમયે એટલી બધી આમંત્રિત કે સ્વાગત યોગ્ય જગ્યા નહોતી લાગતી કારણ કે આ રમત પર પરંપરાગત રીતે પુરૂષોનું વર્ચસ્વ રહ્યું છે. તેમણે એક વિશેષ પહેલ શરૂ કરી છે જેનો હેતુ યુવતીઓ માટે એક સુંદર સમુદાય અને ચેમ્પિયનશિપ બનાવવાનો છે જ્યાં તેઓ મિત્રો સાથે આવીને કુદરતી રીતે રેસિંગનો આનંદ માણી શકે. આ પ્રકારના પ્રયાસોથી તળિયાના સ્તરેથી જ મહિલાઓની ભાગીદારીમાં મોટો વધારો જોવા મળી રહ્યો છે, જે ભવિષ્યના મોટા બદલાવ માટે મજબૂત પાયો નાખશે.

આગામી પંદરમી ઓગસ્ટે ફોર્મ્યુલા વન રેસમાં કોઈ મહિલા દ્વારા ભાગ લીધાને પૂરા પચાસ વર્ષ થઈ જશે. ઈતિહાસ પર નજર કરીએ તો, વર્ષ ૧૯૭૬માં ઓસ્ટ્રિયન ગ્રાન્ડ પ્રી દરમિયાન અંતિમવાર લેલ્લા લોમ્બાર્ડી નામની મહિલા રેસરે ભાગ લીધો હતો, જેણે બ્રાહ્મબ કાર દ્વારા ૨૪મા સ્થાને રહીને ૧૨મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે ઉપરાંત, ૧૯૭૫માં સ્પેનિશ ગ્રાન્ડ પ્રીમાં છઠ્ઠું સ્થાન મેળવીને પોઈન્ટ મેળવનાર તેઓ એકમાત્ર મહિલા રહી ચૂક્યા છે. આજના સમયમાં ફોર્મ્યુલા વન જેવી અત્યંત સ્પર્ધાત્મક રમત સુધી પહોંચવું કોઈપણ લિંગના ખેલાડી માટે અત્યંત મુશ્કેલ છે, કારણ કે રેસિંગ જગતમાં શરૂઆતથી જ છોકરાઓને ચાર વર્ષની નાની વયથી પ્રોત્સાહન આપવામાં આવે છે, જ્યારે છોકરીઓનું પ્રમાણ ઘણું ઓછું રહે છે.

## દિલ્હી પ્રીમિયર લીગમાં અનુજ રાવતની વિસ્ફોટક બેટિંગ



(એજન્સી) દિલ્હી । તા. 11

દિલ્હી પ્રીમિયર લીગ (DPL 2026) ની ચાલુ સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને ગુજરાત ટાઇટન્સ સાથે સંકળાયેલા વિકેટકીપર-બેટ્સમેન અનુજ રાવતે પોતાના બેટથી તબાહી મચાવી દીધી છે. દસમી ઓગસ્ટે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલા એક રોમાંચક મુકાબલામાં પુરાની દિલ્હી ૬ ના કેપ્ટન અનુજ રાવતે આઉટર દિલ્હી વોરિયર્સ સામે માત્ર ૩૮ બોલમાં ૯૨ રનની વિસ્ફોટક ઈનિંગ્સ રમીને ટીમને ૭ વિકેટે શાનદાર વિજય અપાવ્યો હતો. આ શાનદાર પ્રદર્શનથી તેણે ક્રિકેટ વર્તુળોમાં ફરી એકવાર ભારે ચર્ચા જગાવી છે.

મેચ દરમિયાન ૧૬૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પુરાની દિલ્હી ૬ ની ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને ત્રીજી જ ઓવરમાં માત્ર ૯ રનના સ્કોર પર બે મહત્વની વિકેટો પતન પામી હતી. આ મુશ્કેલ પરિસ્થિતિમાં ક્રીઝ પર પગ મૂકનાર કેપ્ટન અનુજ રાવતે આક્રમક અભિગમ અપનાવતા વિપક્ષી બોલરો પર ધોધમાર પ્રહારો શરૂ કર્યા હતા. તેણે મેદાનની ચારેય બાજુ ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ વરસાવતા માત્ર ૧૭ બોલમાં જ પોતાની અડધી સદી પૂરી કરી લીધી હતી, જે વર્તમાન સિઝનની સૌથી ઝડપી ફિફ્ટી સાબિત થઈ છે. પોતાની આ અગ્નિપરીક્ષા સમાન ૯૨ રનની ઈનિંગ્સમાં અનુજ રાવતે ૮ ગગનચુંબી છગ્ગા અને ૮ શાનદાર ચોગ્ગા ફટકાર્યા હતા. ત્રીજી વિકેટ માટે અનુજ રાવત અને આયર્ન ગૌર વચ્ચે ૧૫૧ રનની વિશાળ અને મેચ-વિનિંગ ભાગીદારી નોંધાઈ હતી. જોકે, કમનસીબે તે પોતાની સદી પૂરી કરવાથી માત્ર ૮ રન દૂર રહી ગયો હતો અને ૧૫મી ઓવરમાં ૯૨ રનના સ્કોર પર આઉટ થયો હતો. અગાઉ IPL ૨૦૨૨માં વિરાટ કોહલી સાથે મળીને આરસીબી માટે યાદગાર ઈનિંગ્સ રમનાર અનુજના પ્રદર્શનની સરખામણી અગાઉ રિષભ પંત સાથે પણ થતી રહી છે. આઈપીએલ ૨૦૨૫ના મેગા ઓક્શન પહેલાં આરસીબી દ્વારા મુક્ત કરાયા બાદ ગુજરાત ટાઇટન્સે તેને ખરીદ્યો હતો, પરંતુ છેલ્લા બે વર્ષથી તેને પ્લેઈંગ-૧૧ માં નિયમિત તક મળી ન હતી.

## ડેવિસ કપ 2026 માટે ભારતની ટીમ જાહેર, માનસ ધમનેને પ્રથમ વખત મળ્યું સ્થાન

(એજન્સી) ચેન્નાઈ । તા. 11

આગામી ડેવિસ કપ ક્વોલિફાયર્સના બીજા રાઉન્ડના મુકાબલા માટે સોમવારના રોજ ભારતીય ટેનિસ ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટમાં કોરિયા સામે ટકરાવા માટે જાહેર કરાયેલી પાંચ સભ્યોની ભારતીય ટીમમાં યુવા ખેલાડી માનસ ધમનેને પ્રથમ વખત (મેડન કોલ-અપ) સામેલ કરવામાં આવ્યો છે. આ રોમાંચક મુકાબલો આગામી ૧૮ થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન સિઓલ ખાતે આવેલા ઓલમ્પિક ટેનિસ સેન્ટરની હાર્ડ કોર્ટ પર રમાનાર છે, જેને લઈને બંને દેશોના ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



અથાગ મહેનત બાદ પસંદ કરાયેલી આ પાંચ સભ્યોની ભારતીય ટીમમાં માનસ ધમને ઉપરાંત સુમિત નાગલ, ધાક્ષિણેશ્વર સુરેશ, યુકી ભાંબરી અને એન. શ્રીરામ બાલાજીનો સમાવેશ થાય છે. વિશ્વ રેન્કિંગમાં ૩૬૨ મા સ્થાને રહેલો ૧૮ વર્ષીય માનસ ધમને કેપ્ટન રોહિત રાજપાલ માટે સિંગલ્સમાં એક સારો વિકલ્પ પૂરો પાડશે, જ્યાં તેની સાથે નાગલ અને ધાક્ષિણેશ્વર પણ મેદાનમાં રહેશે. આ ઉપરાંત, સિદ્ધાર્થ રાવત અને યુવા ખેલાડી અર્નવ પાપારકરને ટીમમાં બે રિઝર્વ ખેલાડીઓ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જેઓ જરૂર પડ્યે ટીમ સાથે રહેશે.

### ડબલ્સ સ્પેશિયાલિસ્ટ અને ભૂતકાળની સિદ્ધિઓ

ટીમમાં ડબલ્સના ખેલાડીઓ તરીકે વિશ્વના ૨૮ મા નંબરના ખેલાડી યુકી ભાંબરી અને ૫૭ મા નંબરના ખેલાડી શ્રીરામ બાલાજી ઉપલબ્ધ છે, જોકે કેપ્ટન રોહિત રાજપાલ જરૂર પડ્યે ધાક્ષિણેશ્વરનો ઉપયોગ પણ કરી શકે છે જેણે અગાઉ નેધરલેન્ડ્સ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ગત ફેબ્રુઆરી મહિનામાં બેંગ્લોર ખાતે રમાયેલા મુકાબલામાં ભારતે નેધરલેન્ડ્સની મજબૂત ટીમને ૩-૨થી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. બીજી તરફ, કોરિયાએ પણ બુસાન ખાતે ૨૦૧૯ની ચેમ્પિયન અર્જેન્ટિનાની ટીમને ૩-૨થી પરાજય આપીને શાનદાર પ્રવેશ કર્યો છે.

## કારાબાઓ કપના બીજા રાઉન્ડમાં ચેલ્સીનો મુકાબલો લ્યુટન સાથે

### ટોટનહામ હોટસ્પુર સામે ચાર્ટન એથ્લેટિક ટકરાશે

(એજન્સી) ચેન્નાઈ । તા. 11

ઈંગ્લિશ ફૂટબોલ ક્ષેત્રે અત્યંત લોકપ્રિય એવા કારાબાઓ કપ ૨૦૨૬-૨૭ ની આગામી સિઝન માટેના બીજા રાઉન્ડનો સત્તાવાર ડ્રો સોમવારના રોજ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં દિગ્ગજ ક્લબ્સ વચ્ચેના મુકાબલાની તસવીરો સ્પષ્ટ થઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાંચ વખતની કારાબાઓ કપ વિજેતા રહી ચૂકેલી ખ્યાતનામ ચેલ્સી ફૂટબોલ ક્લબ આગામી રાઉન્ડમાં લ્યુટન ટાઉન સામે પોતાની યજમાની કરશે. આ ડ્રો જાહેર થવાની સાથે જ સમગ્ર વિશ્વના ફૂટબોલ રસિકોમાં ભારે ઉત્સાહ અને ઉત્સુકતાનો માહોલ છવાઈ ગયો છે, કારણ કે આ ટુર્નામેન્ટમાં દરેક મુકાબલો અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ રહેવાની પૂરી સંભાવના છે.

મીડિયા અહેવાલ મુજબ, આ ડ્રોમાં ટોટનહામ હોટસ્પુરની ટીમને પણ ઘરઆંગણે જ ચાર્ટન એથ્લેટિક સામે રમવાની તક મળી છે, જ્યારે એવર્ટનના મેનેજર ડેવિડ મોયેસ પોતાની જૂની ક્લબ પ્રિસ્ટન નોર્થ એન્ડ સામે મુલાકાત કરવા માટે મેદાન પર જશે. આ સમગ્ર બીજા રાઉન્ડમાં પ્રીમિયર લીગની બે ટીમો વચ્ચેનો એકમાત્ર સીધો મુકાબલો નોટિંગહામ ફોરેસ્ટ અને લીડ્સ યુનાઈટેડ વચ્ચે જોવા મળશે, જ્યાં નોટિંગહામ ફોરેસ્ટની ટીમ લીડ્સ યુનાઈટેડની મહેમાન બનશે. આગામી ૨૪ ઓગસ્ટથી શરૂ



થતા સપ્તાહના મધ્ય ભાગમાં આ તમામ નિર્ણાયક અને ઉત્તેજક મેચો રમાવાની નક્કી કરવામાં આવી છે, જેને લઈને ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફે અત્યારથી જ જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ટુર્નામેન્ટના નિયમો અને આયોજન મુજબ, ઈંગ્લેન્ડની ટોચની ક્લબ્સ કે જેઓ હાલમાં યુરોપિયન સ્પર્ધાઓમાં વ્યસ્ત છે, તેઓ સીધી જ ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરશે. આ ટીમોમાં આર્સેનલ, ડિફેન્ડિંગ ચેમ્પિયન મેન્ચેસ્ટર સિટી, મેન્ચેસ્ટર યુનાઈટેડ, એસ્ટન વિલા, લિવરપૂલ, બ્રાઈટન એન્ડ હોવ એલબિયન, સન્ડરલેન્ડ, બોર્નમાઉથ અને ક્રિસ્ટલ પેલેસ સહિતની કુલ નવ ઈંગ્લિશ ક્લબ્સનો સમાવેશ થાય છે. આ વિશેષ વ્યવસ્થાને કારણે યુરોપિયન પ્રેશર ધરાવતી આ ટીમોને બીજા રાઉન્ડના મુકાબલામાંથી રાહત મળી છે, જેથી તેઓ પોતાની આંતરરાષ્ટ્રીય મેચો પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકે.

**તૈયારીઓ પૂર્ણ** // **અફઘાનિસ્તાને આયર્લૅન્ડને હરાવી મેળવ્યું સ્થાન, દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા યજમાન**

## આઈસીસી વનડે વર્લ્ડ કપ 2027 માટે ક્વોલિફાય થયેલી ટીમો

(એજન્સી) ચેન્નાઈ । તા. 11

આગામી સમયમાં રમાનાર આઈસીસી વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટેની તૈયારીઓ હવે જોરશોરથી ચાલી રહી છે, ત્યારે કઈ કઈ ટીમોએ આ મહાસંગ્રામ માટે પોતાનું સ્થાન સુનિશ્ચિત કરી લીધું છે તેની સત્તાવાર યાદી સામે આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બુધવારના રોજ રમાયેલી ત્રીજી વનડે મેચમાં આયર્લેન્ડ સામે ત્રણ વિકેટથી રોમાંચક વિજય મેળવીને અફઘાનિસ્તાનની ટીમે સુપર બાર (Super 12) તબક્કામાં પોતાનું સ્થાન પાકું કરી લીધું છે. આ શાનદાર જીત સાથે જ અફઘાનિસ્તાને ક્રિકેટ જગતમાં પોતાની મજબૂત ઉપસ્થિતિ ફરી એકવાર સાબિત કરી બતાવી છે અને વર્લ્ડ કપમાં રમવા માટેની દાવેદારી વધુ મજબૂત બનાવી છે.

આગામી વર્ષ ૨૦૨૭માં યોજાનાર આ વનડે વર્લ્ડ કપનું સંયુક્ત યજમાન પદ દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા જેવા દેશો સંભાળી રહ્યા છે. આ મહાન ટુર્નામેન્ટ માટે અત્યાર સુધીમાં કુલ દસ ટીમોએ



સફળતાપૂર્વક પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે, જ્યારે ઓસ્ટ્રેલિયા વર્તમાન ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે આ સ્પર્ધામાં પ્રવેશ કરશે. નવા માળખા અને નિયમો મુજબ, યજમાન દેશોને બાદ કરતા આગામી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના આઈસીસી રેન્કિંગમાં મોખરે રહેનારી ટોચની આઠ ટીમો સીધી જ સુપર બાર તબક્કામાં પ્રવેશ મેળવશે, જેના કારણે તમામ ક્રિકેટ ટીમો વચ્ચે રેન્કિંગ સુધારવાની ભારે સ્પર્ધા જોવા મળી રહી છે.

આ ટુર્નામેન્ટના ફોર્મેટ મુજબ, દસ ટીમોની ક્વોલિફાયર સ્પર્ધા અને ત્રણ ટીમોની સુપર સીરિઝના વિજેતાઓ બાકી રહેલા બે મહત્વપૂર્ણ સ્થાનો પર કબજો જમાવશે, જેથી કુલ બાર ટીમો આ ભવ્ય વૈશ્વિક સ્પર્ધામાં એકબીજા સામે ટકરાશે. મીડિયા અહેવાલ મુજબ, અફઘાનિસ્તાનની ટીમ દ્વારા તાજેતરમાં દર્શાવવામાં આવેલું શાનદાર પ્રદર્શન અને આયર્લેન્ડ સામેની મેચમાં મેળવેલી રોમાંચક જીત ખૂબ જ પ્રશંસનીય રહી છે. ક્રિકેટના જાણકારોનું માનવું છે કે આ વખતે વર્લ્ડ કપમાં તમામ નાની અને મોટી ટીમો વચ્ચે અત્યંત કઠિન મુકાબલા જોવા મળશે, કારણ કે દરેક ટીમ પોતાની સર્વશ્રેષ્ઠ રમત રજૂ કરવા માટે પૂરી રીતે કટિબદ્ધ છે.

### ભવિષ્યની રૂપરેખા અને ક્રિકેટ રસિકોમાં ઉત્સાહ

આઈસીસી વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ની આ સફર જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ રમતગમતના પ્રેમીઓમાં ઉત્સાહ પણ ચરમસીમાએ પહોંચી રહ્યો છે. કઈ-કઈ ટીમો અંતિમ તબક્કામાં બાજી મારે છે અને કોણ ચેમ્પિયન બને છે તે જોવા માટે સમગ્ર વિશ્વના ક્રિકેટ જગતની નજર આ આગામી મુકાબલાઓ પર ટકેલી છે. અફઘાનિસ્તાન જેવી ઉભરતી ટીમનું આ પ્રકારે શાનદાર પ્રદર્શન કરવું એ વિશ્વ ક્રિકેટ માટે એક સકારાત્મક અને ઉત્સાહવર્ધક સંકેત સમાન છે, જે ભવિષ્યમાં રમતને વધુ રોમાંચક બનાવશે.

**અફઘાનિસ્તાનની શાનદાર અને ધમાકેદાર એન્ટ્રી**

## 2027 વર્લ્ડ કપ, દસ ટીમોએ મેળવ્યું સ્થાન, આયર્લૅન્ડ સામેની જીતથી સુનિશ્ચિત ટિકિટ

(એજન્સી) કેપટાઉન । તા. 11

આગામી સમયમાં દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયાની સંયુક્ત યજમાનીમાં રમાનારા વર્ષ ૨૦૨૭ના આઈસીસી વનડે વર્લ્ડ કપ માટે ક્રિકેટ જગતમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. આ ભવ્ય ટૂર્નામેન્ટ માટે અત્યાર સુધીમાં કુલ દસ ટીમોએ પોતાની જગ્યા સફળતાપૂર્વક ક્વોલિફાય કરી લીધી છે. ત્રીજી વનડે મેચમાં આયર્લેન્ડની ટીમને ત્રણ વિકેટે હરાવવાની સાથે જ અફઘાનિસ્તાને પણ આ વર્લ્ડ કપમાં પોતાની ધમાકેદાર એન્ટ્રી નોંધાવી દીધી છે. આ ક્વોલિફિકેશન પ્રક્રિયા આઈસીસી રેન્કિંગના આધારે નક્કી કરવામાં આવી રહી છે, જેના કારણે બે વખતની ચેમ્પિયન રહી ચૂકેલી વેસ્ટઈન્ડીઝની ટીમને મોટો ઝાટકો લાગ્યો છે અને તેણે હવે ક્વોલિફાયર ટૂર્નામેન્ટમાંથી પસાર થવું પડશે.

આઈસીસીના નિયમો અનુસાર, યજમાન દેશો દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને સીધી એન્ટ્રી મળી છે, જ્યારે તેમની સાથે આઈસીસીની વનડે રેન્કિંગમાં ટોપ-આઠ ક્રમે રહેનારી ટીમોને પણ ડાયરેક્ટ ક્વોલિફિકેશન મળ્યું છે. આ વિશેષ યાદીમાં ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને



શ્રીલંકાનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાન માટે આયર્લેન્ડ સામેની આ સિરીઝ જીતવી અત્યંત આવશ્યક હતી અને તે મેળવીને તેણે પોતાનું સ્થાન બિલકુલ પાકું કરી લીધું છે. આઈસીસી દ્વારા ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ની ડેડલાઈન નક્કી કરવામાં આવી હતી, જેથી રેન્કિંગના આધારે સ્થિતિ સ્પષ્ટ થઈ શકે.

અફઘાનિસ્તાનની આ વિજયી સિરીઝ બાદ એ વાત નિશ્ચિત થઈ ગઈ છે કે વેસ્ટઈન્ડીઝની ટીમ નિર્ધારિત સમયમર્યાદા પહેલા અફઘાનિસ્તાનને રેન્કિંગમાં પાછળ છોડી શકશે નહીં. પરિણામે, વેસ્ટઈન્ડીઝને આગામી વર્ષે રમાનાર વર્લ્ડ કપમાં સ્થાન મેળવવા માટે ક્વોલિફાયર મેચો રમવી પડશે.

## ન્યાયપ્રણાલીના સાચા વિજયથી મોટી રાહત, કાયદાકીય ખામીઓને કારણે કેસ બંધ થયો

# અદાણી સામેના અમેરિકન કોર્ટના તમામ આરોપો રદ

(એજન્સી) અમદાવાદ । તા. 11

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને સાગર અદાણી સામે અમેરિકન કોર્ટમાં ચાલી રહેલા તમામ ગુનાહિત આરોપોને ન્યૂયોર્કના ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે સત્તાવાર રીતે ફગાવી દીધા છે, જેના પરિણામે અદાણી ગ્રુપને વૈશ્વિક સ્તરે રાહત મળી છે અને આ સમગ્ર પ્રકરણનો અંત આવ્યો છે. ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતા આ કેસને સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે, અને આ નિર્ણય બાદ ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ પડકારજનક સમયમાં પણ સત્ય, નિષ્પક્ષતા અને કાયદાના શાસનમાં તેમનો અતૂટ વિશ્વાસ હંમેશાં અડીખમ રહ્યો છે.

કોર્ટના આ મહત્વપૂર્ણ નિર્ણય પહેલાં, જજ નિકોલસ ગારૌફિસે કાયદાકીય પાસાઓ અને જાહેર હિતને



સર્વોપરી ગણીને સરકારી વકીલો એટલે કે પ્રોસિક્યુટર્સ પાસે આ કેસ પાછો ખેંચવા પાછળનું ચોક્કસ કારણ માંગ્યું હતું. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા રજૂ કરવામાં આવેલા ખુલાસાથી સંતુષ્ટ થઈને જજે સ્પષ્ટ કર્યું હતું કે આરોપો રદ કરવાનો આ પગલું સંપૂર્ણપણે કાયદાકીય દાયરામાં અને ન્યાયના પાયાના સિદ્ધાંતો મુજબ જ લેવામાં આવ્યું છે. અમેરિકી ન્યાય વિભાગે પણ અદાલતમાં સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું હતું કે અદાણી ગ્રુપ સામે દાખલ કરવામાં આવેલો આ કેસ કાયદાકીય રીતે અત્યંત નબળો હતો અને તે અમેરિકાના અધિકારક્ષેત્રની સંપૂર્ણ બહારનો હોવાથી ક્યારેય અસ્તિત્વમાં જ નહોતો આવવો જોઈતો.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે આ સમગ્ર મામલો પૂરેપૂરો ભારત દેશ સાથે જ સંકળાયેલો હતો, જેમાં ભારતીય અધિકારીઓ, સ્થાનિક કંપનીઓ અને ભારતમાં જ વીજળી પૂરી પાડવાના મહત્વપૂર્ણ કરારો મુખ્ય કેન્દ્રમાં હતા. અમેરિકાએ વિશ્વના પોલીસમેન બનીને અન્ય સાર્વભૌમ દેશોના આંતરિક મામલામાં બિનજરૂરી હસ્તક્ષેપ ન કરવો જોઈએ, કારણ કે તેનાથી માત્ર રાજદ્વારી સંબંધો જ વણસે છે પરંતુ સમય તથા સંસાધનોનો પણ ખોટો બગાડ થાય છે. ભારત પોતાની આંતરિક બાબતો અને મજબૂત કાયદાકીય વ્યવસ્થાને કોઈપણ બહારના પ્રોસિક્યુટર્સ કરતાં વધુ સારી રીતે સંભાળવા સક્ષમ છે, અને આ જ કારણસર સિક્યોરિટીઝ ફ્રોડના આ તમામ આરોપોનો કોઈ નક્કર કાયદાકીય આધાર ટકી શક્યો નહોતો.

કોર્ટની આ સમગ્ર કાર્યવાહી દરમિયાન મીડિયાના એ અહેવાલોને પણ સદંતર ફગાવી દેવામાં આવ્યા હતા જેમાં એવો દાવો કરાયો હતો કે આ કેસ માત્ર અદાણી ગ્રુપના અમેરિકામાં પ્રસ્તાવિત રોકાણને કારણે જ પાછો ખેંચવામાં આવ્યો છે. પ્રિન્સિપલ એસોસિએટ ડેપ્યુટી એટર્ની જનરલ આર ટ્રેન્ટ મેકકોટેરે આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારના સંભવિત રોકાણની આ ન્યાયિક નિર્ણયમાં કોઈ જ ભૂમિકા નહોતી, પરંતુ માત્ર ને માત્ર કાયદાકીય ખામીઓ અને ન્યાયિક મર્યાદાઓને કારણે જ આ આરોપો પાછા ખેંચવાની ફરજ પડી છે. આ ઐતિહાસિક નિર્ણયથી અદાણી ગ્રુપ માટે વૈશ્વિક સ્તરે વિકાસના નવા દ્વાર ખુલી ગયા છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સત્યનો વિજય થયો હોવાની વાત ચારેય બાજુ ગુંજી રહી છે.

## ઉત્તર કોરિયાના પચાસ હજાર સૈનિકો તૈનાત

# યુક્રેને રશિયામાં ઘૂસીને 1000 કિમી દૂર હુમલો કર્યો



(એજન્સી) કીવ । તા. 11

રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિનાશક યુદ્ધમાં હવે સ્થિતિ વધુ ભયાનક બની ગઈ છે. યુક્રેનની સૈનિક ટુકડીઓએ મધ્ય રશિયાના તાતારસ્તાન રાજ્યની અંદર એક હજાર કિલોમીટર સુધી ઊંડે સુધી ઘૂસીને એક જબરજસ્ત ડ્રોન હુમલો કર્યો છે. રવિવારે થયેલા આ અચાનક હુમલામાં ઓછામાં ઓછા બાર લોકોના મોત થયા છે અને અનેક નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલાથી રશિયાને આર્થિક અને લશ્કરી દ્રષ્ટિએ મોટો ફટકો પડ્યો છે. આ ગંભીર તણાવ વચ્ચે ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ-જોંગ-ઉને રશિયાની મદદ માટે પચાસ હજાર સૈનિકો તૈનાત કર્યા હોવાના અહેવાલોથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હલચલ મચી ગઈ છે.

યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીએ સ્પષ્ટ કર્યું છે કે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને શાંતિ મંત્રણાના મેજ ઉપર લાવવા માટે જ આ આક્રમક પગલાં ભરવામાં આવ્યા છે. યુક્રેની ડ્રોન્સે તાતારસ્તાન સ્થિત નિઝનેકામસ્ક શહેર સુધી પહોંચીને ત્યાં આવેલી એક મહત્વપૂર્ણ ઓઈલ રિફાઈનરીને નિશાન બનાવીને તોડી પાડી હતી. આ શહેરની વસ્તી અંદાજે બે લાખ ચાલીસ હજાર જેટલી છે, અને અહીં ક્રૂડ ઓઈલ સાફ કરવાની રિફાઈનરી નષ્ટ થવાને કારણે પહેલાથી જ પેટ્રોલ અને ડીઝલની અછતનો સામનો કરી રહેલા રશિયાની મુશ્કેલીઓમાં હવે અનેકગણો વધારો થઈ ગયો છે.

### આંતરરાષ્ટ્રીય સમીકરણો અને સહાયક દળો

આ યુદ્ધ હવે માત્ર બે દેશો પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ વૈશ્વિક સમીકરણો પણ બદલાઈ રહ્યા છે. રશિયાના પરમ મિત્ર દેશ ઉત્તર કોરિયા દ્વારા પચાસ હજાર સૈનિકોને રશિયા મોકલવા માટે તૈનાત કરવામાં આવ્યા છે, જે આ યુદ્ધને વધુ લાંબુ અને વ્યાપક બનાવી શકે છે. મિડિયા અહેવાલ મુજબ, આ સૈનિકોની ઉપસ્થિતિથી રશિયાની લશ્કરી તાકાત મજબૂત થશે, જ્યારે યુક્રેન પણ પશ્ચિમી દેશોની મદદથી પોતાના રક્ષણને વધુ ધારદાર બનાવી રહ્યું છે. આગામી દિવસોમાં આ સંઘર્ષ કઈ દિશામાં આગળ વધે છે તેના પર સમગ્ર વિશ્વની મીંઢોળ

આ ભયાનક હુમલા સામે રશિયન સેના પણ મૂક બેસી રહી નથી. તેણે ઉત્તર-પૂર્વના ખોર્કોવ પ્રાંતમાં અત્યંત પ્રચંડ તોપમારો શરૂ કરી દીધો છે. ગત દસમી ઓગસ્ટે રશિયન સૈન્ય દ્વારા કરવામાં આવેલા આડેધડ તોપમારામાં ચુગુઈવ જિલ્લાનું બુગાઈબરા ગામ સંપૂર્ણપણે નાશ પામ્યું છે. આ ઉપરાંત, રશિયન રક્ષણ મંત્રાલયના દાવા મુજબ તેમના એન્ટિ-મિલ સેટ અને મિસાઈલોએ આકાશમાં જ યુક્રેનના ચારસો છપ્પન ડ્રોન વિમાનોને તોડી પાડ્યા છે. યુદ્ધના મેદાનમાં વધી રહેલી આ હિંસાના કારણે સમગ્ર યુરોપિયન ક્ષેત્રમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ છવાઈ ગયો છે.

### માઉન્ટ એટના જ્વાળામુખી ફાટતા કેટાનિયા એરપોર્ટ બંધ

રોમ | ઈટાલીના પ્રખ્યાત સિસિલી ટાપુના પૂર્વ છેડે આવેલો વિશ્વનો સૌથી સક્રિય જ્વાળામુખી માઉન્ટ એટના સોમવારે અચાનક ફાટી નીકળતા આસપાસના વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો છે. જ્વાળામુખીમાંથી આકાશમાં ઉડેલા રાખના તોતિંગ ગોટા અને ધૂમાડાને કારણે પ્રશાસને તાત્કાલિક ધોરણે મોટો નિર્ણય લેવો પડ્યો છે. આ ભયાનક વિસ્ફોટને પગલે નજીકમાં જ આવેલું કેટાનિયા એરપોર્ટ અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકાના નવા નિયમથી ભારતીય કંપનીઓ પર આર્થિક બોજ




વૉશિંગ્ટન | અમેરિકાના ગૃહ અને સુરક્ષા મંત્રાલય દ્વારા લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયથી ભારતની દિગ્ગજ આઈટી કંપનીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. હવેથી એચ-૧બી અને એલ-૧ વિઝા એક્સટેન્શન માટે કંપનીઓએ વધારાની આકરી ફી ચૂકવવી પડશે, જેની સીધી અસર ભારતીય કંપનીઓના નફા પર પડવાની શક્યતા છે. અગાઉના નિયમો મુજબ, આ પ્રકારની ફી માત્ર નવી નોકરી મેળવતી વખતે અથવા તો કંપની બદલતી વખતે જ ચૂકવવાની રહેતી હતી. એક્સટેન્શનના સમયગાળા દરમિયાન આ પ્રકારનો કોઈ વધારાનો નાણાકીય ભારણ કંપનીઓ પર લાદવામાં આવતું ન હતું. જોકે, હવે અમેરિકન સરકારના નવા આદેશ અનુસાર, દરેક એક્સટેન્શન અરજી સાથે ૯-૧૧ રિસ્પોન્સ અને બાયોમેટ્રિક્સ એન્ટ્રી-એક્ઝિટ માટે એચ-૧બી વિઝાધારકો દીઠ ૪૦૦૦ ડોલર અને એલ-૧ કેટેગરી માટે ૪૫૦૦ ડોલરની ફી વસૂલવામાં આવશે. આ નવો નિયમ આવતા મહિનેથી વૉશિંગ્ટન દ્વારા સત્તાવાર રીતે લાગુ કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, જે કંપનીઓમાં ૫૦ કે તેથી વધુ કર્મચારીઓ હોય અને જેમાં ૫૦ ટકા સ્ટાફ સ્થાનિક હોય, તેવી તમામ કંપનીઓને આ નિયમ લાગુ પડશે.

### ટ્રમ્પે કેટરિંગ ટ્રકમાં છુપાઈને પ્લેન બદલવું પડ્યું



અંકારા | ઈરાન તરફથી સતત મળી રહેલી જાનથી મારી નાખવાની ધમકીઓ વચ્ચે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષાને લઈને એક અત્યંત ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો છે. નાટો સમિટમાં ભાગ લેવા માટે અંકારા પહોંચેલા પ્રમુખને દુશ્મનોની નજરથી બચાવવા માટે એક અત્યંત ગુપ્ત અને ફિલ્મી અંદાજમાં સુરક્ષા ઘેરો ગોઠવવામાં આવ્યો હતો. મૂળ આયોજન મુજબ પ્રમુખે કતાર તરફથી મળેલા નવા વિમાન અથવા પોતાના જૂના મુખ્ય વિમાન દ્વારા બ્રિટન જવાનું હતું. પરંતુ તુર્કીયેની સરહદ ઈરાનને અડીને આવેલી હોવાના કારણે અને ઈરાની પ્રોક્સી દળો તરફથી મોટા ખતરાની આશંકા હોવાથી વ્હાઈટ હાઉસના સુરક્ષા અધિકારીઓએ છેલ્લી ઘડીએ આખો પ્લાન બદલી નાખ્યો હતો. દુશ્મનોને ગેરમાર્ગે દોરવા માટે આ ગુપ્ત ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. અંકારા એરપોર્ટ પર પહેલાં તો પ્રમુખ જાહેરમાં કેમેરાની સામે પોતાના જૂના મુખ્ય વિમાનમાં સવાર થયા હતા. પરંતુ વિમાનમાં ચઢ્યાની મિનિટોમાં જ તેમને અત્યંત ગુપ્ત રીતે એરપોર્ટ પર ખોરાક લાવવા માટે વપરાતી એક કેટરિંગ ટ્રકમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા.

## પંદરસોથી વધુ મકાનો ધરાશાયી થવાથી હાહાકાર

# કોલંબિયામાં ભૂકંપથી ભારે તબાહી અને 132ના મોત, છ એરપોર્ટ બંધ અને રાષ્ટ્રીય આપત્તિ જાહેર

(એજન્સી) બોગોટા । તા. 11

દક્ષિણ અમેરિકાના સુંદર દેશ કોલંબિયામાં સોમવારે સવારે આવેલા ૭.૪ની પ્રચંડ તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે ભારે વિનાશ વેરી દીધો છે. પશ્ચિમી કોલંબિયાના સંવેદનશીલ વિસ્તારમાં સર્જાયેલી આ કુદરતી હોનારતમાં મૃત્યુઆંક વધીને ૧૩૨ પર પહોંચી ગયો છે, જ્યારે ૫૭૦થી વધુ નાગરિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાની સત્તાવાર પુષ્ટિ દેશની સરકારે કરી છે. અચાનક ધસી પડેલી ઈમારતો અને ચારેબાજુ ફેલાયેલી ચીસાચીસના કારણે ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ ગંભીર કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે કોલંબિયા સરકારે તાત્કાલિક ધોરણે દેશમાં રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરીને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરીનો આરંભ કરી દીધો છે.

કોલંબિયન જિયોલોજિકલ સર્વિસના અહેવાલ મુજબ, આ વિનાશક ભૂકંપ સ્થાનિક સમયાનુસાર સવારે ૭:૩૪ વાગ્યે અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ચૌકો વિભાગના સાન જોસ ડેલ પાલ્મર નજીક જમીનમાં ૯૬ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. કોલંબિયાના પ્રમુખ અબેલેર્દો દે લા એસ્પ્રીએલ્લાએ બોગોટાથી સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે આ શક્તિશાળી આંચકાઓને કારણે સમગ્ર દેશમાં ૧,૫૭૫ જેટલા મકાનો જમીનદોસ્ત થઈ ગયા છે. આ ઉપરાંત, પ્રભાવિત ક્ષેત્રોના કુલ ૬ એરપોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાન પહોંચ્યું હોવાને કારણે તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સનું સંચાલન તાત્કાલિક અસરથી સ્થગિત કરવું પડ્યું છે, જેથી રાહત સામગ્રી પહોંચાડવામાં સરળતા રહે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સંબંધિત તંત્ર અને ઉચ્ચ અધિકારીઓ પ્રભાવિત પ્રાંતોની રાજધાનીઓ તેમજ સ્થાનિક મેયરોની ટીમ સાથે સતત સંપર્કમાં રહીને સ્થિતિ પર બાજ નજર રાખી રહ્યા છે. નુકસાનનું ચોક્કસ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને અત્યાર સુધીમાં હજારો બેઘર બનેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અસરગ્રસ્ત વિસ્તારોમાં તબીબી સહાય, અન્ન સામગ્રી અને પીવાનું પાણી પહોંચાડવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કાટમાળ હટાવવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે ચાલુ છે જેથી કાટમાળ નીચે દવાયેલા લોકોને સમયસર બહાર કાઢી શકાય.






### વૈશ્વિક સમર્થન અને આંતરરાષ્ટ્રીય સહાનુભૂતિ

આ મુશ્કેલ અને દુઃખદ સમયમાં વિશ્વભરના અગ્રણી દેશોના નેતાઓએ કોલંબિયાના લોકો પ્રત્યે પોતાની ઊંડી સંવેદના અને પૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને સોશિયલ મીડિયા પર પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે આ ભયાનક આપત્તિના સમયમાં કોલંબિયા ફ્રાન્સની દોસ્તી અને સમર્થન પર સંપૂર્ણ ભરોસો રાખી શકે છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પણ ટ્વીટ કરીને આ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને વૈશ્વિક સમુદાયને કોલંબિયાની મદદ માટે આગળ આવવા હૃદયપૂર્વક અપીલ કરી હતી. તે જ પ્રમાણે, ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ ચિંતા વ્યક્ત કરી હતી કે ઈટાલી આ કઠિન સમયમાં અસરગ્રસ્ત પરિવારો અને બચાવ કાર્યકર્તાઓ સાથે મજબૂતાઈથી એકતા દર્શાવે છે.

# અરુણાચલના નકશા પર ચીનનો વિરોધ અને એક્સપર્ટ્સનો મત

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારતે પોતાના સત્તાવાર નકશામાં અરુણાચલ પ્રદેશના મહત્વપૂર્ણ સ્થળોના નામ સામેલ કરતા જ પાડોશી દેશ ચીન ભડકી ઉઠ્યો છે. આ ગતિરોધ વચ્ચે બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોને લઈને નવા સવાલો ઊભા થયા છે, જેના પર આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષજ્ઞોની નજર ટકેલી છે.

સરવે ઑફ ઈન્ડિયા દ્વારા હાલમાં જ અપડેટ કરવામાં આવેલા નકશામાં અરુણાચલ પ્રદેશના 27 જેટલા સ્થળોના સાચા નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નામોમાં ચાર પહાડી દર્રા અને એક ઊંચાઈ પર આવેલી ઝીલનો પણ સમાવેશ થાય છે. ભારત સરકારનું સ્પષ્ટ માનવું છે કે આ પગલાથી આ તમામ ક્ષેત્રોની સાચી ભૌગોલિક અને ઐતિહાસિક ઓળખ વધુ મજબૂત થશે. નોંધનીય છે કે આ મહત્વપૂર્ણ નિર્ણય સીમા મુદ્દે નવી દિલ્હી ખાતે મળેલી બેઠકના થોડા દિવસો બાદ જ લેવામાં આવ્યો છે.

ચીને ભારતના આ પગલાને તેના ‘ઝાંગનાન’ ક્ષેત્રની એકતરફી કાર્યવાહી ગણાવીને તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. ચીની નિષ્ણાતોનું એવું માનવું છે કે આ પ્રકારની કાર્યવાહી બંને દેશો વચ્ચે તાજેતરમાં સુધરી રહેલા સંબંધોની દિશાથી તદ્દન વિપરીત છે. બીજી તરફ, ચીન પોતે વર્ષ 2017થી આ જ ક્ષેત્રના 112 જેટલા સ્થળોના પોતાના હિસાબે નામો જાહેર કરતું આવ્યું છે અને તે મેકમોહન રેખાને પણ ગેરકાયદેસર માને છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં બંને દેશો વચ્ચેના સંબંધોને પાટા પર લાવવા માટે અનેક સકારાત્મક પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેમાં નાથૂ લા પાસને ફરીથી વેપાર માટે ખોલવાનો નિર્ણય પણ સામેલ છે. જોકે, મીડિયા અહેવાલ મુજબ ચીની નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે આ નકશા વિવાદને કારણે વાતચીતનો માહોલ પ્રભાવિત થઈ શકે છે.

# નેપાળ અને બાંગ્લાદેશના નેતાઓની ભારતીય રાજદૂત મુલાકાત, કૂટનીતિના મોરચે સોમવાર ભારત માટે ખાસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

આંતરરાષ્ટ્રીય કૂટનીતિ માટે સોમવારનો દિવસ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ અને વ્યસ્ત રહ્યો છે. નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે પોતાના પદ સંભાળ્યા બાદ પહેલી જ વાર કોઈ વિદેશી રાજદૂત સાથે એકાંતમાં બેઠક યોજી હતી, જેમાં તેમણે ભારતના રાજદૂત નવીન શ્રીવાસ્તવ સાથે શાંતિપૂર્ણ માહોલમાં ચર્ચા કરી હતી. આ મહત્વપૂર્ણ મુલાકાત બાદ તેમણે ક્રમશઃ ચીન અને અમેરિકાના રાજદૂતો સાથે પણ મંત્રણાઓ યોજી હતી. આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ અનુસાર કયા દેશના રાજદૂતને સૌથી પહેલા મુલાકાત આપવામાં આવે છે તે તે દેશ પ્રત્યેની નિકટતા દર્શાવે છે, અને આ કડીમાં નેપાળે ભારતને પ્રાથમિકતા આપીને દ્વિપક્ષીય સંબંધો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ કરી છે.

કૂટકીય નિષ્ણાતોના મતે, નવીન શ્રીવાસ્તવને મળ્યા તરત જ બાલેન્દ્ર શાહે ચીનના રાજદૂત અને



ત્યારબાદ અમેરિકાના રાજદૂત સાથે મુલાકાત કરીને એ સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે કે નેપાળ ભારત અને અન્ય મહાસત્તાઓ વચ્ચે સંપૂર્ણ સંતુલન જાળવવા માગે છે. અમેરિકન રાજદૂત સાથેની તેમની મુલાકાત પ્રમાણમાં થોડી લાંબી ચાલી હતી, જે સહજ પણ છે. નેપાળ અને ભારત વચ્ચે સદીઓથી સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક સંબંધો અત્યંત ગાઢ રહ્યા છે. બાલેન્દ્ર શાહે પણ આ ઐતિહાસિક સંબંધોને યાદ કરીને બંને દેશો વચ્ચેના પારસ્પરિક સહયોગને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે પાડોશી દેશોમાં ભારત વિરુદ્ધ રમાતી રમત લાંબો સમય ટકશે નહીં.

બીજી તરફ, પૂર્વ દિશામાં આવેલા બાંગ્લાદેશના રાજકારણમાં પણ મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાને ભારતના રાજદૂત દિનેશ ત્રિવેદી સાથે મુલાકાત કરી હતી, જ્યાં ભારતીય હાઈકમિશનરે તેમને વડાપ્રધાન પદે થયેલી વરણી બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. જોકે, આ મુલાકાત દરમિયાન સૌથી મોટું અને ચર્ચાસ્પદ પાસું નવી દિલ્હીમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીના દ્વારા પત્રકારોને કરવામાં આવેલું વર્ચ્યુઅલ સંબોધન રહ્યું હતું. હસીનાએ પોતાના સંબોધનમાં સ્વદેશ પાછા ફરવાની જાહેરાત કરતા વર્તમાન તારિક રહેમાન સરકારને મોટી મૂંઝવણમાં મૂકી દીધી છે. બાંગ્લાદેશ સરકાર હાલ શેખ હસીનાના પ્રત્યાર્પણની ઉગ્ર માગણી કરી રહી છે, જેના કારણે બંને દેશો વચ્ચે થોડી તંગદિલી પ્રવર્તી રહી છે.


**ધરા ધ્રુજી.....** ડેટા સેન્ટર્સની જરૂર વગર સ્માર્ટ કામ, પ્રાઈવસી વધશે અને ખર્ચમાં ભારે ઘટાડો

# મેટાનું મ્યૂસ ગ્લિમર એઆઈ મોડલ લેપટોપમાં ચાલશે

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 11

કૃત્રિમ બુદ્ધમત્તા એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે ટેકનોલોજીની દુનિયામાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. કેલિફોર્નિયા સ્થિત દિગ્ગજ ટેક કંપની મેટા દ્વારા આજરોજ એક અત્યાધુનિક અને અતિ-શક્તિશાળી ‘મ્યૂસ ગ્લિમર’ નામનું નવું એઆઈ મોડલ સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું છે. આ મોડલની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સામાન્ય કમ્પ્યુટર અથવા લેપટોપમાં પણ ખૂબ જ સરળતાથી ચાલી શકે છે. આ ક્રાંતિકારી પગલાથી વિશ્વભરમાં મોટા ડેટા સેન્ટર્સ અને ક્લાઉડ પરની નિર્ભરતામાં મોટો ઘટાડો થશે, જેનાથી યુઝર્સની પ્રાઈવસી વધુ મજબૂત બનશે અને ઓપરેશનલ ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળશે.

મીડિયા અહેવાલ મુજબ, મેટાએ આ એઆઈ સેક્ટરમાં પોતાની ઓપન-વેઈટ સ્ટ્રેટેજીને વધુ મજબૂત બનાવતા આ મોડલને રજૂ કર્યું છે. મ્યૂસ ગ્લિમર અંદાજે ૩૦ અબજ પેરામીટર્સ ધરાવતું એક અત્યંત કોમ્પેક્ટ એઆઈ મોડલ છે. આ મોડલને મોટા ‘મ્યૂસ સ્પાર્ક’



મોડલમાંથી ખાસ ડિસ્ટીલેશન ટેકનિકનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવ્યું છે. અગાઉના સમયમાં જટિલ કાર્યો માટે મોટા સર્વર્સ અને ક્લાઉડ કમ્પ્યુટિંગની આવશ્યકતા રહેતી હતી, પરંતુ હવે આ કોમ્પેક્ટ સાઈઝના મોડલને કારણે સામાન્ય કન્ઝ્યુમર ગ્રેડ જીપીયુ પર પણ સીધું ચલાવી શકાશે, જે ટેકનિકલ જગતમાં એક મોટો સીમાચિહ્ન સાબિત થઈ રહ્યો છે.

આ નવા મોડલનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર સામાન્ય સવાલોના જવાબ આપવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે કોડિંગ, જટિલ પ્લાનિંગ, રીઝનિંગ અને વિવિધ એઆઈ એજન્ટના કાર્યોમાં પણ અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ મોડલ સીધું લોકલ ડિવાઈસ પર ચાલતું હોવાથી કોઈપણ ડેટા કે સવાલોને ક્લાઉડ પર મોકલવાની જરૂરિયાત લગભગ નાબૂદ થઈ જાય છે. તેના કારણે ડેટા ટ્રાન્સફરનો સમય એટલે કે લેટન્સી ઘટે છે અને પ્રાઈવસી સુરક્ષિત રહે છે. કંપની દ્વારા આ લોન્ચિંગ સાથે જ મ્યૂસ સ્પાર્ક ૧.૨ પણ ઓપન-વેઈટ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી ડેવલપર્સ અને સંશોધકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. ટેકનોલોજી ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે મેટાનું આ પગલું એઆઈ ટેકનોલોજીને સામાન્ય લોકો સુધી વધુ નજીક લાવવામાં મદદ કરશે. અત્યાર સુધી એઆઈનો ઉપયોગ કરવા માટે ભારેખમ હાર્ડવેર અને મોંઘા સબસ્ક્રિપ્શનની જરૂર પડતી હતી, પરંતુ હવે લેપટોપમાં જ આવા શક્તિશાળી મોડલ ચાલવાથી વિદ્યાર્થીઓ, નાના વેપારીઓ અને પ્રોફેશનલ્સને બહુ મોટો ફાયદો થશે.

# માઉન્ટ એટના જ્વાળામુખી ફાટતા કેટાનિયા એરપોર્ટ બંધ

(એજન્સી) રોમ । તા. 11

ઈટાલીના પ્રખ્યાત સિસિલી ટાપુના પૂર્વ છેડે આવેલો વિશ્વનો સૌથી સક્રિય જ્વાળામુખી માઉન્ટ એટના સોમવારે અચાનક ફાટી નીકળતા આસપાસના વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો છે. જ્વાળામુખીમાંથી આકાશમાં ઉડેલા રાખના તોતિંગ ગોટા અને ધૂમાડાને કારણે પ્રશાસને તાત્કાલિક ધોરણે મોટો નિર્ણય લેવો પડ્યો છે.

આ ભયાનક વિસ્ફોટને પગલે નજીકમાં જ આવેલું કેટાનિયા એરપોર્ટ અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવ્યું છે. આ એરપોર્ટ આઈલેન્ડનું મુખ્ય હવાઈ મથક હોવાની સાથેસાથે ઈટાલીના સૌથી વ્યસ્ત એરપોર્ટ્સ પૈકીનું એક છે. જ્વાળામુખીમાંથી નીકળતી રાખ અને ધૂમાડાને કારણે વિમાનોની અત્યંત જોખમી બની ગઈ હતી, જેને ધ્યાનમાં રાખીને ઓથોરિટીએ તાત્કાલિક સાવચેતીના પગલાં લીધા છે. સ્થાનિક તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી અને બચાવ કાર્યની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. એરપોર્ટ પર પહેલેથી જ પહોંચી ગયેલા સેંકડો પેસેન્જરોને સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક ઘરે પરત મોકલી આપવામાં આવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ 9,022 ફૂટ ઊંચા જ્વાળામુખીમાંથી લાવારસ વહેવાની શક્યતાઓને જોતા આસપાસના વિસ્તારોમાં પણ હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સરકાર અને સુરક્ષા એજન્સીઓ હાલ સમગ્ર પરિસ્થિતિ પર અત્યંત નજીકથી નજર રાખી રહી છે. જોકે રાહતની વાત એ છે કે અત્યાર સુધી કોઈ જાનમાલના મોટા નુકસાનના અહેવાલ નથી, પરંતુ જ્વાળામુખીની સતત સક્રિયતાને કારણે સ્થાનિક ખેતીવાડી અને જનજીવન ગંભીર રીતે પ્રભાવિત થયું છે.

## PM મોદી, સોનિયા ગાંધી સહિતના નેતાઓ પહોંચ્યા

# સુપ્રિયા સુલેની પુત્રીના રિસેપ્શનમાં રાજકીય ગજગ્રાહ ભૂલાયો!





(એજન્સી) નવી દિલ્હી | તા 11

દિલ્હીમાં સુપ્રિયા સુલેની પુત્રી રેવતી સુલેના લગ્નના રિસેપ્શનમાં પીએમ મોદી, શરદ પવાર સાથે જોવા મળ્યા હતા. રાજકીય મતભેદો ભૂલીને, મોદીએ નવદંપતીને શુભેચ્છા પાઠવી હતી. અમિત શાહ, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.મહારાષ્ટ્રના રાજકારણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શરદ પવાર વચ્ચેની મુલાકાતો હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. સોમવારે દિલ્હીમાં ફરી એકવાર બંને નેતાઓ એકસાથે જોવા મળ્યા હતા. જોકે, આ વખતે મુલાકાતનું કારણ રાજકારણ નહીં પરંતુ એક પારિવારિક પ્રસંગ હતો. પીએમ મોદી એનસીપી (એસપી) સાંસદ સુપ્રિયા સુલેની પુત્રી રેવતી સુલે અને સારંગ લખાણીના લગ્નના રિસેપ્શનમાં પહોંચ્યા હતા. ત્યાં તેઓ શરદ પવાર સાથે બેઠા હતા અને તેમની સાથે વાતચીત કરતા નજરે પડ્યા હતા. આ સમારંભમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ઉપરાંત રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત દેશના અનેક અગ્રણી રાજકીય ચહેરાઓ ઉપસ્થિત રહ્યા હતા.દિલ્હીમાં સોમવારે એનસીપી (એસપી) નેતા અને બારામતીના સાંસદ સુપ્રિયા સુલેની પુત્રી અને શરદ પવારની દોહિત્રી રેવતી સુલેના લગ્નનું ગ્રાન્ડ રિસેપ્શન યોજાયું હતું. આ કાર્યક્રમમાંથી સામે આવેલી તસવીરો અને વીડિયોમાં પીએમ મોદી એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવારની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. વડાપ્રધાને નવદંપતિને શુભકામનાઓ પાઠવી હતી તેમજ શરદ પવારના પરિવાર અને ત્યાં હાજર અન્ય મહેમાનો સાથે મુલાકાત કરી તેમનું અભિવાદન ઝીલ્યું હતું. રાજકીય મતભેદો બાજુ પર રાખીને પીએમ મોદીની હાજરી અને શરદ પવાર સાથેની તેમની વાતચીત હાલ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી રહી છે.રેવતી સુલે અને સારંગ લખાણીના આ લગ્ન સમારંભમાં શરદ પવારે પોતે તમામ ખાસ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ રિસેપ્શનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ પહોંચ્યા હતા. આ સિવાય લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આમ, એક જ મંચ પર દેશના વિવિધ રાજકીય પક્ષોના દિગ્ગજ નેતાઓનો જમાવડો જોવા મળ્યો હતો.ચિરાગ પાસવાન અને અખિલેશ યાદવ પણ દિલ્હીમાં યોજાયેલા સુપ્રિયા સુલેની પુત્રી રેવતી સુલેના લગ્નના ગ્રાન્ડ રિસેપ્શનમાં હાજરી આપવા પહોંચ્યા હતા. આ સમારંભમાં બંને નેતાઓએ હાજરી આપી નવદંપતીને શુભકામનાઓ પાઠવી હતી. રાજકીય વિરોધાભાસ અને મંતવ્યો ભૂલીને બંને નેતાઓ અન્ય તમામ દિગ્ગજ રાજનેતાઓ સાથે આ પારિવારિક પ્રસંગમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં જોવા મળ્યા હતા.લગ્નના રિસેપ્શન પહેલા સોમવારે જ સુપ્રિયા સુલેએ પોતાની પાર્ટીના 8 સાંસદો સાથે પીએમ મોદી સાથે એક બેઠક કરી હતી, જે આશરે 20 મિનિટ સુધી ચાલી હતી. આ બેઠક બાદ ડીલીમિટેશન (સીમાંકન) બિલ અંગે એનસીપી (એસપી)ના વલણને લઈને ફરી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.સુપ્રિયા સુલે અગાઉ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે જો સીમાંકન બિલના મુદ્દામાં તેમની તમામ જરૂરી માંગણીઓ સ્વીકારવામાં આવશે તો જ તેમની પાર્ટી તેને સમર્થન આપશે. પીએમ મોદી સાથેની આ મુલાકાત બાદ 'INDIA' ગઠબંધનમાં પણ હલચલ જોવા મળી હતી, જોકે બેઠક દરમિયાન સીમાંકનનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો નહોતો અને એનસીપી (એસપી)ના સાંસદોએ વડાપ્રધાન સામે પોતાના વિસ્તારના વિકાસ અને જનહિતના મુદ્દાઓ જ રજૂ કર્યા હતા.

## વંદે ભારત સ્લીપર અને અમૃત ભારત ટ્રેનોને સમગ્ર NFRમાં મુસાફરોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે



માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ને વંદે ભારત સ્લીપર અને અમૃત ભારત ટ્રેન સેવાઓ માટે મુસાફરો તરફથી ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ મળી રહ્યો છે, જે આધુનિક, આરામદાયક અને કાર્યક્ષમ રેલ કનેક્ટિવિટી માટે વધતી જતી પસંદગીને પ્રતિબિંબિત કરે છે. જાન્યુઆરીથી જુલાઈ 2026 દરમિયાન, N.F. રેલ્વે પર 14 જોડી ટ્રેનો શરૂ કરવામાં આવી હતી, જેમાં એક જોડી વંદે ભારત સ્લીપર, આઠ જોડી અમૃત ભારત ટ્રેન, ત્રણ જોડી લાંબા અંતરની મેલ/એક્સપ્રેસ ટ્રેન અને બે જોડી મેલ/એક્સપ્રેસ ઈન્ટરસિટી ટ્રેનોનો સમાવેશ થાય છે.કામાખ્યા અને હાવડા વચ્ચેની વંદે ભારત સ્લીપર સેવાને મુસાફરોનો જોરદાર પ્રતિસાદ મળ્યો છે. ટ્રેન નંબર 27576 કામાખ્યા-હાવડામાં 103% ઓક્યુપન્સી નોંધાઈ છે, જ્યારે ટ્રેન નંબર 27575 હાવડા-કામાખ્યામાં 126% ઓક્યુપન્સી નોંધાઈ છે, જે આ અદ્યતન લાંબા અંતરની સેવાની મજબૂત માંગને પ્રતિબિંબિત કરે છે.અમૃત ભારત સેવાઓએ પણ પ્રભાવશાળી ઓક્યુપન્સી સ્તર નોંધાવ્યું છે, જે મુસાફરોમાં તેમની મજબૂત લોકપ્રિયતા દર્શાવે છે. ટ્રેન નં. 20609 ન્યૂ જલપાઈગુડી-તિરુચિરાપલ્લીમાં 159% ઓક્યુપન્સી નોંધાઈ છે, જ્યારે ટ્રેન નં. 20610 તિરુચિરાપલ્લી-ન્યૂ જલપાઈગુડીમાં 150% ઓક્યુપન્સી નોંધાઈ છે. ટ્રેન નં. 20603 ન્યૂ જલપાઈગુડી-નાગરકોઈલમાં 173% ઓક્યુપન્સી નોંધાઈ છે, જ્યારે ટ્રેન નં. 20604 નાગરકોઈલ-ન્યૂ જલપાઈગુડીમાં 160% ઓક્યુપન્સી નોંધાઈ છે.અન્ય સેવાઓમાં પણ મુસાફરોનો મજબૂત પ્રતિસાદ જોવા મળ્યો છે જેમાં ટ્રેન નં. 15671 કામાખ્યા-રોહતકમાં 138% ઓક્યુપન્સી, ટ્રેન નં. 15950 ગોમતી નગર-ડિબ્રુગઢમાં 144% ઓક્યુપન્સી, ટ્રેન નં. 16597 SMVT બેંગલુરુ-અલીપુરદ્વાર જંક્શનમાં 16597 ઓક્યુપન્સીનો સમાવેશ થાય છે. ૧૫૧% અને ટ્રેન નં. ૧૫૯૭૩ ચાર્લપલ્લી-કામખ્યામાં ૧૩૫%નો વધારો થયો છે.આ અદ્યતન ટ્રેન સેવાઓના સતત ઊંચા ઓક્યુપન્સી આંકડા ઉત્તરપૂર્વ અને દેશભરના મુખ્ય સ્થળો વચ્ચે રેલ કનેક્ટિવિટીમાં વધારો થયો છે તેની લોકપ્રિયતા દર્શાવે છે. ઉત્સાહી મુસાફરોનો પ્રતિભાવ આરામદાયક, અનુકૂળ અને સુધારેલી ટ્રેન સેવાઓ માટે વધતી પસંદગીને પણ પ્રતિબિંબિત કરે છે.

# ટ્રિબ્યુનલ સુધારા: સંસ્થાઓનું સશક્તિકરણ, ન્યાયનો વિકાસ

**શ્રી અર્જુન રામ મેઘવાલ**

વિકસિત ભારત તરફની ભારતની યાત્રા એ એક એવા સુધારાની વાર્તા છે જે 'અમે ભારતના લોકો'ની ક્ષમતા તેમજ આકાંક્ષાઓ સાથે મેળ ખાતી રહે છે. આ માત્ર આર્થિક વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીની વાર્તા નથી. તે સમાન રીતે સંસ્થાકીય સુધારાની યાત્રા છે. જેમ જેમ ભારતીય અર્થતંત્રનો વિસ્તાર થાય છે, વ્યવસાયો વધે છે, રોકાણો વધે છે અને દેશ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં પોતાનું સ્થાન મજબૂત કરે છે, તેમ તેમ આર્થિક પ્રવૃત્તિને ટેકો આપતી સંસ્થાઓએ પણ ઝડપ, પારદર્શિતા અને વિશ્વસનીયતા સાથે વિકસિત થવું આવશ્યક છે. તાજેતરમાં પસાર થયેલું ટ્રિબ્યુનલ સુધારા બિલ, 2026, આ દિશામાં એક મહત્વપૂર્ણ કદમ છે. ટ્રિબ્યુનલ સુધારા બિલ હવે જરૂરી સંસદીય મંજૂરી મેળવીને કાયદો બની ગયું છે, જે ટ્રિબ્યુનલ્સના ક્ષેત્રાધિકાર (substantive jurisdiction)માં ફેરફાર કર્યા વિના તેમના શાસન માળખા (governance architecture) ને મજબૂત કરવાનો પ્રયાસ કરે છે.

એનો મુખ્ય હેતુ સંસ્થાકીય છે: નિમણૂકો, શાસન, પારદર્શિતા, સેવાની શરતો, સ્વતંત્રતા અને કાર્યક્ષમતામાં સુધારો કરવો. તે અર્થમાં, બિલ ભારતની કાનૂની અને નિયામક ઈકોસિસ્ટમને વધુ આધુનિક, નમૂનારૂપ (predictable) અને અસરકારક બનાવવાના ઉદ્દેશ્યથી વ્યાપક સુધારાની યાત્રાના આગામી તબક્કાનું પ્રતિનિધિત્વ કરે છે. છેલ્લા એક દાયકામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ, રાષ્ટ્રે વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક માળખાકીય સુધારા જોયા છે. GST એ પરોક્ષ કરવેરાનું પરિવર્તન કર્યું; ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોર્ટે ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન ફ્રેમવર્કને મજબૂત બનાવ્યું; ગિફ્ટ સિટીનું નાણાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જન વિશ્વાસ પહેલે ડીક્રિમિનાઈઝેશનને આગળ વધાર્યું અને અનુ પાલન (compliance) નો બોજ ઘટાડ્યો; ડિજિટલ ઈન્ડિયાએ ટેકનોલોજી સાથે શાસનને જોડ્યું; હજારો પાલનો ઘટાડવામાં આવ્યા; સંસ્થાનવાદી યુગના કાયદાઓ દૂર કરવામાં આવ્યા; અને નવા ફોજદારી કાયદાઓએ ફોજદારી ન્યાય માળખાનું આધુનિકીકરણ કર્યું. ટ્રિબ્યુનલ સુધારા બિલ 'રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ' ની આ વિશાળ વિચારધારામાં કુદરતી રીતે બંધબેસે છે.આધુનિક અર્થતંત્રની જરૂરિયાતો સામે જોવામાં આવે ત્યારે ટ્રિબ્યુનલ સુધારાનું મહત્વ સ્પષ્ટ થઈ જાય છે. ટ્રિબ્યુનલો કરવેરા, કંપની લૉ, સિક્યોરિટીઝ, પર્યાવરણ અને અન્ય નિયામક બાબતો જેવા વિશિષ્ટ ક્ષેત્રો સાથે વ્યવહાર કરે છે. તેમનો હેતુ બંધારણીય અદાલતોનું સ્થાન લેવાનો નથી, પરંતુ વિશિષ્ટ ન્યાયનિર્ણય (specialised adjudication) પ્રદાન કરીને અને ઝડપી અને અસરકારક ન્યાય વિતરણમાં યોગદાન આપીને ન્યાયિક પ્રણાલીને પૂરક બનાવવાનો છે.

# પ્રકાશન વિભાગને FICCI PubliCon 2026 પબ્લિશિંગ એવોર્ડ્સમાં 'બુક ઓફ ધ યર - નોન-ફિક્શન (હિન્દી)' સન્માન

અમદાવાદ | પ્રકાશન વિભાગ (ડીપીડી) ને FICCI PubliCon 2026 પબ્લિશિંગ એવોર્ડ્સમાં પ્રતિષ્ઠિત 'બુક ઓફ ધ યર - નોન-ફિક્શન (હિન્દી)' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું છે. આ સન્માન પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત પુસ્તક 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ' માટે પ્રદાન કરવામાં આવ્યું છે.આ પુસ્તક આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ ભાષણોનું સંકલન છે. આમાં રાષ્ટ્ર નિર્માણ, વિકાસ, સુશાસન અને જનભાગીદારી સાથે જોડાયેલા તેમના વિચારોને સમાહિત કરવામાં આવ્યા છે. પુસ્તકની વિષય-વસ્તુની સાથે-સાથે આની ઉત્કૃષ્ટ સંપાદકીય, ડિઝાઈન, મુદ્રણ અને ઉત્પાદન ગુણવત્તાને પણ આ




સન્માનના માધ્યમથી માન્યતા મળી છે.આ સિદ્ધિ પર પ્રકાશન વિભાગના મહાનિદેશક ડૉ. ધીરજ કાકડિયાએ વિભાગની પૂરી ટીમને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે આ સન્માન વિભાગના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓના સામૂહિક પ્રયાસ, સમર્પણ અને ગુણવત્તાપૂર્ણ પ્રકાશન પ્રત્યેની કટિબદ્ધતાનું પરિણામ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવનારા દિવસોમાં પ્રકાશન વિભાગ પોતાના ઉત્કૃષ્ટ પ્રકાશનોના માધ્યમથી આવા ઘણા વધુ પુરસ્કારો પ્રાપ્ત કરશે.આ સન્માન પ્રકાશન વિભાગ માટે ગૌરવનો વિષય છે અને હિન્દીમાં ઉચ્ચ ગુણવત્તા વાળા જ્ઞાનવર્ધક તથા મહત્વપૂર્ણ પ્રકાશનોના માધ્યમથી વાચકો સુધી સામગ્રી પહોંચાડવાના વિભાગના પ્રયાસોને નવી ઊર્જા પ્રદાન કરે છે.10 ઓગસ્ટ, 2026 ના રોજ નવી દિલ્હીમાં આયોજિત 'PubliCon 2026' પબ્લિશિંગ એવોર્ડ્સ સમારોહમાં પ્રકાશન વિભાગને આ સન્માન પ્રદાન કરવામાં આવ્યું.

## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની દ્વિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ

પાલનપુર | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો માટે ટેકનોલોજીકલ બેકસ્ટોપિંગ વર્કશોપ અને દ્વિમાસિક સમીક્ષા બેઠક તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સરદાર સ્મૃતિ કેન્દ્ર, સરદારકૃષિનગર ખાતે વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એસ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ વર્કશોપમાં વિવિધ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના સિનિયર સાયન્ટિસ્ટ એન્ડ હેડ તેમજ વૈજ્ઞાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને સર્વાંગી વિકાસ કામો માટે રૂપિયા 3850 કરોડના ચેક અર્પણનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં સંપન્ન

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સુદ્રઢ નાણાં વ્યવસ્થાપનને પરિણામે નગરો-મહાનગરોમાં જન સુખાકારીના કામો માટે હવે નાણાંની કોઈ તંગી નથી રહી. એટલું જ નહિં, લોકહિતના જે કામો થાય છે તે લોકો જુએ છે અને ઈઝ ઓફ લિવિંગને પરિણામે વધુ નવા કામો માટેની લોકોની અપેક્ષાઓ જાગી છે. મુખ્યમંત્રીશ્રી રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને સર્વાંગી વિકાસ કામો માટે કુલ 3850 કરોડની રકમના ચેક અર્પણ સમારોહના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા.


## મંત્રી શ્રી રમેશભાઈ કટારા તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવતા નાગરિકોને ઘર ઘર તિરંગો લહેરાવવા કર્યો અનુરોધ

દિપક રાવલ દાહોદ લીમખેડા

સ્વાતંત્ર્યતા પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં તિરંગા યાત્રા યોજાઈ રહી છે. દાહોદ જિલ્લામાં પણ તિરંગા યાત્રાને જન પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે વિવિધ ગામમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પદાધિકારીશ્રીઓ, ગ્રામજનો, પોલીસ જવાન, હોમગાર્ડના જવાનો તથા શાળાના છાત્રો જોડાયા હતા. દેશભક્તિના નારાઓથી શહેર તથા ગ્રામની ગલીઓ ગુંજી ઉઠી હતી. ફતેપુરા ખાતે કૃષિ અને ખેડૂત કલ્યાણ સહકાર પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને યોજાયેલી તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ, પોલીસ, હોમગાર્ડના જવાનો, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, ગ્રામજનો,તથા વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. મંત્રી શ્રીએ તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. શહેરના માર્ગો તિરંગા યાત્રાએ ફરીને નાગરિકોને ઘર ઘર તિરંગો લહેરાવવા સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે તાલુકાના તાલુકા પંચાયત શ્રી, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, પ્રાંત અધિકારી શ્રી એ.કે.ભાટિયા,નાયબ પોલીસ અધિક્ષક શ્રી પટેલ, મામલતદાર શ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી, સરપંચશ્રીઓ, સંગઠનના કાર્યકર્તાઓ, આગેવાનો સહિત, પોલીસકર્મીઓ, શાળાઓનાં વિદ્યાર્થીઓ, નગરજનો મોટી સંખ્યામાં તિરંગા યાત્રામાં જોડાયા હતા.

## સાપુતારા આવતા પ્રવાસીઓ માટે નવુ નજરાણુ:-માત્ર ₹૧૦૫૦ માં એસી ગાડી માં 'ડાંગ દર્શન ટૂર'નું શાનદાર આયોજન..

ડાંગ | ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત ટૂરિઝમ દ્વારા એક




અદ્ભુત અને સુવિધાસભર 'ડાંગ દર્શન ટૂર'નું આયોજન કરવામાં આવ્યું છે.સાપુતારા ખાતે હાલમાં મોન્સૂન ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. ત્યારે સાપુતારા હોટલ એસોસિએશનના પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ અને સેક્રેટરી તુકારામભાઈના મહત્વપૂર્ણ સૂચન (સજેશન) બાદ ગુજરાત ટૂરિઝમના એમ.ડી.ડૉ વિપિન ગર્ગ દ્વારા પ્રવાસીઓ માટે આ નવુ નજરાણું શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

## વિશ્વ સિંહ દિવસ નિમિત્તે રાજુલા તાલુકાના ભેરાઇ ગામે આવેલા વિશ્વના એકમાત્ર 'સિંહ મંદિર' ખાતે અનોખી ઉજવણી કરાઇ : પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

કિશોર આર. સોલંકી જાફરાબાદ

તમે ભગવાનના મંદિરે તો અનેક જોયા હશે. પરંતુ સિંહનું મંદિર હોય તેવું ક્યાંય જોયું છે. વિશ્વનું એકમાત્ર પહેલું સિંહ મંદિર બન્યું હોય તો તે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામ પાસે આવેલુ છે. આજે ૧૦ ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસ નિમિત્તે સિંહણ સ્મૃતિ સ્મારક



ખાતે વિશ્વ સિંહ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી છે. સિંહો દેશની આન બાન અને શાન છે. વિશ્વનું આ એકમાત્ર સિંહ સ્મારક અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં આવેલ છે. જેમ ભગવાન માટે આસ્થા પ્રેમ અને વિશ્વાસ છે તેમ રાજુલા પંથકમાં પણ લોકો માટે સિંહ પૂજનીય છે. ૧૦ ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં ઉજવણી કરવામાં આવે છે. ત્યારે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામ પાસે આવેલ સિંહણ સ્મૃતિ સ્મારક ખાતે વિશ્વ સિંહ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.

## પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની NCCમાં ભરતી

શ્રી રામજીભાઈ ખેતાભાઈ ચૌધરી આદર્શ સાયન્સ કોલેજ, રાધનપુર ખાતે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે *NCC (નેશનલ કેડેટ કોર્પ્સ)*માં ભરતી પ્રક્રિયા યોજાઈ હતી.આ ભરતી પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. NCC દ્વારા વિદ્યાર્થીઓમાં શિસ્ત, નેતૃત્વ, રાષ્ટ્રપ્રેમ, જવાબદારીની ભાવના તથા વ્યક્તિત્વ વિકાસ જેવા ગુણો વિકસે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં કુલ 22 કેડેટની ભરતી કરવામાં આવી.આ પ્રસંગે કોલેજના સંચાલક મંડળ, આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફ દ્વારા NCCમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ચોકી ગામમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી.

નરેન્દ્ર દવે જૂનાગઢ | ચોકી તા.૧૧ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ અંતર્ગત ચોકી ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા શાળા તથા આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને કૃમિનાશક ગોળીઓ આપવામાં આવી હતી. બાળકોને કૃમિજન્ય રોગોથી સુરક્ષિત રાખવા તેમજ તેમના સ્વાસ્થ્ય અને પોષણમાં સુધારો થાય તે હેતુથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન MPHW, FHW, તથા આશા બહેનો દ્વારા શાળા અને આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લઈ બાળકોને કૃમિનાશક દવા આપવામાં આવી હતી. સાથે જ બાળકો તથા વાલીઓને કૃમિ સંક્રમણથી બચવાના ઉપાયો, સ્વચ્છતા અને આરોગ્ય જાળવણી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ગેરકાયદેસર બાંધકામો સામે રણશિંગુ: કૉંગ્રેસ સમિતિના IT સેલનાં પ્રમુખનાં આમરણ ઉપવાસ શરૂ..

ડાંગ | ડાંગ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં થઈ રહેલા ગેરકાયદેસર અને બિનઅધિકૃત બાંધકામો સામે સ્થાનિક તંત્રની ઢીલી નીતિથી નારાજ થઈને ડાંગ જિલ્લા કૉંગ્રેસ સમિતિનાં આઈ.ટી.સેલનાં પ્રમુખ મનીષભાઈ મારકણાએ આજે કચેરી સામે અનિશ્ચિત મુદતના ભૂખ હડતાળ (ઉપવાસ આંદોલન) નો પ્રારંભ કર્યો છે. તેઓએ કલેક્ટરને આ મુદ્દે અગાઉ 8 દિવસની આખરી મુદત આપવામાં આવી હતી, છતાં સંતોષકારક આકરા પગલા ન ભરાતા આખરે નાછૂટકે અરજદારે આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે.ઘટના અંગે વિગત આપતા કૉંગ્રેસનાં આંદોલનકારી નેતા મનીષ મારકણાએ જણાવ્યું હતું કે, તેમણે ડાંગ જિલ્લામાં ચાલી રહેલા બિનઅધિકૃત અને નિયમવિરુદ્ધના બાંધકામો અંગે 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમમાં તથા લેખિત સ્વરૂપે લેખિત ફરિયાદો નોંધાવી હતી.જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં ૬૩ જેટલાં બિનઅધિકૃત બાંધકામો હોવાનું સામે આવ્યુ હતુ.જોકે, તંત્ર દ્વારા માત્ર નોટિસો આપીને કે પંચાયત ધારાની કલમ ૧૦૪ મુજબ દંડકીય કાર્યવાહી કરીને સંતોષ માની લેવામાં આવ્યો છે, જે તેમને બિલકુલ મંજૂર નથી.

**વિસ્તાર અમર લિમિટેડ**

CIN નં.: L05000GJ1983PLC149135

રજી. ઓફિસ: સર્વે નં. 1943, મંગલકુંજ, રેલ્વે સ્ટેશન રોડ, બાલઆશ્રમ સામે, પોરબંદર, ગુજરાત, ભારત, 360575

ફોન: +91 97231 02201 વેબસાઈટ: www.vistaramar.com ઈમેઈલ ID: roc.shubhra@gmail.com

31 માર્ચ 2026 ના રોજ પુરા થતા ત્રિમાસિક અને વર્ષ માટેના ઓડિટેડ નાણાકીય પરિણામોનું પત્રક

(રકમ લાખમાં)

| ક્રમ નં. | વિગતો | આ તારીખે પુરા થતા ત્રિમાસિક ગાળા માટે | | | આ તારીખે પુરા થતા વર્ષ માટે | |
|---|---|---|---|---|---|---|
| | | ૩૦ જૂન 2026 (અન-ઓડિટેડ) | ૩૧ માર્ચ 2026 (ઓડિટેડ) | ૩૦ જૂન 2025 (અન-ઓડિટેડ) | ૩૦ જૂન 2026 (અન-ઓડિટેડ) | માર્ચ 31, 2026 (ઓડિટેડ) |
| 1 | કામગીરીમાંથી કુલ આવક | 6,336.69 | 5,385.81 | 2,733.22 | 6,336.69 | 15,862.17 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો (કરવેરા, વિશિષ્ટ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં) | 532.63 | 342.41 | 156.43 | 532.63 | 1,259.00 |
| 3 | કરવેરા પહેલાં સમયગાળા માટે ચોખ્ખો નફો (વિશિષ્ટ અને/અથવા અસાધારણ બાબતો પછી) | 532.63 | 342.41 | 156.43 | 532.63 | 1,259.00 |
| 4 | કરવેરા પછી સમયગાળા માટે ચોખ્ખો નફો (વિશિષ્ટ અને/અથવા અસાધારણ બાબતો પછી) | 405.86 | 224.64 | 103.13 | 405.86 | 934.73 |
| 5 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક [સમયગાળા માટેનો નફો/(નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી) સહિત] | 405.86 | 238.18 | 103.13 | 405.86 | 948.27 |
| 6 | ઈક્વિટી શેર મૂડી | 576.00 | 576.00 | 576.00 | 576.00 | 576.00 |
| 7 | પાછલા હિસાબી વર્ષના પાકા સરવૈયા મુજબ પુનઃમૂલ્યાંકન અનામત સિવાયના અનામતો | NA | NA | NA | NA | NA |
| 8 | શેર દીઠ કમાણી (પ્રત્યેક રૂ. 10 / - ના) બેઝિક અને ડાઈલ્યુટેડ | 7.05 | 3.90 | 1.79 | 7.05 | 16.23 |

નોંધ:
ઉપરોક્ત બાબત એ સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ના રેગ્યુલેશન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં દાખલ કરવામાં આવેલા ૩૦ જૂન 2026 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અસંક્ષિપ્ત નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો સાર છે. પરિણામોનું પૂરું ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

સ્થળ: પોરબંદર
તારીખ: 11-08-2026

બોર્ડના આદેશથી
વિસ્તાર અમર લિમિટેડ વતી
મેનેજિંગ ડિરેક્ટર: રાજેશકુમાર પંજારી
DIN: 00261895

**વિસ્તાર અમર લિમિટેડ**

સીઆઈએન નંબર: L05000GJ1983PLC149135
રજિ. ઓફિસ: સર્વે નંબર 1943, મંગલકુંજ, રેલવે સ્ટેશન રોડ, બાલઆશ્રમ સામે, પોરબંદર, ગુજરાત, ભારત, 360575
ટેલિફોન: +91 97231 02201 વેબસાઈટ: www.vistaramar.com
ઈમેઈલ આઈડી: roc.shubhra@gmail.com

**સૂચના**

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે મેસર્સ વિસ્તાર અમર લિમિટેડની 42મી વાર્ષિક સાધારણ સભા ('AGM') વીડિયો કોન્ફરન્સિંગ ('VC') / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ('OAVM') દ્વારા મંગળવાર, 22nd સપ્ટેમ્બર, 2026 ના રોજ બપોરે 03:00 વાગ્યે (IST) એજીએમની સૂચનામાં દર્શાવ્યા મુજબના કામકાજને પાર પાડવા માટે યોજાશે, જે યોગ્ય સમય મોકલવામાં આવશે.

એજીએમનું સ્થળ સર્વે નંબર 1943, મંગલકુંજ, રેલવે સ્ટેશન રોડ, બાલઆશ્રમ સામે, પોરબંદર, ગુજરાત - 360575 ખાતે આવેલી કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ગણવામાં આવશે.

1. કોર્પોરેટ બાબતોના મંત્રાલયે ('MCA') તેના તારીખ 22 સપ્ટેમ્બર, 2025 ના સામાન્ય પરિપત્ર દ્વારા, તારીખ 8 એપ્રિલ, 2020, 13 એપ્રિલ, 2020, 5 મે, 2020, 13 જાન્યુઆરી, 2021, 8 ડિસેમ્બર, 2021, 14 ડિસેમ્બર, 2021, 5 મે, 2022, 28 ડિસેમ્બર, 2022, 25 સપ્ટેમ્બર, 2023 અને 19 સપ્ટેમ્બર, 2024 (સામૂહિક રીતે 'એમસીએ પરિપત્રો' તરીકે ઓળખાય છે) ના પરિપત્રો સાથે વાંચીને અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ('લિસ્ટિંગ રેગ્યુલેશન્સ') એ સભ્યોની સ્થળ પર ભૌતિક હાજરી વિના એજીએમ યોજવાની મંજૂરી આપી છે. આ પરિપત્રોના પાલનમાં, કંપનીની 42મી એજીએમ સ્થળ પર સભ્યોની ભૌતિક હાજરી વિના વીસી / ઓએવીએમ દ્વારા યોજવામાં આવશે. સભ્યો માત્ર વીસી / ઓએવીએમ દ્વારા જ એજીએમમાં હાજરી આપી શકશે અને ભાગ લઈ શકશે. એજીએમમાં જોડાવા માટેની વિગતવાર સૂચનાઓ એજીએમની સૂચનામાં આપવામાં આવી છે. સભ્યો નોંધી શકે છે કે ઉપર જણાવેલ પરિપત્રો મુજબ, નાણાકીય વર્ષ 2025-2026 ના વાર્ષિક અહેવાલ સાથે 42મી એજીએમની સૂચના માત્ર તે સભ્યોને જ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવશે જેમના ઈમેઈલ આઈડી કંપની / ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા છે. વધુમાં, ઉપરોક્ત પરિપત્રો દ્વારા સભ્યોને 42મી એજીએમની સૂચના અને વાર્ષિક અહેવાલની ભૌતિક નકલો મોકલવાની આવશ્યકતાઓ નાબૂદ કરવામાં આવી છે.

ડીમટીરિયલાઈઝ્ડ મોડ, ભૌતિક મોડમાં શેર ધરાવતા સભ્યો માટે અને જેમણે તેમનું ઈમેઈલ સરનામું નોંધાવ્યું નથી તેવા સભ્યો માટે એજીએમમાં હાજરી આપવા અને રિમોટ ઈ-વોટિંગ અને એજીએમ ખાતે ઈ-વોટિંગ દ્વારા મત આપવાની વિગતવાર પ્રક્રિયા અને પદ્ધતિ એજીએમની સૂચનામાં આપવામાં આવી રહી છે.

નાણાકીય વર્ષ 2025-2026 ના વાર્ષિક અહેવાલ સાથે 42મી એજીએમની સૂચના કંપનીની વેબસાઈટ www.vistaramar.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે; અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે www.bseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે અને કંપની દ્વારા નિયુક્ત કરાયેલ આરટીએ (રિમોટ ઈ-વોટિંગ સુવિધા અને એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ પૂરી પાડતી એજન્સી) ની વેબસાઈટ એટલે કે www.evoting.purvashare.com પર પણ પ્રસારિત કરવામાં આવશે.

સભ્યોને વિનંતી છે કે જો તમારું ઈમેઈલ આઈડી અગાઉથી નોંધાયેલું ન હોય, તો વાર્ષિક અહેવાલ મેળવવા અને ઈ-વોટિંગ માટે યુઝર આઈડી / પાસવર્ડ મેળવવા માટે http://www.purvashare.com/email-and-phone-updation/ લિંકનો ઉપયોગ કરીને નોંધણી કરો.

કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 91 અનુસાર, શેર ટ્રાન્સફર રજિસ્ટર બુધવાર 16th સપ્ટેમ્બર, 2026 થી મંગળવાર 22nd સપ્ટેમ્બર, 2026 સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.

ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો અને જેમના નામ કટ-ઓફ તારીખ એટલે કે મંગળવાર 15th સપ્ટેમ્બર, 2026 ના રોજ સભ્યોની રજિસ્ટર્ડ યાદી /લાભાર્થી માલિકોમાં દેખાય છે, તેઓ રિમોટ ઈ-વોટિંગ અથવા એજીએમ ખાતે ઈ-વોટિંગ સુવિધા દ્વારા એજીએમની સૂચનામાં જણાવ્યા મુજબના તમામ કામકાજ પર તેમના મત આપી શકે છે.

રિમોટ ઈ-વોટિંગ સુવિધા 18th સપ્ટેમ્બર, 2026 (શુક્રવાર) ના રોજ સવારે 03:00 વાગ્યે (IST) શરૂ થશે અને 21st સપ્ટેમ્બર, 2026 (સોમવાર) ના રોજ સાંજે 05:00 વાગ્યે (IST) સમાપ્ત થશે. ઉક્ત તારીખ અને સમય પછી રિમોટ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત કંપની એજીએમ દરમિયાન મત આપવા માટે ઈ-વોટિંગ સિસ્ટમ પૂરી પાડશે.

જો તમને પૂર્વા ઈ-વોટિંગ સિસ્ટમમાંથી એજીએમમાં હાજરી આપવા અને ઈ-વોટિંગ કરવા અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે evoting@purvashare.com પર ઈમેઈલ મોકલી શકો છો અથવા 022-49614132 અને 022-49700138 પર સંપર્ક કરી શકો છો.

ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાની સુવિધા સાથે જોડાયેલી તમામ ફરિયાદો સુશ્રી દીપાલી ધુરી, પાલન અધિકારી, પૂર્વા શેરગિ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, યુનિટ નંબર 9, શિવ શક્તિ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, જે. આર. બોરિચા માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ - 400011 ને સંબોધિત કરી શકાય છે અથવા evoting@purvashare.com પર ઈમેઈલ મોકલી શકાય છે અથવા 022-022-49614132 અને 022-31998810 પર સંપર્ક કરી શકાય છે.

જે સભ્યોએ તેમનું ઈમેઈલ આઈડી અને/અથવા બેંક વિગતો નોંધાવી નથી તેમને નીચે આપેલી પ્રક્રિયા અનુસરીને તેની નોંધણી કરવા વિનંતી છે:

i) ભૌતિક શેરધારકો માટે - કૃપા કરીને તમારા ફોલિયો નંબર, સંપૂર્ણ સરનામું, નોંધણી કરાવવાનું ઈમેઈલ સરનામું દર્શાવતા સહી કરેલા વિનંતી પત્રની સ્કેન કરેલી નકલી સાથે પાન કાર્ડની સ્કેન કરેલી સ્વ-પ્રમાણિત નકલ અને સભ્યના નોંધાયેલા સરનામાને સમર્થન આપતો કોઈપણ દસ્તાવેજ (જેવા કે ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ, બેંક સ્ટેટમેન્ટ, આધાર) કંપની / આરટીએના ઈમેઈલ આઈડી પર ઈમેઈલ દ્વારા મોકલો.

ii) ડીમેટ શેરધારકો માટે - કૃપા કરીને તમારા સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (DP) સાથે તમારું ઈમેઈલ આઈડી અને મોબાઈલ નંબર અપડેટ કરો.

iii) વ્યક્તિગત ડીમેટ શેરધારકો માટે - કૃપા કરીને તમારા સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (DP) સાથે તમારું ઈમેઈલ આઈડી અને મોબાઈલ નંબર અપડેટ કરો જે ઈ-વોટિંગ કરતી વખતે અને ડિપોઝિટરી દ્વારા વર્ચ્યુઅલ મીટિંગ્સમાં જોડાતી વખતે ફરજિયાત છે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી**
**વિસ્તાર અમર લિમિટેડ માટે**
**Sd/-**
**પૂનમ મોર**
**કંપની સેક્રેટરી અને પાલન અધિકારી**

**સ્થળ: પોરબંદર**
**તારીખ: 12-08-2026**

સિટી એક્સપ્રેસ

WEDNESDAY 12 AUGUST-2026

AHMEDABAD


## શીલજની આનંદ નિકેતન સ્કૂલે આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળ્યો

અમદાવાદ | અમદાવાદના શીલજની આનંદ નિકેતન સ્કૂલ વિવાદમાં આવી છે. વિદ્યાર્થીને આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળ્યો હોવાના વાલીઓએ આક્ષેપ લગાવ્યો છે. VHP અને વાલીઓએ સ્કૂલમાં હોબાળો કરી વિરોધ કર્યો છે. તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને પણ ફરિયાદ કરવામાં આવી છે. આ સાથે જ સ્કૂલના આચાર્ય, કેન્ટીનની જવાબદારી સંભાળતા કર્મચારીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર જવાબદારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાને સૂચના આપી છે.

## શહેરામાં સાડા પાંચ ઈંચથી જળબંબાકાર, સુવા ગામ સંપર્ક વિહોણું

અમદાવાદ | સવારના 6થી 02 વાગ્યા સુધીમાં 89 તાલુકામાં સૌથી વધુ પંચમહાલના શહેરામાં સાડા પાંચ અને મહીસાગરના કોઠંબામાં સવા પાંચ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સુવા ગામ પૂરના પાણીથી સંપર્ક વિહોણું થયું છે અને આઠ જેટલા મકાનો ડૂબતા 30 જેટલા લોકોનું રેસ્ક્યૂ કરાયું હતું. અન્ય 10 તાલુકામાં 1 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે.મહીસાગર જિલ્લાના લુણાવાડા, વીરપુર અને બાલાસિનોરમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે નદી-નાળાઓ ઓવરફ્લો થતાં જનજીવન ભારે પ્રભાવિત થયું છે.



**ગુજરાત વિકાસ ગાથા...** ખેતરો અને કોતરોથી લઈને વર્લ્ડ ક્લાસ ફાઈનાન્સિયલ હબ સુધીની ગિફ્ટ સિટીની સફર

# "ગિફ્ટ સિટી દેશના ફાઈનાન્સિયલ સેક્ટરને ગ્લોબલ બનાવવાનું સશક્ત માધ્યમ"

**ખેતરો અને કોતરોથી લઈને વર્લ્ડ ક્લાસ ફાઈનાન્સિયલ હબ સુધીની ગિફ્ટ સિટીની સફર**

(એજન્સી) અમદાવાદ | તા.11

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ છે કે, ગિફ્ટ સિટી દેશના ફાયનાન્સિયલ સેક્ટરને ગ્લોબલ બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનનું સશક્ત માધ્યમ બન્યું છે. ભારત આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક સત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ગિફ્ટ સિટીમાં કાર્યરત દેશનું એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર (IFSCA) અને બુલિયન એક્સચેન્જ આ વિકાસને નવું બળ પૂરું પાડી રહ્યા છે. બેન્કિંગ, ઈન્શ્યોરન્સ, એસેટ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ સર્વિસ, ફંડ મેનેજમેન્ટ, ફિનટેક, એરક્રાફ્ટ અને શિપ લીઝિંગ જેવા વૈવિધ્યસભર ક્ષેત્રોમાં ગિફ્ટ સિટી સતત પોતાની ક્ષિતિજો વિસ્તારતું રહ્યું છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.




### ગ્લોબલ કનેક્ટ ગિફ્ટ સિટી એડિશનનું શાનદાર આયોજન સંપન્ન

મુખ્યમંત્રીશ્રી ગિફ્ટ સિટીમાં HSBC અને NDTVના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી ગોબલ કનેક્ટ ગિફ્ટ સિટી એડિશનના પ્રારંભ અવસરે સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, એક સમયે જે સ્થળે માત્ર ખેતરો અને સાબરમતી નદીના કોતરો હતાં, ત્યાં આજે વર્લ્ડ ક્લાસ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ્સ કાર્યરત થઈ રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમય કરતાં બે કદમ આગળ વિચારીને તેને અમલમાં મૂકી બતાવે છે, તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ ગિફ્ટ સિટીનું નિર્માણ અને તેનો વિકાસ છે.તેમણે જણાવ્યું કે, ગિફ્ટ સિટીમાં આવનારા ઉદ્યોગો માટે કેન્દ્રીય બજેટમાં ખાસ પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે. ૧૦ વર્ષના ટેક્સ હોલિડેના બદલે હવે ૨૦ વર્ષનો ટેક્સ હોલિડે જાહેર કરાતા રોકાણકારો વધુ ભરોસા અને સુગમતા સાથે ગિફ્ટ સિટીમાં રોકાણ કરી શકશે. બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કટિંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ગુજરાત સરકારે પણ આ વર્ષના બજેટમાં કુલ ૩૯% જેટલી રકમ કેપિટલ એક્સપેન્ડિચર માટે ફાળવી છે.આજના યુગમાં AI માત્ર ટેકનોલોજી પૂરતું સીમિત ન રહેતા બેન્કિંગ, રિસ્ક મેનેજમેન્ટ અને વેલ્થ મેનેજમેન્ટ ક્ષેત્રે પણ મોટો બદલાવ લાવી રહ્યું છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગિફ્ટ સિટી ખાતે શરૂ કરાયેલું 'AI સેન્ટર ઓફ એક્સેલન્સ' નવા સોલ્યુશન્સ, નિષ્ણાતો, વ્યવસાયીઓ અને સ્ટાર્ટઅપ્સને એકસાથે લાવવાનું સશક્ત પ્લેટફોર્મ બન્યું છે.

## માંજલપુરના નવનિર્વાચિત ધારાસભ્ય શ્રી સતીષભાઈ પટેલે વિધાનસભાના સભ્ય તરીકે શપથ લીધા



ગુજરાત વિધાનસભાની માંજલપુર બેઠકની તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં વિજેતા બનેલા નવનિર્વાચિત ધારાસભ્ય શ્રી સતીષભાઈ પટેલે આજે ગાંધીનગર ખાતે વિધાનસભાના સભ્ય તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથ વિધિ સમારોહમાં વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ તેમજ વિવિધ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. શપથ ગ્રહણ બાદ ઉપસ્થિત મહાનુભાવોએ શ્રી સતીષભાઈ પટેલને અભિનંદન પાઠવી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

## વડનગરના પ્રવાસન વિકાસમાં રાજ્યના જાહેર સાહસો પણ સહભાગી: GSFC દ્વારા જૂની રિક્ષાઓને અપાયો શહેરના ઐતિહાસિક વારસાનો 'ન્યૂ લુક'

(એજન્સી) અમદાવાદ | તા.11

ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર ધરાવતા વડનગર શહેરને વિશ્વસ્તરીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સતત વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. સરકારના આ ભગીરથ પ્રયાસોમાં હવે રાજ્યના જાહેર સાહસો પણ સક્રિયપણે જોડાતાં પ્રવાસન ક્ષેત્રને નવો વેગ મળી રહ્યો છે. આ જ શ્રેણી અંતર્ગત, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની (GSFC) દ્વારા તેના CSR ફંડમાંથી વડનગરની જૂની ઑટો રિક્ષાઓને શહેરના સમૃદ્ધ ઈતિહાસ અને ઐતિહાસિક ધરોહરની ઝાંખી કરાવતો નવો આકર્ષક લુક આપવાની એક વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી છે. વડનગર હેરિટેજ ઑટો પ્રોજેક્ટમાં રાજ્યના પ્રવાસન વિભાગ અને વાહનવ્યવહાર વિભાગ દ્વારા જરૂરી લોજિસ્ટિક સપોર્ટ પૂરો



પાડવામાં આવી રહ્યો છે. દર વર્ષે વડનગરમાં મોટી સંખ્યામાં દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓ સમક્ષ શહેરની 'યુનિક આઈડેન્ટિટી' ઊભી થાય અને તેમને સ્થાનિક ઐતિહાસિક સ્થળોની સરળતાથી ઝાંખી મળે તે હેતુથી આ માળખાકીય પરિવર્તન કરાઈ રહ્યું છે. વડનગરમાં હાલ ૩૦૦થી વધુ રિક્ષાઓ નોંધાયેલી છે. પ્રવાસીઓને આકર્ષવા અને સ્થાનિક રિક્ષાચાલકોની રોજીરોટીમાં વધારો કરવાના આશયથી એક રિક્ષાના રિટ્રોફિટમેન્ટ પાછળ ૫૦ હજારથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. યોજનાના પ્રથમ તબક્કામાં ૨૧ રિક્ષાચાલકોએ પોતાની દાવેદારી નોંધાવી હતી, જેમના વાહનોનું નવીનીકરણ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. સરકાર અને રાજ્યના જાહેર સાહસના આ સંયુક્ત પ્રયાસનો લાભ વધુમાં વધુ રિક્ષાચાલકો લઈ શકે તે માટે હજુ પણ નોંધણી પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે.

## અમદાવાદ કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ જ દારૂની હેરાફેરીમાં પકડાયો

અમદાવાદ | અમદાવાદ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલની દારૂના હેરાફેરી કેસમાં વસ્ત્રાપુર પોલીસે ધરપકડ કરી છે. થલતેજના જીવનદીપ સર્કલ નજીકથી મળેલા બિનવારસી કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરના કેન મળી કુલ 415 બોટલો જપ્ત કરવામાં આવી હતી. જેમાં કેસની ઊંડાણપૂર્વક તપાસમાં આ કાર અને દારૂ કન્ટ્રોલ રૂમના કોન્સ્ટેબલનો હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. વસ્ત્રાપુર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગત 5 જુલાઈના રોજ થલતેજ જીવનદીપ સર્કલ પાસે આવેલા AMTS બસ સ્ટેન્ડ નજીક એક બિનવારસી કાર પાર્ક કરેલી મળી આવી હતી. પોલીસે તપાસ કરતા કારમાંથી વિવિધ બ્રાન્ડની 313 દારૂની બોટલો અને 102 બિયરના કેન મળી કુલ 1.01 લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર સહિત કુલ 2.51 લાખનો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## ગુજરાતની મેડિકલ કોલેજો બની રેગિંગની 'હોટસ્પોટ'

સુરત | સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત સરકારી મેડિકલ કોલેજના બોયઝ પી.જી હોસ્ટેલમાં 29 વર્ષીય રેસિડન્ટ ડોક્ટર દ્વારા ફાંસો ખાઈ આપઘાત કરવાના બનાવમાં રેગિંગ જવાબદાર હોવાનું બહાર આવતા ચકચાર મચી છે. રાજ્યના આરોગ્ય મંત્રીના શહેરમાં રેગિંગની ઘટનાને પગલે 24 કલાકમાં તપાસ પૂર્ણ કરીને ચાર સિનિયર રેસિડન્ટ ડોક્ટરને 6 મહિના માટે હોસ્પિટલ, હોસ્ટેલ સહિત તમામ પ્રવૃત્તિમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે માઈક્રો બાયોલોજી વિભાગના વડા સહિત ચાર ફેકલ્ટીને શો કોઝ નોટિસ ફટકારવામાં આવી છે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા હિંમતનગર-ખેડબ્રહ્મા રેલખંડનું નિરીક્ષણ

(એજન્સી) અમદાવાદ | તા.11

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા આજે તા. 11.08.2026ના રોજ અમદાવાદ મંડળના હિંમતનગર-ખેડબ્રહ્મા રેલખંડનું નિરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમિયાન અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નિરીક્ષણ દરમિયાન મહાપ્રબંધકે રેલ પરિચાલનની સુરક્ષા, યાત્રી સુવિધાઓ, રેલવેની સંપત્તિઓની જાળવણી તેમજ વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી.મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે હિંમતનગર રેલવે સ્ટેશન પહોંચ્યા ત્યારે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા તેમનું આત્મીય સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મહાપ્રબંધક અને મંડળ રેલ પ્રબંધકે હિંમતનગરથી ખેડબ્રહ્મા રેલવે સ્ટેશન સુધી વિન્ડો ટ્રેલિંગ દ્વારા રેલખંડનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, પોઈન્ટ્સ અને ક્રોસિંગ્સ સહિત વિવિધ માળખાગત સુવિધાઓનું વિગતવાર અવલોકન કર્યું. તેમણે રેલપથની સ્થિતિ, પરિચાલન કાર્યક્ષમતા તેમજ સંરક્ષા માપદંડોનું મૂલ્યાંકન કરીને સંબંધિત અધિકારીઓને સંરક્ષા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે જરૂરી સૂચનાઓ આપી. સાથે જ, રેલખંડ પર યાત્રી સુવિધાઓ તેમજ સુરક્ષિત અને સુચારુ રેલ પરિચાલન માટે જરૂરી વ્યવસ્થાઓની પણ સમીક્ષા રવામાં આવી.ખેડબ્રહ્મા રેલવે સ્ટેશન પહોંચ્યા બાદ મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે સ્ટેશનનું વિગતવાર નિરીક્ષણ કર્યું. આ દરમિયાન સ્ટેશન પરિસર, યાત્રી સુવિધાઓ, પ્લેટફોર્મ, સ્વચ્છતા, પરિચાલન વ્યવસ્થા તેમજ યાત્રીઓની સુવિધા માટે ઉપલબ્ધ વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી.ત્યારબાદ મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે ખેડબ્રહ્મા સ્ટેશન ખાતે તિરંગા યાત્રામાં સહભાગી થયા. તિરંગા યાત્રા દ્વારા રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રીય એકતા અને દેશ પ્રત્યે સમર્પણનો સંદેશ આપવામાં આવ્યો. આ પ્રસંગે ઉપસ્થિત રેલવે અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી. મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા ધરોઈ પર્યટન વિકાસ પરિયોજનાના સંદર્ભમાં રાજ્ય પ્રશાસન તેમજ ઉત્તર પશ્ચિમ રેલવે (NWR)ના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી. બેઠક દરમિયાન વિસ્તારમાં પર્યટનના વિકાસ, રેલવે કનેક્ટિવિટી તેમજ સંબંધિત માળખાગત સુવિધાઓના સંકલિત વિકાસ સાથે સંકળાયેલા વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવી.આ સાથે જ ખેડબ્રહ્મા-અંબાજી નવી રેલવે લાઈનના ફાઈનલ લોકેશન સર્વે (FLS) સંબંધિત કામગીરી તેમજ પ્રસ્તાવિત રેલવે કનેક્ટિવિટીના સંબંધમાં રાજ્ય પ્રશાસન અને સંબંધિત અધિકારીઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી. મહાપ્રબંધકે પરિયોજના સાથે સંકળાયેલા વિવિધ તકનીકી અને વહીવટી પાસાઓની માહિતી મેળવી તથા જરૂરી સંકલન સાથે કામગીરીને આગળ વધારવા પર ભાર મૂક્યો.મહાપ્રબંધકે વિજાપુર ખાતે સ્થાનિક વેપારીઓ અને હિતધારકો સાથે બેઠક પણ યોજી. બેઠક દરમિયાન રેલવે સંબંધિત સ્થાનિક જરૂરિયાતો, વેપારી પ્રવૃત્તિઓ, માલ પરિવહન તેમજ મુસાફરોની સુવિધાઓ સાથે સંકળાયેલા વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી. મહાપ્રબંધકે સ્થાનિક વેપારીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા સૂચનો અને મુદ્દાઓને ધ્યાનપૂર્વક સાંભળ્યા તથા સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી અને સંકલન માટે સૂચનાઓ આપી.











દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...